


લાવણ્ય
ફોટો: એચ. કે. દારૂખાનાવાલા, એ. આર. પી. એસ
અમદાવાદના 'અખિલ હિંદ ફોટો પ્રદર્શન'માં પ્રશંસાપત્ર
પામેલું ચિત્ર

કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક

તંત્રી · રવિશંકર રાવળ   સંપાદક · બચુભાઈ રાવત

૧૯૭

પ્રક્રમ

આ અંકને પહેલે પાને આવેલ 'એથી કયી ધન્યતા'માં નૈરાશ્યના સામનાની નવી સૂઝ પામી આગળ વધશો એટલે આજની વિષમતાઓ વચ્ચે શ્રેયોમાર્ગનો નિર્દેશ કરતી લઘુ કંડિકા પર તમારી નજર ઠરશે. અને એથી આગળ વધશો તો વર્ષોના તમારા પરોક્ષ દોસ્ત શ્રી ઉમાશંકર જોષીના પ્રત્યક્ષ જીવનની પિછાન આવી પહોંચશે. ગુજરાત રણજીતરામ સુવર્ણચન્દ્રક વડે એમના યશોજીવનનો અભિષેક આદરે છે ત્યારે એમની સળંગ વાઙ્‌મયપ્રવૃત્તિના એક નિકટના સાક્ષીની કલમે નિરૂપાએલો તેમના જીવનકવનનો ઉદ્‌બોધ તમને આકર્ષ્યા વિના નહિ રહે. 'સીઝરનું વેર' તો શિકારી જીવનના રંગોલ્લાસમાં તમને તરબોળ બનાવી મૂકશે. એને માત્ર પ્રાણીકથા કહેવા કરતાં શિકારી જીવનનું માનચિત્ર જ કહી શકાય. કાકાસાહેબ કાલેલકર આ વખતે 'મનોમંથન'માં પોતાના કૉલેજજીવન વેળા 'શઠં પ્રતિ શાઠ્યમ્' આચરેલા એક પ્રસંગનું રમણ આલેખે છે. 'ભૂતકાળની શોધમાં' હજુ ઘણું યે આગળ વધવાનું છે, પણ પ્રત્યેક હપતાનું એનું એક એક પગલું એવી અવનવીન અને રસમય માહિતી પૂરી પાડે છે કે તમને એ બાળા ઉત્સુકતા જ પ્રેરતી રહે છે. આ વખતે ગુજરાતના તળપદા સ્થાપત્યનો તેમાં આલેખાએલો ક્રમવિકાસ એક નવા જ પ્રકારે ગુજરાતની મહત્તા પ્રસ્થાપિત કરે છે. 'મરાઠાઓનો અસ્તોદય' પણ તમને ભૂતકાળનું જ દર્શન આપે છે, પણ એ દર્શન પાછું ભાવિને માટે અમૂલ્ય પાથેય પણ પૂરું પાડે છે; જ્યારે 'ઉત્તર ગુજરાતના લોકદર્શન'માં તમને આપણાં ગામડાંના પ્રજાવર્ગનાં સાચાં અને નિખાલસ દર્શન મળે છે. હવે વધુ લંબાણ ન કરતાં આ પ્રક્રમમાં ન ઉલ્લેખાએલી વાનીઓનો અનુક્રમ તમારા પર જ છોડી દઇએ, તો પણ તેનો સારભાગ તો તમે આપમેળે પામી લેશો એટલી અમોને શ્રદ્ધા છે જ. અને એમાંની કોઇ વાની આ વાનીઓથી ઊતરતી નથી એની પણ ખાતરી આપીએ છીએ.

કુમાર

મે ૧૯૪૦

અંક ૧૯૭

ચિત્રો

કાવ્ય

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

મુદ્રક - બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક - રવિશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક રૂા. ૬, બ્રહ્મદેશના રૂા. ૬॥, પરદેશના ૧૨ શિ. છુટક દશ આના: મુંબાઇના ખાસ કૅન્વાસિંગ એજન્ટ અને જાહેરખબરના સોલ એજન્ટ શિશુસાહિત્ય ભંડાર પ્રિન્સેસ સ્ટ્રીટ; બીજા એજન્ટો: આર. આર. શેઠની કં. અને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ

એથી કયી ધન્યતા?

· શાર્દૂલવિક્રીડિત ·

મેલાવ્યું છ સુકાન બેફિકર મેં આજે મહાંભોધિના
લાહોલા જળમાં ઝનૂનભર, રે મોજાં! ઝપાટે લઈ
ઝીંકો જોર તમામ બેરહમ થૈ પૂરા કરો ઓરતા,
ના છે આજ લગીર યે ભય, ભલે ચૂરો થતાં પાટિયાં.


રાખું કાં ભય? જિંદગીની સફરે જ્યાં સાવ સૂનો પડ્યો,
આરો ઊગરવા તણો ન દિસતો, લાચાર ધ્રુવે થયો,
મોરો શૂન્યમનસ્ક, ધામણ ઢળી, બ્હીલું સુકાને પડ્યું,
સાનુકૂળ જુવાળ ને પવનનો વિશ્વાસ વંઠી ગયો;–
તો કાં ફોકટ રે પટાવી મનને કંઠાર ઝંખ્યા કરું?
ના કાં મર્દ મુકાબલે રહું? વધુ જામે ભલે મામલો.

રે, તું આજ નસીબદાર અદકું ઓ મોત! કાં કે તને
કોઈની ન રુરુદિષા પજવશે, નિઃશ્વાસ ના કોઈના;
ને મારૂં ય નસીબ ના કમ ગણું: તું શા મહાયોધથી
સામે મોર ઝઝૂમતાં ગત થવું એથી કયી ધન્યતા?

અશોક હર્ષ



ઘ. જગતના વિંગતાઓને કારણે ઉદ્‌ભવેલી નિરાશા રોતલવેડાને બદલે પૌરુષભર્યા ઝનૂનમાં પરિણમતી હમણાંના કવિતાલેખકોમાં આપણે જોઈએ છીએ તેનું વધુ ઉદાહરણ. 'જિંદગીની સફરમાં સાવ સૂનો પડ્યો છું, ધામણ ઢળી પડી છે, સુકાન બ્હીલું પડ્યું છે, સાનુકૂળ જુવાળ અને પવન પર રાખેલો વિશ્વાસ ઓસરી ગયો છે, અરે નિત્યનો માર્ગદર્શક ધ્રુવ પણ લાચાર થયો લાગે છે, તો પછી હવે કાંઠાની ફોકટ ઝંખના શા માટે કર્યા કરવી? એના કરતાં તો મર્દ બનીને મુકાબલો કાં ન કરું?' એમ ચિંતવી કવિ જીવનમહાસાગરના લાહોલા જળમાં ઝનૂનભર સુકાન છુટ્ટું મૂકી દે છે ને મુશ્કેલીઓ રૂપી મોજાંને પડકાર દે છે. સૉનેટની છેલ્લી ચાર લીટીમાં વળાંક લઈ, ભાવની પરાકાષ્ઠા લાવતાં મૃત્યુને અનુરોધે છે કે, તું યે નસીબદાર, કે કોઈ રોતલના નીસાસાને બદલે તને જુદા જ પ્રકારનો સામનો આજ થશે; અને હું યે નસીબદાર કે તારા જેવા મહાયોધ સાથે સામે મોંએ ઝઝૂમતાં ખપી જવાનું અહોભાગ્ય સાંપડશે. એથી વધુ ધન્યતા કઈ?



કારકીર્દિ—ભયંકર કે ભવ્ય?

હમી મેએ બ્રિટનમાં જેટલા તરુણો ૧૯મું વર્ષ પૂરૂં કરતા હોય તેમણે તેમજ ૩૭ વર્ષની અંદરના હોય તે બધા પ્રજાજનોએ યુદ્ધમાં સામેલ થવા તૈયાર રહેવાનું છે એવો ઢંઢેરો ખુદ રાજાજ્ઞાથી બહાર પડ્યો છે. દેશની પ્રતિષ્ઠા અને સલામતી જોખમમાં હોય તે વખતે બીજો વિચાર જ શો થાય? જિંદગીનાં અનેકવિધ સ્વપ્નાં અને આદર્શો સેવતા, જ્ઞાન-વિજ્ઞાન કળા કે સાહિત્ય, વેપાર કે ઉદ્યોગના સંચાલકો થવાની આશા સેવતા લાખો તરુણો કોઇપણ અનિશ્ચિત દિવસે કે પળે મૃત્યુનો સામનો કરવા કટિબદ્ધ થાય ત્યારે દેશની સંસ્કૃતિ અને સમાજમાં કેટલી ઉથલ-પાથલની શક્યતાઓ છે? ઘણાઓને વિચાર આવતો હશે કે આ જગતમાં આમ ને આમ યુદ્ધનાં તાંડવો ચાલ્યાં કરે તો સંસ્કાર, અભ્યાસ અને કળાનાં સર્જનોના શા અર્થ રહ્યા? ઇતિહાસની આબરૂ શી રહી? છતાં આશ્ચર્ય એ છે કે મહાન યુદ્ધપ્રસંગોએ જ માનવીની ગુપ્ત રહેલી સહિષ્ણુતા, યાહોમ તત્પરતા અને વીરશ્રીને ઉછાળી છે. પૃથ્વીના પટ ઉપર જીવતા રહેવાને મનુષ્યમાં જે તાકાત અને સહનશક્તિની જરૂર છે તેનો હિસાબ આવાં યુદ્ધો વખતે જ દેખાય છે.

અને અહીં? લગ્નના વરઘોડામાં ડોલતી, તથા નાતનાં પત્રાળાં ખૂંદતી પ્રજાના પુત્રો સાધારણ જનસેવાનાં કાર્યોમાં પણ કેટલી પાછેહઠ બતાવે છે? પોતાના જ ઘરની કે સમાજની જાગૃતિની તમન્ના તથા જીવનસંગ્રામમાં તેને આગળ ધપાવવાની ધગશ કેટલા નાતકારભારીઓમાં દેખાય છે? એકએકથી ભાગતા, એકએકને ફસાવતા-લૂંટતા ધંધાર્થીઓને આટઆટલાં વર્ષોથી પરદેશનાં સાંસ્કૃતિક અને આર્થિક આક્રમણો સામે એકે વટહુકમ પાળવાનો વિચાર આવ્યો છે? કેળવણી અને જ્ઞાનની દુકાનો સાચવતા પ્રિન્સિપાલો અને હેડમાસ્તરોને એટલી પણ લાગણી થઇ છે કે હજારો વિદ્યાર્થીઓના હાથમાં પરદેશી ચોપડીઓ અને શિક્ષણનો સરંજામ મૂકતાં પહેલાં તેનું એક કારખાનું તો અવશ્ય હાથમાં લેઇએ. આપણી નજર સામે યુરોપ અમેરિકાની બુક ક્લબો અને પ્રકાશક સંસ્થાઓ આપણને સંસ્કાર આપવાને આપણી અબજાઇઓ લલચાવનારી સસ્તી કિંમતે ભરી દે છે. એ પુસ્તકો અને એ સરંજામનાં વ્યાજ પણ ઉપજાવવાં મુશ્કેલ છે એટલી હદે આપણે આપણા દારિદ્ર્યમાં યે ખરીદી કર્યે રાખીએ છીએ, છતાં કોઈ સ્થળે થી ચેતવણીનો સૂર ઊઠ્યો છે ખરો?

જર્મની નોર્વેમાં ઊતર્યું એ ખબરે બ્રિટન અને ફ્રાન્સની ઊંઘ ઉડાડી નાખી અને એકેએક જીવતા બ્રિટન કે ફ્રેન્ચ-મૅને એ હુમલા સામે ટક્કર લેવા જીવનના સર્વ અભિલાષો, કારકીર્દિઓ અને સ્વાર્થોને ફૂંકી દીધા. એવે વખતે હિંદુસ્તાન ફક્ત સાદા જીવન અને સ્વાશ્રયના પાઠો સહ્જ-વન કરવામાં યે ઢીલું ઢબ દેખાય એ મુદ્દાંથી યે ખરાબ હાલત છે. આપણને પરદેશના પરિચયે તેમની જે જે ચીજો વાપરવાની કુટેવો પાડી છે તે છોડવાને પણ આપણે અશક્ત દેખાઇએ છીએ. જેમાં આપણું હિત અને સ્વાર્થ છે તેમાં આપણા યુરોપી આચાર્યો કશો જ પ્રબોધ કરવાના નથી. આપણે જ વસ્તુસ્થિતિ સમજી લેવી જોઇએ.

ગુજરાતના કવિવર નાનાલાલની પચાસમી લગ્નતિથિ તરીકે આ વૈશાખ સુદ પાંચમે ઉજવાએલા તેમના દામ્પત્ય-સુવર્ણમહોત્સવ પ્રસંગે તેમને તથા તેમનાં પત્ની અ. સૌ. શ્રીમતી માણેકબ્હેનને અમારાં અભિનંદન છે.

અમેરિકા તો યુરોપના મુકાબલે સંપૂર્ણ સજ્જ અને સશક્ત છે, છતાં ત્યાંના યુવાનો આજે એટલો વિચાર કરવા લાગ્યા છે કે માણસમાત્ર પોતાની ભોજન સામગ્રીમાં થતો બગાડ જ જો અટકાવી શકે તો યે દેશની મોટી સેવા કરી ગણાશે. હિંદુસ્તાનની ઉદારતાના બંડખાંઓ આમાંથી કંઇ શીખશે? તમે કોઇને આપી ન શકો, તમે કંઇ બનાવી ન શકો, પણ તમે ન જોઇતું બગાડવાનું તો અટકાવી શકો છો. પ્રત્યેક માણસ આટલી જ નાની વાતનો અર્થ સમજી શકે તો તે દેશના આર્થિક યુદ્ધમાં પોતાનો ફાળો જરૂર આપી રહ્યાં ગણાય.

સ્ટીમરમાંથી ઊતરતા માલ પર ટાંપી બેઠેલા એજંટો ને વેપારીઓ! કારખાનાં, ઑફિસો અને શાળાઓ ચલાવતા યુરોપના ગુપ્ત દલાલ જેવા અધિકારીઓ! તમારાં પ્રાયશ્ચિત્તનો આ સમય ઓળખી લો અને કાગળની એક ખબરખીથી માંડી તમારા મેળાવડાઓ સુધીનાં ખર્ચોમાં કાપકૂપ અને વ્યયનિવારણ કરો; કારણ કે આજે જગતમાં યુદ્ધ-દારિદ્ર્ય અને બેકારીનાં જે નગારાં ગડગડે છે તેની સામે બાળકથી વૃદ્ધ પર્યંતના હિંદી જનોએ કેડ કસવાની છે. ક.મ.શા.

આધુનિક ગુજરાતના એક અભિજાત કવિ

'બેટા, દેશાવર ભલે ખેડ, પણ આપણી ઝૂંપડી ભૂલીશ મા: ઊગમણે બારણે આપણું ઘર છે.' આંખમાં આંસુ સાથે ઉચ્ચારાએલાં માતાનાં આ છેલ્લાં વિદાયવેણને અંતરમાં કોતરીને, ઈ. સ. ૧૯૨૦ના ઉનાળાની એક સાંજે દસ વરસનો એક ગભરુ કુમાર ઉત્તર ગુજરાતના એક નાનકડા ગામની ભાગોળ છોડે છે. ઊંટ પર બેસી ભાગોળના ડુંગરો ઓળંગતાં ઓળંગતાં એ વાક્યોને વાગોળે છે અને અંતરમાં ઘૂંટે છે. દસ વરસના કૂંપળ-ફૂટતા કૌમારે મળેલા આ આંસુભર્યા ઉપદેશ—'ઊગમણે બારણે' શબ્દોનો મર્મ, એના સમસ્ત જીવનનું ભાથું બની રહે છે.

કુદરતની મંડપથી મઢેલા પોતાના નાનકડા ગામની ડુંગરાળ ભાગોળો છોડી એ ઈડરના છાત્રાલયમાં આગળ અભ્યાસ માટે આવે છે. 'ઘરનો ઉંબરો છાંડ્યો એટલે કૂવાનો દેડકો મટી જાણે છાત્રાલયની પહોળી દુનિયામાં એ ફંગોળાય છે. કેળવણીની દુકાનો સરખા હાઈ-સ્કૂલોના ગોદામ જેવા એ છાત્રાલયમાં ગાળેલાં છ વરસમાં કોઈ ગૂઢ ગ્રહણશક્તિથી એ દુનિયાના મોંઘા અનુભવ' મેળવવા પામે છે.

બીજાં ચૌદ વરસ વીતી જાય છે. ૧૯૩૦–૩૨માં દેશમાં આવેલી જાગૃતિના જુવાળે ચડીને, એ ભરતીનાં મોજાં સાથે અનેક દિશાઓમાં ફેંકાતો એ (હવે તરુણ થયો છે)૧૯૩૪માં મુંબાઈમાં ખેંચાઈ આવે છે—અંતરમાં એવી જ આકાંક્ષાઓની ચડતી ભરતી સાથે. કોડભર્યા એના અંતરમાં હવે કવિતા કોળી ને ફાલી છે. મલબાર હિલ પરથી એક ફૂટતી સવારે એ 'સુરભિવેષ્ટિત પૂર્વ-દેશે' સળવળતા મનોહર મુંબાઈનું દર્શન કરે છે અને એના અંતરમાંથી ઉદ્ગાર સરી પડે છે:

આ ભૂમિનો બનીશ એક દિ હું વિજેતા.

... ...

અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાએ ૧૯૩૯ના વર્ષનો 'રણજિતરામ સુવર્ણચન્દ્રક' જેમને આપવાનો ગયા



સ્કેચ · ર. મ. રાવળ

ઉમાશંકર જોષી

★

માસમાં નિર્ણય કર્યો છે એ આપણા અગ્રણી યુવાન કવિ શ્રી ઉમાશંકર જોષીના જીવનને ઉઠાવ આપનારાં અનેકમાંનાં બે પ્રસંગચિત્રો ઉપર મૂક્યાં છે. ૧૯૩૫માં કડી મુકામે ભરાએલા છાત્રસંમેલનના પ્રમુખપદેથી આપેલા પોતાના ભાષણમાં, આમાંના પહેલા ચિત્રનું જે છાયાલેખન એમણે ઉતાર્યું છે એની પાછળ એમના કુમારજીવનના ઘડતરકાળની કથા ડોકિયાં કરે છે. પોતે લખવા ધારેલી એ સમયની નવલકથામાંથી. એ જ્યારે બહાર પડશે ત્યારે, આપણા કુમાર-કિશોરોને માર્ગદર્શક પ્રેરણા અને રસવસના અનુભવોની મબલખ સામગ્રી જીવનભરના પાથેય તરીકે મળી રહેશે, એટલો પ્રચુર એમનો એ કૌમારકાળ વીત્યો છે.

'નાની મારવાડ' નામથી ઓળખાતા ઈડર રાજ્યના બામણા નામના નાનકડા ગામમાં સંવત ૧૯૬૭ના અષાઢ વદ ૧૦ (તા. ૨૧મી જુલાઈ ૧૯૧૧)ના રોજ એમનો જન્મ થયો. સાત ભાંડુમાં, પાંચ ભાઈઓમાંના એ બીજા. ઈડર પ્રદેશમાં લોકયાત્રાના જાણીતા ધામ

તરીકે પંકાએલા શામળાજી તરફથી એમના પિતાશ્રી દેશાલાલ જોષી બામણા આવી વસેલા. મોટે ભાગે એ બાજુની જ જાગીરોમાં એ કારભારી તરીકેની નોકરી કરતા, એટલે શામળાજીના રળીઆમણા પ્રદેશનો બાળપણમાં એમને ખૂબ પરિચય થયો અને ત્યાંના મનોહર નિસર્ગના એ ઘનિષ્ઠ સંબંધે એમના જીવનની કવિતાની બાંય બાંધવામાં મોટો ફાળો પૂર્યો. ડુંગરોથી વીંટાએલું ને કમળોથી ભરેલું શામળાજીનું દિલચસ્પ કરમા તળાવ એમનું બાળપણનું સાથી. ડુંગરધારો પર રમણીય લીલાઓ દાખવતા કેટલા યે સૂર્યોદયો તથા સૂર્યાસ્તો અને સોનારસ જેવાં તપતાં અસંખ્ય બપોરો એ તળાવનાં પાણી જોડે ઉરધબક મેળવીમળવીને એમણે ગાળેલાં. એવો જ બીજો બાળપણનો સાથી તે ત્યાંના ડુંગર સાથે અથડાઇને પૂર્વથી પશ્ચિમ ડુંગરની ધારેધારે વહેતો 'મેશ્વો';—'વહેતી' નહિ પણ 'વહેતો'. જે નદીને ત્યાંની સમસ્ત ભીલ વસ્તી 'એ તો પરુષ–પુરુષ–છે' એમ કહે છે એ મેશ્વોનાં નાનાં પણ ગજરમાન વહેણનાં પાણી જોડે વહેતા બાળપણના દિવસોમાં તેમણે રૂંધપણે કવિતાનો મધુ પોતાના અંતરમાં સંચયા કર્યો.

ગુજરાતી ચાર ધોરણ સુધી એ ગામડાની શાળામાં પ્રાથમિક કેળવણી લઈ ઇ.સ. ૧૯૨૦માં વધુ ભણતર માટે તે બાર ગાઉ છેટે આવેલા ઈડરના છાત્રાલયમાં આવ્યા; અને એ અનિવાર્ય સંજોગોએ, એક રીતે કડવા અને કપરા અનુભવોથી ભરેલા એ જીવનમાં નિશાળના ભણતર કરતાં યે ચડિયાતા એવા બીજા ભણતરનો લાભ એમને આપ્યો. ત્યાં એ કિસમકિસમના વિદ્યાર્થીઓ અને બહારના 'સજ્જનો' સાથે સંપર્કમાં આવ્યા. એમના પોતાના જ શબ્દોમાં કહીએ તો 'દસબાર જિંદગી સુધી વાગોળ્યા કરીએ તો યે ન ખૂટે એટલો ઊંડો આનંદ અને દુનિયાનો મોંઘો અનુભવ' એ થોડાં વરસોમાં ત્યાં રહીને એમણે મેળવ્યો.

પણ દુનિયાના અનુભવની સાથોસાથ જ કુદરતનાં અમી પ્રભુએ ઔત્સુક્યકાળમાં ઓછાં નહોતાં સીંચ્યાં. આપણને આજે મીઠો આસ્વાદ આપનારાં નિસર્ગચિત્રોના જે રમ્ય ગુચ્છ એમની કવિતામાં શોભી રહે છે તેનાં અમૂર્ત ઝરણું એ કાળમાં એમના હૃદયમાં સભર સીંચાયા કર્યાં છે. એ કાળના જીવનની થોડી ઝાંખી એમણે કડીના પોતાના ઉપર્યુક્ત ભાષણમાં આડકતરીરીતે કરાવી છે. ગામની ભાગોળ છોડ્યા બાદ રસ્તાના વળાંક આગળ દૂર ઝાડીમાં એકમેકને દેખતાં અદૃશ્ય થયાં બાદ પણ, વળાવવા આવેલી હોંશભરી બાના "ડાહ્યો થજે, બેટા" એવા અવાજ આવે છે . . . આ બધાં હેત. લાડ, આંસુ. આશાઓ, સઘળું સંભારતો એ વિદ્યાર્થી છાત્રાલય ભણી ડૉકબર્યો ચાલ્યો જાય છે. નથી જોતો શીઆળાની ટાઢ, નથી જોતો ચોમાસાની રેલ. ઉનાળો તપતો હોય છે; નવાનવા ખરીદેલા જોડા સવારના પહોરમાં જ ઉત્સાહથી પહેરતાં ડંખ્યા હોય એટલે રેતી તપે ત્યારે તો હાથમાં ઉપાડીને પગે થનગનતા ચાલવાનું આવ્યું હોય, એવામાં નાનકડી કોઇ લીમડી મળી જાય છે તેની નીચે જઈ થોડો વિસામો લે છે; અર્ધાં અર્ધાં ગવાતા હોલાના ગીતને અનુસારે જળાશય કલ્પીને તે તરફ બપોરા ગાળવા માટે જાય છે; પણ નમતો પહોર થતાં કોયલોને સામો અવાજ કરી ચીડવતાં ચીડવતાં, સાંજ પડતાં તો શંભુ મહારાજની બનાવેલી ભાખરી ખાવા છાત્રાલયમાં હાજર થઇ જાય છે. . . હોળીગાળે કેસુડાંની રંગલીલા માણતાં, ટેકરીઓ ચઢતાં ઊતરતાં, વસંતની મસ્તીનો ફાગ લલકારતાં ઘર તરફ આંટો મારી આવે છે; તો ચોમાસે વળી બાજરીનાં વિશાળ ખેતરો તરી ઊતરી, નદીનાળાં પાર કરી, શ્રાવણના મેળા માણી આવે છે; અને વૅકેશન પૂરી થતાં, મુસાફરીમાં એકાદ ટટ્ટુ હોય તો મિત્રોમાં કયા બે જણ સવાર થાય, કોણ આગળ બેસે ને કોણ પાછળ, કોણ લગામ પકડે ને કોણ સોટી ચમકાવે એના રમૂજી કજિયા ચલાવતા, રસ્તે આંબા પરની શાખો પાડતા, પરબવાળી પાસેથી એક પૈસામાં પાંચ જણ પાણી પીતા, કરોળિયાનાં જાળાં પાંપણોમાં ભરાઈ જાય તેને હટાવતા, કલ્લોલ કરતા છાત્રાલય 'ભણી ચાલ્યા આવે છે.'

જુદીજુદી ઋતુઓમાં ઘેર જવા-આવવાના આવા કષ્ટકર અને છતાં કુદરતના સાન્નિધ્યમાં આનંદ આપનારા નીવડેલા પ્રસંગો વડે માનસ એક બાજુ પુષ્ટ થતું, તો બીજી બાજુ ઈડર પોતે પણ ઓછું રળિયામણું નહોતું. એના રુક્ષ છતાં ગૌરવભર્યા મદાલસા ને જંગેલસા ડુંગરો સાદાઇની પરમ શોભા ધારણ કરે છે. લોકગીતનો 'ઈડરિયો ગઢ' અને ઇતિહાસપ્રસિદ્ધ 'રણમલની ચોકી' ગત ગરિમાની મૂક ગાથા ઉચ્ચારતાં હજી ત્યાં ઊભાં છે. સદ્ભાગ્યે એકબે પ્રકૃતિપ્રેમી શિક્ષકોના નિકટ પરિ-

ઉમાશંકરને

• વસંત •

લૈ ટાંકણું કલમનું કર, ને વરેણ્યા
જે વિશ્વકાવ્યજનની તણી તેં પ્રતિષ્ઠા
સ્થાપી સુચારુ અમ આંગણ, શબ્દશિલ્પી!,
આમંત્રતી પ્રણુતિ સર્વ દિશા થકી એ;
ના વર્તમાન,—મગરૂબ થશે ભવિષ્યે.
ઓ સર્વરૂપી ન તું કાળ! વિલોપજે તે.

સંતમ આ જગતની સમજી તિતીર્ષા
માંડી છે તેં પરમ વિશ્વતૃષા છિપાવા.
પીવાડી તૃપ્ત બનવું તુજ એ મહેચ્છા,
ને દષ્ટિપૂત પથ સાચવતી તિતિક્ષા
નિર્મી રહી છે અહીં અક્ષરમૂર્તિ તારી.
ઊર્ધ્વ પ્રયાણુ હજુ ઊર્ધ્વ વધારતો જા.
ને ઓ વિરાટ બહુ! ઓ અભિજાત દ્રષ્ટા!
વર્ધિષ્ણુ હો ક્ષિતિજ તારી, શતંજીવી થા.

અશોક હર્ષ

પ્રણતિ: પ્રણામ–આદર; તિતીર્ષા: મુક્તિની વાંછા–તરવા; તિતિક્ષા: જાગૃત સહનશક્તિ; દષ્ટિપૂત: આંખ વડે પવિત્ર કરેલું–તપાસી લીધેલું; અભિજાત: શ્રેષ્ઠ–શિષ્ટ; વર્ધિષ્ણુ: વધતી જતી–સમૃદ્ધ થતી જતી.

ગયમાં એ ત્યાં આવ્યા અને તેને લીધે ઇડર આસપાસના એ ભૂતભવ્ય અને પ્રકૃતિપ્રસન્ન પ્રદેશના ડુંગરાઓ ખૂંદીને તેનો કાંકરે કાંકરો ગણવાનો લહાવો મળેલો.

આમ, કુદરત અને મનુષ્યોમાંથી દુનિયાને ખબર પણ ન પડે તેમ, અખૂટ આનંદ–ઉલ્લાસ પાને કુમાર-જીવન સમૃદ્ધ થતું જતું હતું ને અજ્ઞાનપણે કવિતાનાં બી અંતરમાં વેરાયે જતાં હતાં; પણ એને યોગ્ય વારિસિંચન ત્યાં—ઇડરમાં એ કાળે કોણ કરે! અંગ્રેજી ત્રીજા ધોરણમાં એકાદી ગઝલ, એ પછી હરિગીત ને લલિત વગેરે છંદોમાં કવિતાના પહેલા પ્રયત્નો આપમેળે કરેલા; પણ અંગ્રેજી છઠ્ઠા ધોરણ સુધી તો. કવિતામાં લઘુની એક માત્રા ને ગુરની બે એટલું સમજાવનાર પણ કોઇ મળ્યું ન હતું! આંખોળિયાં ભરતું બાળક જે કાંઇ હાથ લાગે તેના ટેકે ઊભા થવા ને ગતિ કરવા મથે તેમ, અંદર રહેલો કવિતાનો અંકુર સ્વપ્રયત્ને જે હાથ લાગ્યું તે ઝાલી ખડા થવા મથતો. અભ્યાસમાં ચાલતા 'સાહિત્યરત્ન'માંનાં કાવ્યોમાં ડાબી બાજુએ આપેલાં છંદનાં નામ આંગળી વડે દબાવી રાખીને, એક મારવાડી વિદ્યાર્થીમિત્રના સાથમાં સામસામા પૂછીને એકબીજાની પરીક્ષા કરતા. ભાંડારકરની સંસ્કૃત ચોપડીને છેડે આપેલી શબ્દમાળામાંથી એકએકને પૂછતા. જેનું ખોટું પડે તેણે પૂછવાનું. અને બનતું એમ, કે બેમાંથી એક જણે જ પૂછ્યા કરવું પડતું.

ઈડરમાં અંગ્રેજી છઠ્ઠું ધોરણ પૂરૂં કરીને મૅટ્રિક માટે તે ઇ.સ. ૧૯૨૭માં અમદાવાદ આવ્યા અને પ્રોપ્રાએટરી હાઇસ્કૂલમાં દાખલ થયા. થોડા જ દિવસમાં એ શાળાના અગ્રણીઓ સ્વ. બલવંતરાય ઠાકોર તથા શ્રી દીવાને આ નવા આગંતુકનું પાણી પરખી લીધું, અને ગામડાના એ ભભરૂ અને શરમાતા છુપાતા કુમારને વિદ્યાર્થીઓના ટોળામાંથી બહાર તારવી કાઢ્યો. તેનો એક નાનો પ્રસંગ સૂચક છે. ડિબેટિંગ સોસાએટી માટે મૅટ્રિક ક્લાસના પ્રતિનિધિઓની ચૂંટણી કરતી હતી. ચાર વર્ગોમાંના **A B** અને **C**માંથી પ્રતિનિધિઓ ચૂંટણી વડે લેવાયા, પણ જ્યાં **D** વર્ગનો વારો આવ્યો કે શ્રી દીવાન બોલી ઊઠ્યા: '**D**માંથી તો જોષી જ આવે—વગર ચૂંટણીએ!' અને 'એવો તે એ જોષી કોણ' એવું કુતૂહલ પામી ચારે તરફ શોધાશોધ કરતી વિદ્યાર્થીઓની આંખો એક અતિ નાનકડા લાગતા મુગ્ધ કુમારને જોઇ આશ્ચર્યથી વિસ્ફારિત થઇ ગઇ!

'આખી યુનિવર્સિટીમાં નહિ તો અમદાવાદમાં તો તું મૅટ્રિકમાં પહેલો જ આવવાનો' એવા, દઢ વિશ્વાસભેર બોલાએલા શ્રી દીવાનના મમતાભર્યા શબ્દો, ઈ. ૧૯૨૭નું મૅટ્રિકનું પરિણામ બહાર પડ્યું ત્યારે સાચા નીવડ્યા અને ઉમાશંકર આખા અમદાવાદ સેન્ટરમાં પહેલે અને યુનિવર્સિટીમાં ત્રીજે નંબરે પસાર થયા. જે સહાનુભૂતિ ને માયા એ અભ્યાસકાળ દરમ્યાન પોતા પ્રત્યે એ બે સજ્જનોએ દાખવ્યાં હતાં તેને પોતાની આ ઝળકતી કારકિર્દિનો યોગ્ય જશભાગ શ્રી ઉમાશંકર આપે છે, અને તે પછીના કૉલેજના અભ્યાસ દરમ્યાન પણ એક વખત સખત મૅલેરિયાની બીમારી લઇ પોતાને વતન ગયા ત્યાં, પાછળ ઠેઠ એ ગામડા સુધી દવાનાં પાર્સલ મોકલનાર એમના વાત્સલ્યને કૃતજ્ઞતાપૂર્વક સંભારે છે.

ગુજરાત કૉલેજમાં ઇન્ટર સુધીનો અભ્યાસકાળ

પણ યશસ્વી હતો. કવિતાની કૂંપળો તેનું પુષ્ટ સ્વરૂપ પામીને હવે ફૂટવા લાગી હતી; જોકે હજી ગુજરાતી ઠીક ઢંગથી લખતાં બહુ ફાવતું નહિ. પણ નવાઈની વાત એ છે કે ભવિષ્યમાં ગુજરાતીમાં ઊતરનારી કવિતાની શરૂઆત આ કાળે સંસ્કૃત કાવ્યરચનાઓથી થઈ. જે થોડી રચનાઓ એ સમયે થઈ છે તે સુંદર છે અને કૉલેજના મૅગેઝીનમાં આદરભર્યું સ્થાન પામી છે.

સંસ્કૃત દ્વારા ફૂટેલી એ સરવાણીએ પછી તો ગુજરાતીમાં રમ્ય ઝરણનું રૂપ લીધું અને ૧૯૨૮માં રચાએલું એમનું પહેલું જ સૉનેટ 'નખી સરોવર પર શરત્પૂર્ણિમા' એની છેલ્લી લીટીમાં એમના સમસ્ત જીવનનો સારમર્મ જાણે બોલી રહ્યું:

'સૌન્દર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે.'

એ એમનું પહેલું કાવ્ય આજે બાર વર્ષે પણ, બીજી કૃતિઓને સમાંતર ઊભું રહે એવી ગુણવત્તા ધરાવતું લાગે છે.

ઇડરની બોર્ડિંગમાં ગાળેલા જીવનકાળમાં રાષ્ટ્રપ્રેમના પહેલવહેલા પદાર્થપાઠ એમને કેવી આડકતરી રીતે મળ્યા તેનું રસમય બયાન એમના જ શબ્દોમાં સાંભળીએ: 'અસહકારનો પ્રથમ જુવાળ આવતો હતો. વાતાવરણ બધે ગરમ-ગરમ દેખાતું; પણ એ બધી ઘટનાઓની માંડીને વાત કોણ કહે? એ કાળે રાષ્ટ્રોત્થાનની એ વાતો અમારા બોર્ડિંગના રસોયાને મોઢેથી અમે સાંભળી. રાષ્ટ્રપ્રેમના પહેલા પદાર્થપાઠ અમને એણે આપ્યા. એક વાર પીરસી આપી, રોટલીની મોટી થપ્પી ઉપર, તબલા ઉપર લગાવતો હોય તેમ, ઠોક લગાવીને મોટી મૂછાળો અમારો રસોયો છટાથી કોઈ એક "માત્મા"નું આખું ઊડતું રેખાચિત્ર દોરી દેતો ને એણે બડા ગવંડરને પણ દેવાંકવા ચમત્કાર કરી બતાવી મહાત કરી દીધો હતો એના દિલ ઉશ્કેરનારા કિસ્સા કહેતો.'

પાંચ વર્ષ પરના એ અંકુરો, રાષ્ટ્રીય અસ્મિતાથી ધબકતા અમદાવાદના જીવનમાં પોષાયા કર્યા. કૉલેજમાં હતા એ દરમ્યાનમાં ગુજરાત કૉલેજની પેલી નામચીન હડતાળનો પ્રસંગ બન્યો. એ ઉપસ્થિત કરવામાં એમનો ફાળો ઘણો હતો. સાઈમન કમિશનના આગમનનો વિરોધ કરવા કેટલાક પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ છમાસિક પરીક્ષામાં ન બેઠા. તે સૌનો દંડ થયો. તે સાથે એમની તો દંડ ઉપરાંત સ્કૉલરશિપ પણ ખૂંચવી લેવામાં આવી. પાછળથી સમાધાન થતાં તે પાછી મળેલી.

ઇન્ટરની પરીક્ષા એક બાજુ અપાઈ રહી અને સત્યાગ્રહની લડતનો સાદ આવ્યો. પરિણામ પરિણામને ઠેકાણે રહ્યું અને તરત એમાં ઝંપલાવ્યું. ઊપડ્યા સીધા વીરમગામ છાવણીમાં. આકાંક્ષાઓભર્યા બુદ્ધિમાન જુવાનને સત્યાગ્રહ છાવણીઓમાં એ કાળે જે પલોટ મળતો તે બધો એમને ત્યાં મળ્યો. લોકકેળવણીના સભાઓ અને યુદ્ધસમિતિના વ્યૂહકાર્ય ઉપરાંત સત્યાગ્રહ-પત્રિકાનું લેખનકાર્ય પણ કરવાનું આવ્યું. એમાં ગુજરાતી ગદ્યલેખનની પ્રથમ તાલીમ મળી. પછી તો ખારાઘોડાના અગરો પરના યાદગાર હલ્લામાં જવાનું આવ્યું. ત્યાર બાદ એમની ધરપકડ થઈ અને ચૌદ અઠવાડિયાંની સજા ખાઈને સાબરમતી—અને પછી યરોડાની જાત્રાએ ઊપડ્યા. એ વખતે એમનું વય ૧૯ વર્ષનું હતું.

યરોડામાંથી એ છૂટ્યા અને થોડા જ દિવસ બાદ સત્યાગ્રહલડતની સંધિ થઈ. એ સંધિગાળામાં થોડું ફરી, જામનગર થઈને જહાજ વાટે કરાંચી મહાસભામાં ગયા. જહાજમાં કરેલી એ સાત દિવસની સફર દરમ્યાન સમુદ્રનો પ્રથમ ગાઢ પરિચય પામ્યા અને રાષ્ટ્રચેતનાના તરંગો પર હિલ્લોળતા અંતરને સમુદ્રના તરંગોએ વધુ કાવ્યસંજીવની સીંચી.

કરાંચીથી પાછા ફરીને એ વિદ્યાપીઠમાં જઈ બેઠા અને કાકાસાહેબ કાલેલકરના એટલા ગાઢ પરિચયમાં આવ્યા કે એમના અન્તેવાસી થઈ રહ્યા. એમની કવિતાએ અહીંથી વધુ સ્પષ્ટ અને ચોક્કસ રૂપ પકડવા માંડ્યું અને કાકાસાહેબને અર્પણ થએલા પ્રથમ કાવ્યસંગ્રહ 'ગંગોત્રી'ના અર્પણમાં જણાવ્યું છે તેમ એ 'ગભરૂ કાવ્યઝરણાને હૃદયે સિંધુરટણા જાગી.' વિદ્યાપીઠમાં છ કલાક ખાદીકામ અને પાંચકુવા મારકીટમાં પરદેશી કાપડ પર પિકેટિંગ કરતાંકરતાં ઈ. ૧૯૩૧ના ચોમાસામાં લાંબું સળંગ કાવ્ય 'વિશ્વશાંતિ' લખાયું જે નવજીવન કાર્યાલયે પછીથી પ્રકટ કર્યું. એ એમનું પહેલું પ્રકાશન. સ્વ. નરસિંહરાવ જેવા સાહિત્યપારખુએ 'વસન્ત'માં તરત એની વિસ્તૃત પ્રશસ્તિ લખી તે એ ફૂટતી પ્રતિભાનું મૂલ કેટલું હતું તે દર્શાવે છે.

૧૯૩૨નું વરસ બેસતાં સત્યાગ્રહની લડત ફરી શરૂ થઈ. વિદ્યાપીઠ વિખેરાઈ ગઈ અને સૌ લડતનાં વિવિધ ક્ષેત્રોમાં જોડાઈ ગયા. ઉમાશંકર ખેડા જિલ્લામાં માતર તાલુકામાં કામ કરવા ગયા. ત્યાં જિલ્લામાંથી દેશનિકાલી

મળી, જે ન માનવાને પરિણામે ધરપકડ થઇને આઠ મહિનાની સજા મળી. ફરી પાછી જેલજાત્રા શરૂ થઇઃ પહેલાં સાબરમતી અને પછી વીસાપુર. આ જેલવાસ દરમ્યાન લેખન, વાંચન, ચર્ચા અને વિચારણાને બહોળો વિસ્તાર મળ્યો. કવિતા તો પાકતી જતી જ હતી. ઉપરાંત નાટકો પર પણ કલમ ચાલી. અને આઠ મહિને છૂટીને બહાર નીકળ્યા ત્યારે, જે અનેક વસ્તુઓ જેલમાંથી સાથે લેતા આવ્યા તેમાં 'ગંગોત્રી' સંગ્રહનાં કાવ્યો, 'સાપના ભારા'નાં શરૂઆતનાં પાંચ નાટકો અને એમને આજ સુધી પીડી રહેલું આંખનું કપરું દરદ પણ હતાં.

જેલમાંથી છૂટતાં પિતાની માંદગીના સમાચાર મળ્યા, એટલે વતન જઇને ત્રણચાર માસ એમની પાસે ગાળી ફરી પાછા કાકાસાહેબ પાસે જઈ પૂના, સિંહગઢ વગેરે સ્થળે એમની સાથે થોડો સમય ગાળ્યો. એવામાં ૧૯૩૪ની લડતમોકૂફી થઈ, દેશનું રાજકારણ મંદ ગતિને પામી થાળે પડવા લાગ્યું અને સૌ પોતપોતાની દિશાએ વગે થવા લાગ્યા. ઉમાશંકરે પણ 'પુનશ્ચ હરિઃ ૐ' કરી કૉલેજનો અભ્યાસ શરૂ કર્યો. ત્યાં દાખલ થતી વેળા એક રમૂજી પ્રસંગ બન્યો. આપણે ઉપર જોઈ ગયા તેમ ઇન્ટરની પરીક્ષા તો આપી હતી, પણ પરિણામ જાણવાની યે પરવા કરી ન હતી. એટલે દાખલ થવા ગયા તે વખતે એક વકીલ મિત્ર સાથે હતા એમણે કહ્યું કે 'જો તમને પાકે પાયે ખાતરી ન હોય કે ઇન્ટર પાસ થવાયું છે કે નહિ, તો આપણે ફૉર્મ ભરતાં પહેલાં તપાસ કરી લઇએ.' જવાબ આપ્યોઃ 'પાસમાંથી તો નહિ ગયો હોઉં. પણ મેં તો નથી પરિણામ છાપાંમાં વાંચ્યું, નથી સર્ટિફિકેટ જોયું. તેમ બીજી બાજુ નાપાસ થયાનું પણ કોઇએ કહ્યું નથી!' અંતે તપાસ કરવા નીકળ્યા. પણ યુનિવર્સિટી કૅલેન્ડર હજી છપાએલું નહિ. એટલે ત્યાંના ક્લાર્કને પણ શોધ કરવી પડી. એ ઠીકઠીક હસ્યો, કે આવા વિદ્યાર્થીઓ પણ યુનિવર્સિટીએ પેદા કરવા માંડ્યા ખરા!

૧૯૩૪નું વરસ એમના જીવનમાં કંઈક વધુ યાદગાર છે. એમનો પહેલો કાવ્યસંગ્રહ—'ગંગોત્રી'—આ જ વર્ષે પ્રકટ થયો; અને ફરી અભ્યાસ શરૂ કર્યા પહેલાં એપ્રિલમાં એમના પિતાનું અવસાન થયું. એ પ્રસંગે આપેલા 'પિતાનાં ફૂલ' નામના અર્ધ્યમાં આત્મલક્ષી પ્રસંગોમાં વિરાટ ભાવના ગૂંથવાનું એમનું કવિતાનું લક્ષણ સ્પષ્ટ દેખા દે છેઃ

વીણ્યા તારા, ફૂલો, જગનું બધું યે સુંદર વીણ્યું,
ન લાધે સ્હેજે જે, શિવ સકલ આજે મળી ગયું;
શમ્યા મૃત્યુશોકો અમર ફરકી નિરખીને
પિતાનાં ફૂલોમાં ધવલ કલગી વિશ્વક્રમની.

૧૯૩૮માં એમના મોટાભાઇનું અવસાન થયું તે વેળાની અંજલિમાં કરુણ પણ એટલો જ સભર ભર્યો છેઃ

કાળને તે કહીએ શું? જરીયે નવ ચૂકિયો
પાંચ આંગળીઓમાંથી અંગૂઠે વાઢ મૂકિયો.
પાંડુના પાંચ પુત્રોએ હેમાળે હાડ ગાળિયાં,
રહ્યા'તા ધર્મ છેવાડે, તમે આગળ શેં થયા?

ઊંચી પ્રતિભા અને યશભર્યું સાહિત્યજીવન ધરાવનારનું લગ્નજીવન પણ એટલું જ સમકક્ષાનું અને સુમેળવાળું હોય એ યોગ વિરલ છે, અને શ્રી ઉમાશંકરે પણ એ વિષયમાં આગ્રહી વલણ ન દાખવ્યું હોત તો ક્યારની યે નાની મારવાડની કોઇ અર્ધ કે અશિક્ષિત ગ્રામકન્યા એમની જીવનભાગી થઇ હોત. પણ વડીલશાહી સામેની એમની ટક્કર વિજયી નીવડી,—ભાગ્યવાન પણ નીવડી. ૧૯૩૭માં, અમદાવાદના એમની જ જ્ઞાતિના એક સંસ્કારી કુટુંબનાં, અને કર્વે વિદ્યાપીઠનાં સ્નાતક કુ. જ્યોત્સ્ના જોષી સાથે એમનું લગ્ન થયું. અને એ સુયોગ કેટલો સુભગ છે એ બાબતમાં એમણે પોતે જ ઉદ્‌ભાવ પ્રકટ કર્યો છે કેઃ

મળી અંતે સ્વપ્નો સફલ થકી યે સ્વપ્નમય જે,
મળી આશાઓની ક્ષિતિજ થકી યે પારની સુધા;
સૂની આયુર્નૌકા મુજ ઝુલતી'તી અસ્થિર જલે,
સુકાને જે જોતી મળી જગતઝંઝાનિલ મહીં.

. . . . . .

મધ્યાહ્ને યે મને તું હૃદયદવ શમાવંતી લાધી સુજ્યોત્સ્ના

ઈતિહાસ અને અર્થશાસ્ત્ર (ઑનર્સ)ના વિષયો લઇ ઈ. ૧૯૩૬માં તે બી. એ. પાસ થયા; અને સંસ્કૃત તથા ગુજરાતી લઇ ૧૯૩૮માં એમ. એ.માં પ્રથમ વર્ગમાં આવ્યા. વચ્ચે, કાયદાના અભ્યાસ માટે લૉ કૉલેજની પણ એ ટર્મ ભરેલી; પણ તેમાં છેલ્લી પાટલીએ બેસીને વાર્તાઓ લખવા ઉપરાંત કાંઈ કર્યું નહિ.

એમ. એ.નું પરિણામ બહાર પડે તે પહેલાં જ મુંબાઇની સિડનહામ કૉલેજમાં ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે એમની નિમણુક થઈ. (અનુસંધાન પૃ. ૧૯૧ મે)



સીઝરનું

જે ભળતા જ પાત્ર ઉપર લેવાયું છતાં તેની પાછળ કુદરતનો કેવો

તેમણે 'ગુંગા ગુંગા'નો મુકામ છોડ્યે કેટલાય દિવસો વીતી જવા આવ્યા બાદ આજે જ જૉર્ડન અને સૉડર કાલામારીના કિનારા નજીક આવી લાગ્યા હતા. ત્યાંથી આગળ વધતાં જે પહેલી છાવણી નજરે પડી તેમાં પ્રવેશવાનું બંનેએ નક્કી કરી નાખ્યું ને બહાર બેઠેલા નેટિવોનું ટોળું વટાવી તંબુમાં ગયા.

અંદર બેઠેલી ત્રિપુટીમાંના બે. કાર અને ક્રિન્ટન. તો એમના જેવા જ હાથીના શિકારીઓ હતા; ત્રીજો સ્ટડબ્રેકર હાથીઓને કેળવનાર હતો. ત્રણેએ આ નવા આગંતુકોને આદર સહિત બેસાડ્યા.

તાપણું સળગતું હતું ને ક્રિન્ટન તેની નજીક જ બેસી હાથમાંની કશીક પ્રકાશિત વસ્તુ આમતેમ હલાવી રહ્યો હતો. 'આટલો સરસ હીરો મેં જીવનભરમાં કદિ નથી જોયો.' તે બોલ્યો.

સૉડરની- આંખોએ આવીને તરત એ હીરા પર જ જાણે ત્રાટક સાધ્યું હતું. આખરે એક ધીમો નિ-સાસો તેનાથી નીકળી ગયો ને તે બોલ્યો: 'મેં તો સાંભળ્યું નથી કે અહીંથી કોઈને હીરા મળ્યા હોય. આ તો હાથીઓનો મુલક છે.'

'અરે, એ તો આસમાની સુલતાની હતી. બાકી અહીં તો હીરા ક્યાં રસ્તામાં પડ્યા છે! ખરું કહીએ તો અમને એ મળ્યા તે પણ . . .'

'હં' . . . ત્યારે તો તમને એકથી વધુ હીરા મળ્યા છે ખરું!' સૉડરની આંખોમાં આ સવાલ સાથે ન સમજી શકાય તેવો પ્રકાશ ઝળક્યો.

'હા, બીજા યે મળ્યા છે.' ક્રિન્ટને જવાબ આપ્યો. 'પણ ઘણા નાના. આબ પણ સરસ ન લેખાય; પણ આ—' હાથમાંનો હીરો વધુ સ્પષ્ટ દેખાડતો તે બોલ્યો. 'આ તો જન્મારાનું દળદર ફીટાડે એવો છે.'

મલકાતે ચહેરે ક્રિન્ટને હીરો પોતાના જાકિટમાં સેરવ્યો ને સીગારેટ સળગાવતો સૉડર છેક સુધી તે તાકી રહ્યો.

આગંતુક જૉર્ડને પણ હવે પાઇપ પેટાવી. અને સ્ટડબ્રેકર પોતાને ક્યારનો જોઈ રહ્યો હતો તેની તો, દીવાસળી ઓલવતી વખતે જ તેને ખબર પડી. એકી ટશે તે જોઈ રહેલો ને જૉર્ડન જો ભૂલતો ન હોય તો તેમાંથી કંઈક અંશે તિરસ્કાર પણ નીતરતો હતો.

જૉર્ડન એ નજરથી અકળાવા લાગ્યો. આખરે તેની કાતિલતા સહન ન થઈ શકતાં તે બોલ્યો: 'ત્યારે તમને હાથીઓની બાબતમાં રસ છે કેમ!'

પણ એથી સ્ટડબ્રેકરની નજરમાં જરા યે તફાવત ન પડ્યો. તેણે ટૂંકો જ જવાબ આપ્યો: 'હા. પણ આપણા બંનેના રાહ જુદા છે.'

'તે કેમ વળી!' જૉર્ડને ચમકીને પૂછ્યું.

'કારણ, હું તેમનો જાન નથી લેતો, તેમને કેળવું છું. તેમની બાબતમાં મારી નજર નફાખોરીની નથી રહી.' સ્ટડબ્રેકરે જવાબ આપ્યો.

કંઈક શરમાયો હોય તેમ જૉર્ડન બોલ્યો: 'પણ આફ્રિકામાં કંઈ હું એકલો જ હાથીઓનો શિકાર નથી કરતો; ને હું ન મારત તેથી તે અમર તો ઓછા જ રહી જવાના હતા!'

સ્ટડબ્રેકર હવે હસી પડ્યો: 'કદાચ એ ખરું હશે. પણ તને ખબર નહિ હોય કે હાથીઓનો આ પ્રકારનો અંત મને ઘૃણા ઉપજાવે છે. હાથીઓ પ્રત્યેની મારી લાગણીઓનું વલણ જુદું જ છે. મારું કહેવું સમજાય છે!'

'હા; તેમના માટે તમને માન છે, ખરું ને!'

'એથી યે વધુ. ને એટલે તો મારે આટલે સુધી રખડપાટ કરવી પડી છે. તું કદી મોઆંસોઆં આવેલો?'

'એક જ વાર. ને તે યે ઘણા વખત પહેલાં.'

'વારુ. હું હમણાં ત્યાંથી જ આવું છું. ત્યાં હું

શિકારી જીવનમાં જડાઈ રહેલી કરામત કાબેલિયત

વેર

અદલ ઈન્સાફ રહ્યો હતો!

હાથીઓ પકડું છું ને દુનિયાના મોટા ભાગમાં મોકલું છું. મારા માનવા મુજબ એવું કશું નથી—ચોક્કસ. એવું કશું છે જ નહિ કે જે હાથી ન શીખી શકે. માત્ર તમારામાં ધીરજ તથા રમૂજની વૃત્તિ જોઈએ; અને મારામાં તો એ બંને રહેલાં છે.'

'ત્યારે હમણાં તું શું કરે છે! નવા નમૂના મેળવવા નીકળ્યો છે?'

'ના. હું એક ખાસ હાથીની શોધમાં નીકળ્યો છું. એનું નામ સીઝર. છ મહિના પહેલાં જ મેં તેને આ પ્રદેશમાંથી પકડેલો. મારા હાથ નીચેથી કેટલા યે હાથીઓ નીકળી ગયા છે. પણ સીઝર તો એ સૌને ટપી જાય એવો નીવડ્યો. એ બધું જ શીખી લેતો. ને પછી તો અમને એકબીજા પ્રત્યે હદથી જ્યાદે મમતા બંધાઈ ગઈ.




Illustration from Illustrated Weekly of India

આકાશમાં માથે આવેલા ચંદ્રના પ્રકાશમાં સીઝરે એમની તરફ ગાંડી દોટ મૂકી

એવામાં મેં મારા મદદનીશ તરીકે 'જો' નામના એક માણસને રોક્યો. પણ એનામાં વિશ્વાસ મૂકતાં મેં ભૂલ કરેલી—ખાસ કરીને તો સીઝરની બાબતમાં.

એક વખત તે સીઝરનું ઠાણ વાળવા ગએલો. સીઝર ત્યારે કંઈક ખુશમિજાજમાં હશે. એટલે પાણીની ભરેલી ડોલ ઉપાડી જો ઉપર રેડી દીધી. હાથીઓને પિછાનવાની શક્તિ તારામાં હોય તો તું યે કબૂલ કરે કે બીજા કોઈ પણ પ્રાણી કરતાં હાથીમાં રમૂજ મેળવવાની વૃત્તિ વધુ પ્રમાણમાં રહેલી છે.'

'હં, પછી?' જૉર્ડનનો રસ વધ્યે જતો હતો.

'પણ જોને સીઝરની એ રમૂજ ન ગમી એમ મને લાગે છે. સીઝરને મલાઈવાળી બાખરીનો બહુ શોખ હતો ને હું જ્યારે સૂવા જતો ત્યારે તેને એક આપતો. તેના બદલામાં એ મને સલામ કરતો. પણ આ બનાવને દિવસે હું બહાર ગએલો ને કમબખ્ત જોને તે દિવસે વેર વાળવાનો એ સરસ મોકો હાથ લાગતાં તેણે તેનો લાભ લીધો. સીઝરને બાખરી ઉપર તેણે ખૂબ મરીનો ભૂકો છાંટી આપ્યો!

એ તો પછી ઊંઘવામાં પડી ગયો હશે, પણ સીઝરને આ અપમાને સળગાવી મૂક્યો ને એ જ રાતથી તે અદૃશ્ય થઈ ગયો છે. જો ઊંઘવાની ઉતાવળમાં એકઢાળિયાનો ઝાંપો પણ વાસવો ભૂલી ગએલો.

કિન્નાખોરી અને કાવતરાબાજીથી ખચિત એક રોમાંચકથા

હાથીને હું સાંકળ કે દોરડું સુદ્ધાં બાંધતો ન હતો. અપમાનના રોષે ભરાએલો તે ચાલી નીકળ્યો. બીજે દિવસે એક નોકરે મને સમાચાર આપ્યા કે તેણે એને કાલાબાસી તરફ ચાલ્યો ને ચાલ્યો જતો જોયો હતો. એ દિવસથી હું એની પાછળ પડ્યો છું. મને ખાતરી છે કે સરહદ પરના પર્વતો તે નહિ ઓળંગી શકે ને ત્યાંથી આ બાજુ પાછો ફરશે. મારો સીઝર! એ કંઈ સાધારણ હાથી ન હતો, હોં!'

એટલું કહેતો સ્ટડબેકર ઊઠ્યો ને સાગના જ ઝાડ નીચે જઈ લંબાયો. થોડીવારમાં તો તે ઊંઘી ગયો. જૉર્ડન પણ ઊઠ્યો. બીજા બધા તો સૂઈ ગયા હતા. પણ એનો સાથી સૅાડર હજી જાગતો હતો એટલે એ તેની પાસે જ પહોંચ્યો.

'આટલો બધો વખત શાની લમણાંઝીક ચાલી?' ત્યાં પહોંચતાં જ સૅાડરે સવાલ કર્યો.

મોંમાં ભરેલા ધુમાડાના ગોટા છોડી મૂકતાં જૉર્ડને જવાબ આપ્યો: 'હાથીઓની.'

'જૉર્ડન. તેં પેલા હીરા જોયા?'

'હા, પણ તેનું શું?'

'ઓહ, ખાસ તો કંઈ નહિ. પણ આપણે હીરા વિષે થોડુંક વધુ શીખી શક્યા.' સૅાડરે ફેરવી તોળ્યું; પણ આકાશ ભણી લંબાએલી તેની નજરમાં કોઈ નાપાક ઉમ્મીદ ઝળકી ઊઠી હતી. 'ને જોને, એ એક જ..નંગ જેટલી કીમત મેળવવા આપણને કેટલા હાથીઓના શિકારમાં ઊતરવું પડે છે!'

જૉર્ડને પળભર તેની સામે જોયું. પણ કશો જવાબ ન આપ્યો. પોતાની વજનદાર શિકારી બંદૂક ઉપાડી તે સાફ કરવા લાગ્યો. એ હતી તો પુરાણા જમાનાની, પણ જૉર્ડનના હાથને તેણે જશ અપાવ્યા હતા અને એટલે જ નવી બંદૂક વસાવવા કરતાં એનાથી જ એ કામ ચલાવી લેતો.

બંદૂક સાફ કરી સૂવા જતાં સૅાડર હજુ યે જાગતો જણાયો. પણ પછી એને તો ઊંઘ આવી ગઈ.

સવાર પડી. સૅાડર તો જાગેલો જ હતો. જૉર્ડન હજુ જાગતો હતો ત્યાં તો ક્રિન્ટન બેબાકળી દોટ મૂકતો આવી લાગ્યો ને સીધું સૅાડરનું કાંડું જ પકડ્યું.

'તું—તું અરધા કલાક પહેલાં શા માટે મારા તંબૂમાં ઘુસ્યો હતો?' તેણે પૂછ્યું.

'હું! મારે તે વળી ત્યાં ઘુસવાની શી જરૂર હોય!' સ્વસ્થતાથી સૅાડરે જવાબ આપ્યો.

'મારા એક નોકરે અરધા જ કલાક પહેલાં તને બહાર નીકળતાં જોએલો.'

'એટલે! તું કહેવા શું માગે છે!' કૃત્રિમ ગુસ્સો કરતાં સૅાડરે સવાલ કર્યો.

ક્રિન્ટન માંડમાંડ પોતાનો આવેશ રોકતો બોલ્યો: 'રાતે કોઈ કમબખ્ત મારા તંબૂમાં પેસી મજાટમાંથી પેલા હીરા તફડાવી લીધા છે. એ તું ન હતો, કેમ!' પાછો તેનો ક્રોધ વધવા લાગ્યો.

સૅાડરનો ચહેરો વધુ સફેદ બન્યો. તો યે ગુસ્સામાં તે ઉછળી ઊઠ્યો: 'મારા પર ચોરીનું આળ ચડાવે છે!' ડંસવાની અણી પર આવેલા સાપ જેટલું ખૂન તેની આંખોમાં ભરાયું હતું.

ક્રિન્ટને ખામોશી પકડી ને બગલમાં બંદૂક દબાવી ત્યાં આવી પહોંચેલા કાર સાથે ઘુસપુસ કરવા લાગ્યો. ઊંદરની જોડ સામે બિલાડી જે નજરે જુએ એવી તેની નજર વારંવાર સૅાડર ને જૉર્ડન તરફ ફરતી હતી. સ્ટડબેકર હજી ઊંઘ્યા જ કરતો હતો.

ત્યાં તો જંગલને સામે ખૂણે જ અચાનક આવી પહોંચી થંભી ગએલા હાથી પર જૉર્ડનની નજર ગઈ. તેનાં ચળકતાં દંતૂશળો તેણે જોયાં ને બધું તે ભૂલી ગયો. તરત બંદૂક ઉપાડી તેણે નિશાન તાક્યું.

એ પળે જ સ્ટડબેકર જાગી ઊઠ્યો. તરત તેની નજર જૉર્ડનની બંદૂકની નળી ને પછી વિંધાએલા હાથી પર ગઈ. બૂમ પાડતો તે દોડ્યો. પણ ગોળી વછૂટી ગઈ હતી. હાથીના ખભામાં તે પેસી ગઈ ને બીજી જ પળે દુઃખની એક ચીસ પાડતો એ નાઠો.

સ્ટડબેકરે જૉર્ડનનો ખભો પકડ્યો: 'મેં બૂમ મારી છતાં તે ગોળી ચલાવી જ શા માટે! એ મારો સીઝર હતો.'

જૉર્ડનની આંખો આશ્ચર્યથી ફાટી રહી! પણ કશો ઉત્તર વાળે તે પહેલાં તો કાર ને ક્રિન્ટન ત્યાં આવી પહોંચ્યા.

'એ હાથીને હમણાં ક્યાં રડવા બેસે છે!' કાર બોલ્યો: 'અહીં આપણા વચ્ચે કોઈ મેલો ચોર પાક્યો છે. પહેલો એને શોધવાનો છે.'

ને તરત તેની બંદૂક જૉર્ડનના લમણા સામે વિંધાઈ. 'કમ ઑન યુ!' તેણે સૅાડરને બૂમ પાડી:

'તારા દોસ્તની બાજુમાં ગોઠવાઇ જા. હમણાં જ ખબર પડશે કે હીરો કોણે ચોર્યો છે.'

લબડી પડતા હોઠને દાંત વચ્ચે દબાવતો સૅાડર છાનો રોષ સેવતો જૉર્ડનની બાજુમાં ગોઠવાયો.

'પણ ધારો કે કોઈ નેટિવ જ તે લઇ ગયા હોય!' જૉર્ડને બચાવ કર્યો ને એ સાંભળી ક્રિન્ટન પણ વિચારમાં પડી ગયો. તેને એવી કલ્પના યે નહોતી આવી. પણ કાર એ માનવા તૈયાર ન હતો.

'અહીં કંઇ નાનાં બચ્ચાંને નથી ફોસલાવવાં હં!' રોષથી તે બોલ્યોઃ 'ચલાઓ, કપડાં ઉતારો.'

'પણ—'

'પણ બણ કશું નહિ. બસ–મેં કહ્યું ને, કે કપડાં ઉતારો!'

ને જૉર્ડન ને સૅાડર બંનેએ કપડાં ઉતારવા માંડ્યાં. કાર ને ક્રિન્ટન એ બધાં તપાસી વળ્યા, સીગારેટ-પેપર સુદ્ધાં ન છોડ્યા. બૂટોનાં તળિયાં યે તપાસી નાખ્યાં. પણ કશું પરિણામ નહિ! નિરાશ ક્રિન્ટન બોલી ઊઠ્યોઃ 'યા ખુદા, એ એમની પાસે તો નથી !'

'હોવો જ જોઇએ, ક્રિન્ટન !' કાર એમ માને તેવો ન હતો. 'એ બેઇમાનો પર ભરોસો રાખવાનું પાપ આપણે કર્યું છે. તેનું પ્રાયશ્ચિત તેમને આગમાં શેકવાથી જ થઇ શકે !'

એકે માનહાનિના અને બીજાએ તિરસ્કારના ફુત્કારો કાઢતાં જૉર્ડન ને સૅાડર બંનેએ કપડાં પાછાં પહેરવા માંડ્યાં. વળી જૉર્ડનથી ન રહેવાયું ને તે બોલ્યોઃ 'અને એ ખાસામાંથી સરી નહિ પડ્યો હોય એની શી ખાતરી ? હું માતા મેરીના સોગન ખાઇને કહું છું કે હું ચોર નથી.'

'અને પોતાના કબજાની વસ્તુ વિષે એટલા બેદરકાર રહેનાર પાસેથી એ ચોરાઈ જાય તેમાં કંઇ નવાઇ પણ નથી.' સૅાડર બોલ્યો.

જૉર્ડને બંદૂક ઉપાડીઃ 'આપણે બીજે તપાસ કરીએ.'

'ના, જૉર્ડન, એવી ભાંજગડમાં આપણને પડવાની જરૂર નથી. ચાલ, ચાલતા થઇએ.' સૅાડર બોલ્યો.

'સબૂર, તમે એકે અહીંથી જઇ શકવાના નથી.' કાર બોલ્યો. પણ સૅાડરે તો કહેતાંની સાથે જ જંગલ તરફ દોટ મૂકી દીધેલી. જૉર્ડને પણ તેનું અનુકરણ કર્યું. પાછળ કારની બંદૂક ચાલુ થઈ. બે બાર થયા. એક બારે સૅાડરની હૅટ હવામાં ઊડી પડી, પણ તેણે તે ઉઠાવવાની તકલિફ જ ન લીધી.

એકશ્વાસે તેઓ જંગલમાં દોડતા જ રહ્યા. આખરે કારની ક્રોધભરી બૂમોના પડઘા પણ દૂર પડી ગયા ત્યારે તેઓ થંભ્યા ને સીધા જમીન પર ફસડાઇ પડ્યા.

'આ કિસ્મતની જ તરફદારી છે. નહિતર એ બદબખ્તો ચોક્કસ આપણને આગમાં જ ભૂંજત:' મોં અને ગળા પરથી મેલા પરસેવાના રેલા લૂછતાં સૅાડર બોલ્યો. તેની નજર જૉર્ડનની બંદૂક સામે જ હતી. એને તો પોતાની બંદૂક ઉઠાવવા જેટલો પણ વખત ક્યાં મળ્યો હતો?

'ચાલો છૂટ્યા, પણ હવે શું કરીશું? પાછા ગુંગા–ગુંગા !' જૉર્ડને પૂછ્યું.

'નહિ, નહિ. આપણે પેલા હાથી પાછળ પડીએ. તે ઘવાએલો છે એટલે તેનો શિકાર પણ સહેલો થઇ પડશે ને નબળી ચાલથી પગેરૂં પણ પાધરૂં જ હશે.'

'ત્યારે સૅાડર, તું તંબૂમાં ગએલો ખરો !' થોડી વાર વિચાર કર્યા બાદ જૉર્ડને સવાલ કર્યો.

'બેશક, વળી.' હસતાંહસતાં સૅાડરે જવાબ દીધો.

'એ હીરા માટે જ ને ?'

'ત્યારે બીજા શા માટે ?'

કશી ગમ ન પડતી હોય તેમ જૉર્ડન બાજુને ઝાડે અઢેલ્યોઃ 'વારૂ, પણ એને સંતાડી ક્યાં મૂક્યો છે!'

'એની કંઈ ચોક્કસ ગમ નથી રહી. હવે શોધી લઇશું એ તો !'

જૉર્ડનની આંખો ભયાનકતાથી તેની સામે તાકી રહી. 'હું તારા જેવો ચોર નથી. સૅાડર! એ હીરો પાછો લાવ.' તે કરડાકીથી બોલ્યો.

'શા માટે !' ચહેરા પર ઘૃણિત હાસ્ય લાવતાં સૅાડરે પ્રશ્ન કર્યો.

'હું એ ક્રિન્ટનને પાછો સોંપી દઈશ.'

સૅાડર થંભી ગયો. બેબાકળા બની તેણે જૉર્ડન સામું જોયુંઃ 'તું સાચે જ એમ કરવા માગે છે ?'

'હા, ચાલ આપી દે.'

'એ મારી પાસે નથી.'

'લબાડ. . . .'

'જૉર્ડન, મોઢું સંભાળ. મારી પાસે એ છે જ નહિ.'

'ત્યારે બતાવ એ ક્યાં છે !'

સૅાડરે જોયું કે તેનો બચાવ હવે રહ્યો ન હતો. તે ફિક્કું હસ્યો ને બોલ્યો, 'જૉર્ડન, તું ઊંઘતો હતો ત્યારે એ હીરો મેં લીધેલો. પણ લીધા બાદ હું મુંઝાયો, કે એનું કરવું શું! ક્રિન્ટનના જાગતાં થનારા ક્રોધની પણ મને ખબર હતી. પછી મને ખ્યાલ આવ્યો— જૉર્ડન, ઘણી વખત મને ઓચિંતા જ ખ્યાલો આવી જાય છે!'

'વાહ, કહે, શો ખ્યાલ આવ્યો!'

'મને લાગ્યું કે ક્રિન્ટન તે કાચ હીરા માટે આકાશ-પાતાળ એક કરવાનું નહિ ચૂકે. એટલે તું સૂતો હતો ત્યારે જ તારી બંદૂકમાંથી ગોળી કાઢી. ઉપલું પડ ખોલી મેં એ હીરો તેમાં દબાવી દીધો ને ગોળી બંદૂકમાં ખોસી દીધી. અને જૉર્ડન, એ ગોળી તો તેં પેલા સ્ટડબેકરના હાથીને મારી દીધી. એટલા સારૂ તો હું ક્યારનો કહ્યા કરું છું કે આપણે એ હાથીની પાછળ પડીએ. કેમ હવે સમજ્યોને, બેટા!!'

એટલું કહી સૅાડર ખડખડાટ હસી પડ્યો. જૉર્ડન તો એવા અચંબામાં પડી ગયો કે થોડા વખત કંઈ બોલી જ ન શક્યો.

'જલદી કર!' સૅાડર હવે ઉચાટથી બોલ્યો: 'મૂરખ બેઠ ગાળા ચાવવા છે કે હાથીની પાછળ પડવું છે!' કહેતો તે આગળ ચાલ્યો. બંદૂક ઉઠાવી જૉર્ડન પણ વિચારોના ઉભરામાં અટવાતો યંત્રવત તેની પાછળ ચાલ્યો. કેમ કરીને હીરો મળે તો સીધો ક્રિન્ટનના હાથમાં સોંપી દેવાની તેને ખાસ ઇચ્છા હતી. તેના ભાવો ચહેરા પર સ્પષ્ટ તરી આવતા ન હતા. છતાં સૅાડર આગળ ચાલતાં અનેક વખત ફરીફરીને તેનો ચહેરો જોઈ રહેતો.

થાક અને કંટાળાના પો'ર જેવા મધ્યાહ્નના તડકે તપતાં જૉર્ડન અને સૅાડરે આખરે હાથીનું પગેરૂં શોધી કાઢ્યું. હવે તો માત્ર તેની પાછળ જ પડવાનું હતું, એટલે થોડી વાર થાક ઉતારવા તેઓ બેઠા. સૅાડર પાસે બીફની કાતરી હતી તે બન્નેએ ખાધી પણ ખાધા બાદ તરત તરસથી ગળું સુકાવા લાગ્યું.

'હું અહીંનો ભોમિયો છું, જૉર્ડન. અહીંથી ત્રણ માઈલ પર જ એક તળાવ છે! જોને, હાથીનું પગેરૂં પણ એ જ દિશે આગળ વધે છે. ને સરહદ પર તો પર્વતો હોય. સામે બાર તે આગળ વધી શકવાનો જ નહિ. કદાચ એક પંથ ને દો કાજ બની રહે!'

એટલું કહેતાં જ જાણે પોતે તદ્દન બેદરકાર હોય એવા ડોળથી જૉર્ડનની બંદૂક તેણે ઉઠાવી લીધી. જૉર્ડનને એ ન ગમ્યું, છતાં હવે કંઈ બોલવું લાજિમ ન લાગતાં તે તેની પાછળ ખેંચાયે ગયો.

સૂર્ય ડૂબતાં તેઓ તળાવ પાસે આવી પહોંચ્યા. પૂનમનો દિવસ હોતાં થાળ જેવો ચંદ્ર પણ પ્રકાશવાની પૂર્વતૈયારીઓ કરી રહ્યો હતો. હાથી ત્યાં પાણી પીવા આવેલો ને પાણી યે પીધેલું. ખાતરીપૂર્વક તેમણે તે સ્થાન જોયું. પછી પેટભર પડીને તપેલા ચહેરાને પાણીમાં બોળવા જતા હતા ત્યાં તો દૂરથી હાથીની ગર્જના સંભળાઈ ને સૅાડર બંદૂક સાથે કૂદી ઊઠ્યો.

જૉર્ડનને હવે બંદૂકની ખોટ અસહ્ય જણાઈ. પણ સૅાડર તો રેતીમાં આગળ ને આગળ દોડ્યે જતો હતો. તેની આંખોમાં લોભની આગ ભભૂકી ઊઠી હતી.

'જખમથી ગાંડા બન્યો હોય એવી ચીસ છે.' પાછળ દોરાતા જૉર્ડનને તેણે કહ્યું. જૉર્ડને પણ એમ જ ધારેલું. એકલા જખમની પીડાની જ નહિ, પણ સાથે ક્રોધ ને તિરસ્કારભરેલી એ ચીસ હતી.

અને આમ ઘેર બેઠાં ચાંલ્લો કરવા આવતી લક્ષ્મી જેવા એ હાથી માટે બંનેએ દોટ મૂકી—જાણે કોઈ વિશ્વ-વિજયી શરતમાં ઊતર્યા હોય એવી. શ્વાસ લેવાની યે જાણે ફુરસદ ન હતી. જીવન પણ જાણે પગોમાં જ આવી ઊતર્યું હતું.

પણ ત્યાં તો... આ શું!! સૅાડર અચાનક અટકી ઊભો ને તે સાથે તેની સાથે અફળાઈ પડેલો જૉર્ડન પણ ચીસ પાડતો થંભી ગયો. બંનેને ડીલે પરસેવો વળી આવ્યો. આકાશમાં માથે આવેલા ચંદ્રમાં સ્ટડ-બેકરનો ઘવાએલો સીઝર તેમની જ પાછળ દોટ મૂકતો ધસ્યો આવતો હતો—ને એ દોટ ગાંડી હતી!

સૅાડર જૉર્ડન સામો ફર્યો. તેની આંખોમાં ભય હતો પણ સેતાનિયત તેથી મોખરે હતી. જૉર્ડને તે જોયું ને તેનો અર્થ તે ઉકેલે તે પહેલાં તો સૅાડરે બંદૂક ચલાવી.

ને એનું પરિણામ જોવા થોભવાની તેને પરવા ન હતી. ગોળી જૉર્ડનના પગમાં પેસી ગઈ ને સૅાડરે થાક્યા છતાં બમણા વેગથી જંગલની દિશા પકડી.

સીઝર નજીક ને નજીક આવતો જતો હતો. નજીક

આવતા એ ભયે જૉર્ડનને તુર્ત હોશમાં આણ્યો. 'બચાશે!' તેણે સ્વગત સવાલ કર્યો ને સ્વગત જ મેળવેલા જવાબ સાથે તેની મુરાદો બધી મરી ગઈ. કારણ, સીઝરને ઘાયલ કરનાર એ પોતે જ હતો ને સૉડરે તેને બરાબર તેના રસ્તા વચ્ચે જ પાડેલો!

દૂર ને દૂર ખસ્યે જતા સૉડરને તે જોઈ રહ્યો. તેના માથાના લાલ લાલ અગ્નિની શિખાઓ જેમ ચંદ્રના પ્રકાશમાં ચમકી રહ્યા હતા. હતાશ થએલા જૉર્ડને એક ઉપાય અજમાવી જોયો. ખસડાતો ખસડાતો તે સીઝરના માર્ગમાંથી દૂર હટી ગયો. પણ તેથી કંઈ આશાને થોડો જ અવકાશ રહેતો હતો! તેણે હાથ બગલમાં દબાવી દીધા. હોઠ ભીડ્યા, આંખો મીંચી દીધી ને આખરી પળના અનુભવની જ રાહ જોવા લાગ્યો.

પણ—પણ આ શું? થોડીવારે તેણે આંખો ખોલી ત્યારે સીઝર તો તેને મૂકી આગળ નીકળી ગયો હતો. ચોક્કસ તેની દોટ સૉડર પાછળ જ હતી. અચંબા ને બીકમાં ગરકાવ થએલો જૉર્ડન લથડતો લથડતો પગભર થયો ને જંગલની દિશે પગલાં માંડ્યાં.

સૉડરને પણ પાછળ પડ્યા આવતા હાથીની ખબર તો પડી જ ગઈ ને તેણે પાછળ જોયું ત્યારે તો સીઝર અમુક ફૂટ જ તેનાથી દૂર હતો! બંદૂક ચલાવવાનો તો અવકાશ જ ન હતો. તેના ચહેરા પરથી લોહીનું એકેએક બુંદ અદૃશ્ય થઈ ગયું ને ભય જાણે બીજી બધી શક્તિઓ હણી નાખી હોય તેમ ચીસ પણ તેના મોંમાંથી સરી ન શકી.

પણ ના, એક ચીસ નીકળી જ,—કાળજાં સોંસરવી ઊતરી જાય એવી. અને તે છેલ્લી જ હતી. જૉર્ડને તે બરાબર સાંભળી, ને ધૂળના નાના ગોટ પણ આકાશમાં ઊડતા તેણે જોયા. કારમી વેદનાથી તેણે આંખ આડા હાથ દઈ દીધા.

એ જ વખતે ઉપરાઉપરી તેણે બંદૂકના ત્રણ બાર સાંભળ્યા. એક જબરો ધુમાડો થયો ને પહેલાં કરતાં યે ધૂળનો જબરો ગોટો આકાશમાં ઊડી નીકળ્યો.

લંગડાતો લંગડાતો જૉર્ડન જેમતેમ કરી ત્યાં પહોંચ્યો ત્યારે માંસના લોચા જેવા બની ગએલા સૉડરની પાસે જ હાથીનું તોતીંગ શરીર તરફડીને વિરમવાની અણી પર હતું. સામે જ બંદૂક પર માથું ટેકવી ઊભેલો સ્ટડબેકર ડુસકે ડુસકે રડી રહ્યો હતો અને કાર તથા ક્રિન્ટન તેને આશ્વાસન આપી રહ્યા હતા.

પરંતુ જૉર્ડનને જોતાં જ, ને ખાસ કરીને લોહી-નીંગળતો તેનો પગ જોતાં જ, ત્રણે જણ અજાયબીથી તેની સામે ફર્યા. જૉર્ડને સૉડર સાથેના પોતાના પ્રથમ પરિચયથી માંડીને છેવટ સુધીની બધી કથા આ વખતે તેમને કહી સંભળાવી. હીરા માટે તેણે વાપરેલી ચાલાકીએ તો બધાનાં મોંમાંથી 'આફરીન' પોકરાવ્યું.

'પણ મારી તો સામે યે સીઝરે ન જોયું.' છેવટ ઉપસંહાર કરતાં જૉર્ડન બોલ્યો.

'એ બરાબર હતું,' સ્ટડબેકર બોલી ઊઠ્યો: 'મેં તને મારા મદદનીશ જોની વાત કહેલી એ તો યાદ છે ને? એ જોનના વાળ ખૂબ લાલ ને ચળકતા હતા ને એવા જ વાળ કમનસીબે સૉડરને માથે હતા. સીઝરની એ પર નજર પડતાં જ તેને મરીવાળી આખરી યાદ આવી ગઈ હશે!'

'હં, હં, બરાબર છે:' જૉર્ડન બોલી ઊઠ્યો: 'હાથી પોતાને થએલી ઈજા જેટલી સહેલાઈથી ભૂલી શકે છે એટલી સહેલાઈથી અપમાન નથી ભૂલી શકતો.'

'ચાલો, જે થયું તે ઠીક જ થયું.' કાર બોલ્યો. 'અમારા હીરા સાથે તમને પણ ખુશકિસ્મત સાંપડી. એના દંતૂશળો યે કેટલા જબરા છે' ક્રિન્ટન, 'ખુદાનો ઇન્સાફ અદલ છે!'

ને હસીને ક્રિન્ટને તેમાં સંમતિ આપી.

(અંગ્રેજી ઉપરથી) **અશોક હર્ષ**

૧૯૪૦ના ગુજરાતી સાહિત્યની સમીક્ષા

ગુજરાત સાહિત્ય સભા—અમદાવાદ તરફથી ૧૯૪૦ના વર્ષના ગુજરાતી સાહિત્યની સમીક્ષા કરવાનું કાર્ય શ્રી પ્રો. રવિશંકર જોષીને સોંપવામાં આવ્યું છે. તો આથી સૌ લેખકો તથા પ્રકાશકોને વિનતિ છે કે તેઓ પોતાનાં પ્રકાશનો નીચેના સરનામે તેમને મોકલી આપી સભાને આ કામમાં સહકાર આપે:

પ્રો. રવિશંકર જોષી · તખ્તેશ્વર પ્લૉટ · **ભાવનગર** (કાઠિયાવાડ)

मनोमंथन

३ चोरावर मोर

'स्मरणयात्रा' पछीना काळनां
काकासाहेबना कॉलेजजीवननां
केटलांक स्मरणो

માણસમાં સજ્જનતા અને દુર્જનતા બન્ને હોય છે. કોઈ વખતે સજ્જનતા સાવ સૂઈ જાય છે. કોઈ વખતે જાગતી હોય તો યે દુર્જનતા સામે થવા જેટલો અેનામાં ઉત્સાહ નથી હોતો. કોઈ વખતે સામે થાય પણ ખરી; પણ હારી જાય છે. હમેશ આમ ચાલતા યુદ્ધમાં જ્યારે દુર્જનતા જ હારી જાય છે ત્યારે માણસ સદાચારી થયો ગણાય. અને જ્યારે આખરે દુર્જનતા ઓગળી જાય, સજ્જનતાને હરીફ જ ન રહે, ત્યારે માણસ જીત્યો કહેવાય.

મારી દુર્જનતાનું અેક સ્મરણ આ યાત્રામાં નોંધવા જેવું છે. કૉલેજમાં ત્રીજી ક્લબ અે કાનડી વિદ્યાર્થીઓની. કર્ણાટકમાં આવેલા બેલગામનો હું રહીશ અેટલે બીજી ક્લબવાળા મને લે નહિ. પરિણામે મને ત્રીજીમાં જવાની ફરજ પડી. અે ક્લબમાં હું કઅી રીતે ફાવું! કાનડી ભાષા હું સહેલાઅીથી બોલી ન શકું. અેટલે ચર્ચા વિનોદ કશામાં ભાગ ન લેવાય. બધા જ કાનડી વિદ્યાર્થીઓ કંઅી મરાઠીમાં ન બોલી શકે. થોડા દિવસ પછી હું મરાઠી છું અેની શોધ થઅી અને બીજી ક્લબમાંથી મને આમંત્રણ આવ્યું અને હું ત્યાં ગયો. આને લીધે બન્ને ક્લબના વિદ્યાર્થીઓ જોડે મારો પરિચય થયો. ૧૯૦૭ની રાષ્ટ્રીય હિલચાલમાં કૉલેજોમાંથી પ્રાંતીય ભેદ કાઢી નાખવાના અમારા પ્રયત્નમાં અે પરિચય કીમતી નીવડ્યો. પણ અે પરિચયમાંથી મને અેક વખતે પોતાની દુર્જનતા અજમાવવાનો અેક પ્રસંગ મળ્યો અે તો ઓર જ હતો.

અમારા વખતમાં કૉલેજમાં નહાવાની સગવડ પૂરતી ન હતી. અેક મોટી ઓરડીમાં દિવાલ સાથે અંડલો ફરતો નળ હતો અેમાં સરખે અંતરે ચકલીઓ બેસાડેલી હતી. દરેક ચકલી નીચે અેક પથરો. અેના પર બેસી નાહીઅે. પાણી ગરમ કરવા માટે અેક બંબ હતો. અેમાં અેક મોટા નળે પાણી આવે અને બે નાની ચકલીઅે નહાવાને ગરમ પાણી મળે. આ બે ચકલી આગળ છ છ ડોલોની હાર હમેશાં ઊભી હોય. છેલ્લી બકેટનો વારો આવે ત્યાં સુધીમાં કલાક જાય. કોઅી કોઅી વાર તો અેક બકેટ આપણને ન મળે. પછી જેની ડોલ ભરાતી હોય અેને કહીઅે, તારો નાહ્યા પછી ડોલ મને આપજે. અેને અેમ 'ક્લેમ' કહેતા હતા. ઘણીવાર તો સામો માણસ કહે કે અેનો ક્લેમ થઅી ચૂક્યો છે. કોઅીવાર છેલ્લી ડોલનો ક્લેમ મેળવવાને ભાગ્યશાળી થઅીઅે. હવે અે ડોલ પહેલી થઅીને ભરાય પછી પેલો ધણી નહાય ત્યારે અે ડોલ આપણને મળે. ત્યાર પછી જૂની હારમાં અે છેલ્લી મૂકીઅે અને પછી જ્યારે અે પહેલી થઅીને ભરાય ત્યારે ત્યારે આપણ નહાવા પામીઅે"! આટલો વખત ત્યાં બેસવાની ધીરજ કોને હોય! અેટલે પોતાના ક્લેમની નિશાની તરીકે લોટો અથવા અેવી જ કોઅી વસ્તુ ડોલમાં મૂકીને શૌચ માટે કે કેશ કતરાવવા કે બીજા કામે જઅીઅે.

આવી સ્થિતિનો ફાયદો લેવાનું અેક કર્ણાટકી ભાઅીને સૂઝ્યું. અેને આપણે વ્યંકટેશ કહીશું. વ્યંકટેશ સ્નાનગૃહમાં આવે કે તરત જ શોધવા લાગે કે ક્યા ડોલ પર કોનો ક્લેમ છે. ડોલ ભરી હોય અને અેનો માલિક અે જ ક્ષણે હાજર ન હોય તો તો વ્યંકટેશ આગળ સવાલ જ નહિ. સ્નાનગૃહનો ભૈયો ગમે તેટલું કહે કે આ ડોલ ફલાણા ભાઅીની છે, અે હમણાં આવશે, તો યે વ્યંકટેશ અે ડોલ તફડાવવાના જ. પણ વ્યંકટેશ અેથી આગળ વધ્યા. બીજાની ડોલમાંથી અેનો લોટો કાઢી બહાર મૂકે અને પોતાનો લોટો અવેજીમાં અેમાં મૂકી દે. મૂળ માલિક આવી જાય તોયે ઝગડા કેમ મટે! વ્યંકટેશ કહે આ ડોલ મારી છે. સામો માણસ કહે મારી છે. હવે 'સોગન સામે સોગન'ના કજીઆનો નિકાલ કઅી રીતે આવે! વ્યંકટેશનો સ્વભાવ તકરારી, અેટલે જે આખર સુધી બોલે તે જીતી જવાનો અે ન્યાયે ઘણી વખત વ્યંકટેશ જીતી જતા. પછી તો ઘણા જણ વ્યંકટેશને ઓળખી ગયા. અેને અે આવે ત્યારે બધા

ચેની જતા અને પોતાપોતાનો કલેગ સાચવતા. આ પછી તો કોઈ જો કોઈની ડોલ તફડાવે એને તો ચોર કહેવાને બદલે બધા એને જ 'વ્યંકટેશ' કહેતા! થોડા જ દિવસમાં બિચારા વ્યંકટેશની સાખ સાવ ઘટી ગઈ અને એની ચૌર્યકળા કીર્તિરૂપે જ રહી.

આવા અદ્ભુત વાતાવરણમાં સ્નાનાગારના રાજકારણમાં એમ પ્રવેશ કર્યો. થોડા જ દિવસમાં વ્યંકટેશની ખ્યાતિ મને સુવિદિત થઈ. ખ્યાતિ સુવિદિત થઈ અને મારી મતિ બગડી. મેં વિચાર કર્યો કે चोरावर मोर એ ન્યાયે ચોરની ચોરી કરવામાં પાપ નથી, અને શાહુકાર જોડે શાહુકાર રહેવાથી સપડાવાનો ભો નથી. મેં મન સાથે નક્કી કર્યું કે એકલા વ્યંકટેશને જ ન્યાય નીતિના ક્ષેત્રથી બહારના ગણવા અને ધર્માધર્મનો કશો ખ્યાલ કર્યા વગર વ્યંકટેશને લૂંટવા.

બીજે જ દિવસે વ્યંકટેશને પોતાની ડોલમાં લોટો મૂકી કપડાં લાવવા રૂમમાં ગએલા મેં જોયા. હું સીધો ગયો અને એની ભરેલી ડોલ ઉપાડી નહાવાનું શરૂ કર્યું. વ્યંકટેશ આવ્યા ત્યારે મને હસવું આવતું હતું. હું ચોરનો ચોર ખરો, પણ કંઈ ચોરીમાં પાકો ન હતો. છતાં પૂરો પ્રયત્ન કરી હસવું દબાવ્યું અને એકચિત્ત થઈ નાહવા લાગ્યો. વ્યંકટેશને પણ આ અપૂર્વ પ્રસંગ હતો. એણે ડોળા કાઢી, નસકોરાં ફુલાવી મારી સાથે ઝગડો શરૂ કર્યો. મને ચીડાવાનું તો કારણ હતું જ નહિ, એટલે ગરમ પાણીએ નહાતો છતો હું ઠંડો જ હતો. વ્યંકટેશની બીજી એક વાત મારા ધ્યાનમાં આવી હતી. એને મરાઠી બરાબર આવડતું ન હતું. એ કાનડીમાં બોલે તો કર્ણાટકી ભાઈઓ જ સમજે. સાર્વજનિક વ્યવહાર તો મુખ્યત્વે અંગ્રેજીમાં ચાલે. કોઈ એની સાથે મરાઠીમાં બોલે તો એ અંગ્રેજીને બદલે પોતાની ભાંગીતૂટી મરાઠીમાં જવાબ આપતો. આ શોધનો માલેક હું જ હતો. એટલે કે મેં એ આજ સુધી ગુપ્ત જ રાખી હતી. આવી શોધનું 'પેટન્ટ' તો લેવાય જ નહિ. મેં વ્યંકટેશ જોડે મરાઠીમાં કજીઓ શરૂ કર્યો. પ્રથમ તો બિચારાની શાખ રહી ન હતી, એટલે એનું કોઈ સાચું માને નહિ; અને મારી જોડે મરાઠીમાં બોલતાં એને શબ્દો કે વાક્યપ્રયોગો ઝટ જડે નહિ. આસપાસના પ્રેક્ષકો એ જ સાધારણરીતે આવા ઝગડાના ન્યાયાધીશ હોય છે. એટલે વ્યંકટેશના વાક્પ્રવાહમાં ભાષા દુર્બળતાને લીધે જેટલા સ્ખલન થાય તે બધાનું કારણ એનો પક્ષ ખોટો છે એ જ મનાવા લાગ્યું. જેમજેમ પ્રેક્ષકોની મારા તરફની સહાનુભૂતિ વધે તેમતેમ વ્યંકટેશ ચીડાઈને આંધળો બને. હું મરાઠીમાં બોલું એટલે એને અંગ્રેજીમાં બોલવાનું સૂઝે જ શાનું? એને પણ ખબર ન હતી કે મેં ઈરાદાપૂર્વક એને ભાષાની જાળમાં કરોળિયાની પેઠે પકડ્યો હતો. હું દર દલીલને અંતે ભારપૂર્વક કહેતો કે તમને ભલે ડોલ તફડાવવાની ટેવ હોય, પણ મારી આગળ તમારું ચાલવાનું નથી. હું નવો વિદ્યાર્થી જાણી મને લૂંટવા માગો છો એમ?


મેં આમ બે ત્રણવાર વ્યંકટેશને લૂંટ્યો હશે! પછી વિચાર આવ્યો स्वल्पम् एव अधर्मस्य त्रायते महतोभयात्. ઝાઝા દિવસો સુધી આમ ચલાવીશ તો મારો ભેદ ખુલશે અને પછી મારે પણ વ્યંકટેશની હારમાં બેસવું પડશે. પણ ત્રણચાર વારથી જ હું કેમ ધરાઉં! મેં આગળ જઈને વિચાર કર્યો કે અધર્મથી હવે સ્વાર્થ સાધવો એ સલામત નથી, પણ પરોપકાર તો જરૂર કરાય. એટલે મેં મારા મિત્ર પરચુરેને મારી વિદ્યાની દીક્ષા આપી. ભાષાની શોધથી પણ મેં પરચુરેને વાકેફ કર્યા. પછી તો પૂછવું જ શું? પરચુરેએ મારા મંત્રનો પ્રયોગ આબાદ ચલાવ્યો. પ્રેક્ષક ન્યાયાધીશો કહેવા લાગ્યા, કેમ વ્યંકટેશ! કાલેલકર સાથે ન ફાવ્યા એટલે પરચુરેને સતાવો છો!

બિચારા વ્યંકટેશને જીવવું વસમું થઈ પડ્યું. સ્નાનાગારમાં આવે તે હમેશ ગમગીનીમાં જ. જરાક બહાર જાય તો યે બેત્રણ જણને પોતાની ડોલ વિષે સાક્ષી રાખીને જાય. પરચૂરે કહે આપણે હજી આગળ વધી શકીશું. આપણા મિત્રોમાંથી એના સાક્ષીદાર રહીશું અને છેલ્લી ઘડીએ ફરી જઈશું. એ કલ્પના હતી આબાદ, પણ મારી દુર્જનતા એટલી હદ સુધી જવા તૈયાર ન હતી. મેં એને કહ્યું, બિચારો વ્યંકટેશ ગરીબ ગાય થયો છે. આપણે આપણી ચોરીમાં વધારે લોકોને શામિલ કરીશું તો તે વાત ગુપ્ત રહેવાની નથી. મંત્ર પટ્કર્ણી થઈ જાય એટલે એ ગુપ્ત રહેતો નથી. અને વળી દુર્જનતામાં વધીશું તો આપણે જ કાયમના દુર્જન થઈ પડીશું. માટે આ અન્યાયનો અહીં જ અંત આણવો ઇષ્ટ છે.

दत्तात्रेय बालकृष्ण कालेलकर

ભૂતકાળની શોધમાં

ઉત્તર ગુજરાતનાં પ્રાચીન ઇતિહાસકેન્દ્રોનો પગપાળા કરેલો પ્રવાસ



ડાબી બાજુ: ઉત્તર ગુજરાતના મંદિરસ્થાપત્યનો એક નમૂનો

પ્રાચીન ધર્મારણ્યના આ ગામના ભોળા માનવીઓ સાથે કલાકેક વાર્તાલાપ કરી અમે વ્યાઘ્રપલ્લી (વાઘેલ)ને પંથે પ્રયાણ કર્યું. પેલું મહાદેવનું મંદિર રસ્તામાં જ આવ્યું. જોયું તો જીર્ણ જણાયું. તળીએથી માંડી ટોચ સુધી પાકી ઈંટોનું ચણતર નવાઈ પમાડે એવું હતું. ઝૂંપડીઓના વિશિષ્ટ આકાર પછી વહિયારની આ બીજી વિશેષતા મેં જોઈ. સોલંકીઓના રાજ્ય પૂર્વે ઉત્તર ગુજરાતમાં આવાં પાકી ઈંટોનાં જ મંદિરો બંધાતાં. ગુજરાતનું મંદિર-સ્થાપત્ય આપણે ત્યાં બહારથી આવ્યું છે એમ મનાય છે. પણ એનાં ઉત્પત્તિ અને વિકાસ તળપદાં જ છે એમ હું માનું છું. મારા આ વિધાનની રૂપરેખા થોડાક શબ્દોમાં આ પ્રમાણે છે:

મંદિરનાં શિખરોના પ્રકાર

મંદિરના સ્થાપત્યમાં શિખર એક મુખ્ય અંગ છે ને સ્થાપત્યના પરીક્ષણની શરૂઆત તેનાથી જ થાય છે. હિંદી મંદિરોનાં શિખર ત્રણ પ્રકારનાં છે:

૧ દ્રવિડ: માત્ર દક્ષિણમાં જ એ જોવામાં આવે છે. કાંજીવરમ્ (કાંચી પુરી), રામેશ્વરમ્ અને મદુરામાં એના શ્રેષ્ઠ નમૂના નજરે પડે છે. ઉત્તર હિંદમાં વૃંદાવનમાં પણ આ શૈલીનું એક મંદિર છે. એના શિખરની આકારરેખા આડી Horizontal હોય છે.

૨ આર્ય: ગોળ કે લંબગોળ અને ઉપર કળશ. આને ફરતાં એના જેવા આકારનાં નાનાં નાનાં બીજાં શિખરો પણ હોય છે. ગુજરાત, રજપુતાના, મધ્ય હિંદ અને ઓરિસ્સામાં આ શૈલી ખાસ જોવામાં આવે છે. પથ્થરના અભાવને લઈ યુક્ત પ્રાંતો પંજાબ ને સિંધમાં મંદિરો નહિં જેવાં જ થયાં છે. અલબત્ત, લાકડા વગેરેનાં મંદિરો પ્રાચીન કાળમાં ત્યાં થયાં હશે. પણ તે નાશ પામ્યાં ને ઉપરોક્ત પ્રદેશોના પથ્થરનાં મંદિરો હજુ ટકી રહ્યાં છે.

૩ ચાલુક્ય: ઉપરના બન્ને પ્રકારનો સુમેળ કરી ઉપજાવી કાઢેલી આ શૈલીનાં મંદિરો કાનડા (મુંબઈ ઇલાકાના દક્ષિણ વિભાગ તથા મૈસુર)માં જ દેખાય છે.

ગુજરાતનાં મંદિરોનાં શિખર 'આર્ય' પ્રકારનાં છે. મંદિરોનું સ્થાપત્ય આજ પર્યંત ગુજરાતે જ જીવતું રાખ્યું છે તે આપણા માટે ગૌરવપ્રદ છે. બીજે બધે હિંદમાં તેનું નાશ પામ્યું છે.

ગુજરાત અને ઓરિસ્સાનાં મંદિરસ્થાપત્ય

પાટણની નજીક સાંડેરમાં સાંડેરી માતાનું એક ઘણું જૂનું દહેરું છે. સોલંકીઓના કાળમાં મંદિરસ્થાપત્યે જે કંઈ પ્રગતિ કરી તે પૂર્વેનો આ નમૂનો છે. મંદિરનું શિખર અને તેની બાંધણીના plan. એ બંને ઓરિસ્સાનાં પ્રાચીન શિખરો અને બાંધણી સાથે ખૂબ મળતાં આવે છે. આ સામ્યના આધારે ગુજરાત અને ઓરિસ્સાનાં મંદિરસ્થાપત્યનો ખાસ સંબંધ હોવાનું મનાય છે.

આ પછી સોલંકીઓએ બંધાવેલાં મંદિરોમાં કન્નડ દેશના ચાલુક્ય સ્થાપત્યનું કંઈક પ્રતિબિંબ નજરે પડે છે. હેમાડપન્તીના મંદિર સાથે આપણાં આ મંદિરો સરખાવવા જેવાં છે. આ મળતાપણા ઉપરથી બે પરિણામો પર અવાય છે:

૧ સોલંક્ય સમય પૂર્વેનું મંદિરસ્થાપત્ય ઓરિસ્સાના તત્કાલીન મંદિરસ્થાપત્ય સાથે અતિ નજીકનો સંબંધ ધરાવે છે. આ સ્થાપત્યશૈલી ઓરિસ્સા (પ્રાચીન કલિંગ)થી ગુજરાતમાં આવી કે ગુજરાતથી ઓરિસ્સા ગઈ તે હાલ કહી શકાતું નથી.


૨ સોલંક્ય સમયમાં ગુજરાતના મંદિરસ્થાપત્યમાં થોડીક ચાલુક્યશૈલી (કાનડાની)નો પણ ઉમેરો થયો.

ગુજરાતના મંદિરસ્થાપત્યની પ્રાચીનતા

ગુજરાતનું મંદિરસ્થાપત્ય તળપદું છે કે કલિંગથી આવેલું એ નક્કી કરવા માટે કાળના કેટલા ઊંડાણ સુધી એ જાય છે તે તપાસી જવું પડશે.

મંદિરના મુખ્ય અંગ શિખરની ઉત્પત્તિ શી છે એ હાલ નક્કી નથી. શ્રી નાનાલાલ ચમનલાલ મહેતા પાઘડીમાંથી તેની ઉત્પત્તિ દર્શાવે છે. બર્જેસ અને કઝિન્સ માને છે કે બીજી ઇમારતોથી મંદિરને જુદું પાડવા માટે

ડાબી બાજુની આકૃતિ ૧—જૂનાગઢમાં બાવા પ્યારાના મઠની ઈ. ૨૦૦ની ક્ષત્રપકાળની ગુફાઓનો એક દરવાજો. ગુજરાતમાં દરવાજાનો આ પ્રાચીનતમ નમૂનો છે. વચ્ચેની આકૃતિ ૨—જૂનાગઢમાં ઉપરકોટના કુવા ખોદતાં મળી આવેલા ગુપ્તકાળના શિલ્પની એક આકૃતિ. છેલ્લે—ભારહુત–સાંચીના સ્થાપત્યમાં મળી આવતી સ્તૂપોની પ્રારંભિક આકૃતિ. આ ત્રણે ઝૂંપડીની આકૃતિઓ સ્થાપત્યમાં થએલો વિકાસ સૂચવે છે.








તેના ઉપર શિખર મૂકવામાં આવ્યું. આ લેખમાં, હાલ વઢિયારમાં કોળીઓએ સાચવી રાખેલા પ્રારંભિક નમૂનાનાં ઝુંપડાંઓ અને ઘરો પરથી મંદિરની આકૃતિ ઊતરી આવી છે એવી માન્યતા મેં રજૂ કરી છે. ઇસ્વીસન પૂર્વે ત્રીજા અને બીજા સૈકાનાં ભારહુત અને સાંચીનાં સ્થાપત્યમાંથી આ માન્યતાની પુષ્ટિમાં પ્રમાણ મળી રહે છે. (જુઓ ચિત્ર નં. ૧)

ગોપ અને ઉપરકોટના મંદિરો

જામનગર પાસે ગોપ અને પોરબંદર પાસે બીલેશ્વરનાં મંદિરોને ગુજરાતમાં હાલ સચવાઈ રહેલાં પ્રાચીનતમ મંદિરો લેખી શકાય.* તેના શિખરના શણગારમાંથી એક આકૃતિ અત્ર આપું છું. જૂનાગઢમાં ઉપરકોટમાં ૧૮૭૦માં થએલા ખોદકામમાં ગુપ્ત કાળનું કેટલુંક સ્થાપત્ય નીકળ્યું હતું. વળી જૂનાગઢ નજીક આવેલી બાવા પ્યારાની ગુફાઓ ક્ષત્રપાળ(ઇ.સ. ૨૦૦ આસપાસ) ની છે. આ બંનેનાં કોતરકામમાંની પણ બે આકૃતિઓ અત્રે રજૂ કરૂં છું. આ સઘળી આકૃતિઓને જોઈ સમજાશે કે મંદિરની આકૃતિ અને શિખર પ્રારંભની ગોળ ઝૂંપડી અને ઘરમાંથી ઊતરી આવ્યાં હતાં.

ગોળમાંથી ચોરસ શિખરો શી રીતે થયાં?

પ્રારંભના ઘુમ્મટો ગોળ હતા. પથ્થરની ઈમારતો ચણવાનો પ્રારંભ થતાં ઘુમ્મટો ગોળ રાખી શકાયાં. પણ પથ્થર સહજે પ્રાપ્ત થતો નથી ને વળી દૂરથી મંગાવતાં ઘણો મોંઘો પડે છે. એથી પથ્થર વિહોણા કાંપના પ્રદેશોમાં ઈંટોનાં ઘરો બાંધવાની પ્રણાલિકા પડી. મંદિરો પણ ઈંટોનાં જ થયાં. ઈંટોના ચણતરમાં પૂર્વ–પરંપરા પ્રમાણે ઘુમ્મટને ગોળ રાખી શકાય નહિ, એટલે એ step-pyramidના જેવા ચોરસ થવા લાગ્યા. ઉત્તર ગુજરાતમાં પથ્થર મળતો નથી, ખાસ કરી વઢિયારમાં, ને એ જ કારણે આ પ્રદેશમાં ઈંટોનાં મંદિરો



જામનગર પાસે ગોપ ગામના મંદિર (ઈ.સ. ૪૦૦)ના શિખરના એક ભદ્ર પરની આ આકૃતિ ગુજરાતમાં ઝૂંપડીની આકૃતિનો થએલો વિકાસ સૂચવે છે.

*ગુજરાત કાઠિયાવાડમાં આવી શૈલીના આ બે જ નમૂના હાલ છે. એવી શૈલીનાં પ્રાચીન મંદિરો માત્ર કાશ્મીરમાં હયાત છે. દંતકથા પ્રમાણે જેઠવાઓ કાશ્મીરથી કાઠિયાવાડમાં આવ્યા છે. એમના આગમન વેળા કદાચ આ શૈલી એમની સાથે આવી હોય એ શકય છે. ગોપ અને બીલેશ્વર આ બંને તેમના હાલના તથા પ્રાચીન રાજ્ય (ઘુમલી-નાગનાનું)ની સીમાની અંદર છે. હાલ આ શૈલીને આપણે ગુજરાતની બહારની લેખી તેની નોંધ નહિ લઈએ.

મળી આવે છે. આ સર્વ સાંડેરના મંદિર કરતાં ય પ્રાચીન કાળનાં છે. વળી આ મંદિરોની પ્રાચીનતા પંચાસર પાસે એક બાજુએ ગુપ્ત કાળને સ્પર્શી રહે છે.

સાંડેર અને ઘુમલીનાં મંદિરોની શૈલી

ઘુમલીનું નવલખા મંદિર તેના શિખર ને આયોજન બંનેની દૃષ્ટિએ સાંડેરના મંદિરને મળતું છે. આ ઉપરથી જણાય છે કે ઓરિસ્સા સાથે મળતું આવતું ઉત્તર ગુજરાતનું મંદિરસ્થાપત્ય કાઠિયાવાડમાં છેક ઘુમલી સુધી પહોંચી ગયું હતું. આટલે સુધી કાઠિયાવાડ અને ગુજરાતનું મંદિરસ્થાપત્ય સરખું જ છે.

થાન, ઝિંઝુવાડા અને પંચાસરનાં દેવળો

વઢિયારની દક્ષિણેનો ખારોપાટ પ્રદેશ કાઠિયાવાડની બહાર હોવા છતાં પણ સંસ્કૃતિની દૃષ્ટિએ કાઠિયાવાડનો જ એક ભાગ છે. ઝિંઝુવાડા એનું મથક છે ને એને પૂર્વ નાકે પંચાસર આવેલું છે. આ પ્રદેશમાં ધ્રાંગધ્રાના જેવો નરમ પથ્થર જમીનમાં પુષ્કળ મળી આવે છે. એટલે ત્યાંનાં દહેરીઓ અને મંદિરો એનાં જ બનેલાં જોવામાં આવે છે. આ મંદિરનું સ્થાપત્ય ઘણું સાદું છે અને શિખર ચતુષ્કોણાકાર Pyramidical અને ઘણું નાનું હોય છે. ઝિંઝુવાડાથી માંડી કાઠિયાવાડમાં ધ્રાંગધ્રા, વઢવાણ થઈ થાન સુધી એ જ શૈલી નજરે પડે છે. હિંદનાં અતિ પુરાતન સ્થળો પૈકી થાન પણ એક છે. ત્યાં આ સિવાય બીજી શૈલી નજરે પડતી નથી. અલબત્ત, હાલ ત્યાં જળવાઈ રહેલી દહેરીઓ મધ્યકાળની છે, પણ એના જેવી પૂર્વાકૃતિઓમાંથી જ તે ઊતરી આવી છે. વલભીના મૈત્રકોના કાળમાં સુરાષ્ટ્રના દક્ષિણ ભાગમાં બૌદ્ધ અને જૈન ધર્મોનું પ્રાબલ્ય વિશેષ રહ્યું હતું. એથી આ ભાગમાં ગુફાઓ વિશેષ નજરે પડે છે. સ્તૂપ હજી આ ભાગમાં મળ્યા નથી, પણ બીલખાની નજીક ગિરનારના ગઢાકોટ શિખર ઉપર એક સ્તૂપ મને તાજેતરમાં મળી આવ્યા છે.

આ પૂર્વે ગુજરાતમાં કઈ શૈલીનાં મંદિરો હતાં તેનો નમૂનો હજી મળી આવેલ નથી. તે સમયમાં બૌદ્ધ ધર્મનું પ્રાબલ્ય હોવાથી જરૂર સ્તૂપો કે ચૈત્યો રચ્યાં હશે, પણ આ ઇમારતો નાશ પામી છે ને ભવિષ્યમાં કદાચ ક્યાંક ખોદકામ કરાવતાં એકાદ નીકળી પણ આવે. અલબત્ત, તારંગાના ડુંગર ઉપર એવી થોડીક નિશાનીઓ હાલ છે ખરી. કાઠિયાવાડમાં તો બૌદ્ધ અવશેષો ઘણા છે.

સ્થાપત્ય માટે પથ્થર પૂર્વે લાકડાનો ઉપયોગ

ઇતિહાસ કાળના હિંદની પ્રાચીનતમ ઇમારતો થોડીક જ મળી આવી છે. બુદ્ધગયા, ભારહુત, સાંચી, અમરાવતી અને અજંટા વગેરેની સઘળી શિલ્પસમૃદ્ધિ ઈ. સ. પૂર્વે ત્રીજાથી બીજા સૈકા સુધીની છે. પૂર્વે ઇમારતી શિલ્પ લાકડા પર કોતરાતું. એ જ કારણે અશોકની પૂર્વેના શિલ્પના નમૂના મળ્યા નથી. સાંચી સ્તૂપનાં પ્રવેશદ્વારો હિંદના ઉપલબ્ધ પ્રાચીનતમ સ્થાપત્યશિલ્પની સર્વોત્તમ કૃતિઓ છે. એક લેખદ્વારા જણાયું છે કે વિદિશાનગરી (સાંચીથી ૫ માઈલ દૂર હાલનું ભિલસા)-ના હાથીદાંતના શિલ્પીઓએ એ બનાવ્યા હતા. હિંદના પ્રાચીનતમ શિલ્પની રચનાપ્રણાલી અને સાંધાઓને જોતાં જણાય છે કે બૌદ્ધ કાળમાં સુતારો જ કડીઆનું કામ કરવા લાગ્યા હતા. ગુજરાત વિષે પણ તેમજ બન્યું છે. સોમનાથનું મંદિર ભીમદેવે બંધાવ્યું તે પૂર્વે લાકડાનું જ હતું. શત્રુંજય પર હાલનાં દહેરાંઓ બંધાયાં તે પૂર્વે ત્યાં તે લાકડાનાં હતાં ને એક દીવાના અકસ્માતથી બળી ગયા હતાં એ વાત જાણીતી છે. હિંદમાં જેમ અશોકે કાષ્ઠશિલ્પને પથ્થર પર ઉતરાવ્યું તેવી જ રીતે ગુજરાતમાં એ કાર્ય મુખ્યત્વે સોલંકીઓએ કરેલું.

આ બધું જોતાં અને વિચારતાં હાલ મને એમ લાગે છે કે ગુજરાતનું મંદિરસ્થાપત્ય તળપદું જ છે, કારણ આપણે ત્યાંના જેટલાં જૂનાં મંદિરો હજી કલિંગમાં મળ્યાં નથી. વળી કલિંગ અને ગુજરાત વચ્ચે ખાસ ઐતિહાસિક સંબંધ રહ્યાનાં પ્રમાણો હાલ ઉપલબ્ધ નથી.

જાવામાં ગુજરાતનું પ્રાચીન સ્થાપત્ય

આપણા મંદિરસ્થાપત્યનો પ્રસાર જાવા સુધી થએલો માલૂમ પડે છે. આ કોયડો હજી ઉકેલવાનો છે. આ સંબંધના બે ચાર અંકોડા હાલ પ્રાપ્ત થયા છે, પણ તે પૂરતા નથી. આપણા પ્રદેશનો મોટો વિસ્તાર હજી એ દૃષ્ટિએ વણશોધાએલો પડ્યો છે.

માર્ગે ચાલતાં આ વિચારવમળમાં હું સપડાયો હતો ત્યાં તો એક અદ્ભુત દૃશ્ય નજરે પડ્યું. જમણી બાજુના વિસ્તારમાં ગાઉએક દૂર જાણે દરિયો પથરાએલો ન હોય! ત્યારે શું વાંચેલ દરિયાને કાંઠે છે? પણ ઉત્તર ગુજરાતમાં તો ક્યાંય દરિયો નથી!

(ચાલુ)

અમૃતલાલ વ. પંડ્યા

મરાઠાઓનો અસ્તોદય



શિવાજી

પ્રાચીન કાળથી તે મધ્ય યુગ સુધી—અથવા વધુ નિશ્ચિત રૂપે કહીએ તો ગૌતમબુદ્ધ, સિકંદર ને અશોકથી માંડી પૃથ્વીરાજ ચૌહાણ સુધીના કાળમાં ભારતવર્ષે સુદીર્ઘ સંસ્કૃતિ માણી હતી. એટલું જ નહિ પણ જગતના બીજા ભાગોને યે સીધી કે આડકતરી રીતે તેની લ્હાણ આપી હતી. **कृण्वंतो विश्वमार्यम्** (આખા વિશ્વને આર્ય બનાવો) એ ભારતનો ત્યારે મુદ્રાલેખ હતો. એને લઈને અહીં આવેલા ગ્રીકો, શકો, મંગોલો, પાર્થિયનો વગેરે તમામ અહીંના આર્યત્વમાં એવા તો ઓગળી ગયા કે તેમની કશી નિશાની ન રહી. પરંતુ એક માત્ર મુસ્લીમો જ અહીં એવી રીતે ઊતર્યા જે આ દેશના પ્રાણ જોડે સાયુજ્ય ન સાધી શક્યાં.

એનું મુખ્ય કારણ એ છે કે મુસ્લીમોએ પહેલેથી જ અહીંની પરાજિત બુતપરસ્ત પ્રજાને તિરસ્કારની નજરે જોવા માંડી હતી. અને એમના ધર્મના ઝનૂનમાં એમણે એકલી મૂર્તિઓના જ નહિ, પણ મનોહર કોતરકામોનો અને કલાના સુંદર નમૂનાઓનો પણ નાશ કરવા માંડ્યો હતો. સાથોસાથ વટાળની યે પ્રવૃત્તિ એમણે એટલા જોરશોરથી ઉપાડી, જેને લઈને એમની સંખ્યા અહીં ખૂબ વધી પડી. હીંદની આજની મોટી મુસ્લિમ જનસંખ્યામાં પરદેશી મુસ્લિમ લોહીના તત્ત્વનું પ્રમાણ બહુ અલ્પ માલૂમ પડશે.

એ સાથે એક એ વાત ધ્યાનમાં રાખવાની છે કે આ દેશનો સંપૂર્ણ વિજય કરતાં મુસ્લિમોને પાંચસોથી વધુ વર્ષ લાગ્યાં હતાં, અને એટલા લાંબા ગાળા છતાં યે દક્ષિણનાં કેટલાંક રાજ્યો પર એ જુવાળ ફરી વળવા નિષ્ફળ નીવડેલો. દેવગિરિ અને પછી વિજયનગરના પતન સાથે આ મુસ્લિમ આક્રમણોથી જ્યારે હિંદુ પ્રજામાં નિરાશા ઘર કરવા માંડી હતી, તેજ અરસામાં દક્ષિણના એક અજાણ્યા ખૂણામાંથી પ્રકાશનું એક કિરણ પ્રગટ્યું. તલવાર ને તોપને બદલે હળ ને દાતરડાથી ટેવાએલી હિંદની પશ્ચિમ બાજુની કંધારોમાંથી એક અભણ ને અજ્ઞાત તરુણ બહાર આવ્યો ને એ પહાડી પ્રજાની સુષુપ્ત શક્તિને એણે ચેતના આપી. એ છોકરાએ જાગીરદારોની અને પછી ખુદ મુગલાઈની કરોડ પર કારી ઘા માર્યો. ઈ. ૧૬૬૬માં દીવાને આમમાં મયૂરાસન પર બિરાજેલા મુગલ શહેનશાહ સામે અદા ને ખુમારીથી ખડા થએલા એ તરુણે હિંદમાં હિંમત અને આશાનાં નવાં જ આંદોલનો પ્રેર્યાં. મુગલ શહેનશાહની નાગચૂડમાંથી પણ છટકી આવનાર એ શિવાજીમાં હિંદની પ્રજાએ સ્વરાજ અને સ્વતંત્રતાનો પુનરવતાર થતો જોયો. એકલી મરાઠા જાતિની જ નહિ, હિંદભરના દલિત પ્રાણની કટિબદ્ધતાની એ સંસિદ્ધિ હતી.

બિજાપુરની શેહ જ્યાં થઈને પશ્ચિમ કાંઠા પર પસરતી એ સિંહગઢ શિવાજીએ જીતી લીધું. અને ત્યાં જ પોતાની પ્રવૃત્તિઓને કેન્દ્રસ્થ કરવા માંડી. એણે સ્વરાજ્યનું મંગલાચરણ કર્યું. ખીજે ભરાઈ બિજાપુરના સુલતાને એના બાપ શાહજીને કેદ કર્યો ને સિંહગઢ પાછો સોંપી દેવા યા તો શાહજીનો ઘાત સહન કરી લેવાનું જણાવ્યું. શાહજીએ પણ તાબેદારીનું કહેણ મોકલ્યું; પણ શિવાજી પોતાનો શ્રમ અફળ જવા દેવા તૈયાર ન હતો. બાપદીકરા વચ્ચે પણ મતભેદ થયો ને છેવટે એ ઝઘડો સોનોપંત દબીર નામના પાદને વહીવટદાર સલાહકારને સોંપવામાં આવ્યો અને એણે નિકાલ આપ્યો, 'તારામાં જરૂરી હિંમત હશે તો સિંહગઢ જેવા અનેક ગઢ તું જીતી શકીશ; અને તે નહિ હોય તો એકલા સિંહગઢથી શું વળશે!'

અને એ આવશ્યક હિંમત શિવાજીમાં હતી જ. એ હિંમત પર તો એનું આખું ચારિત્ર્ય ઘડાયું હતું ને એ હિંમત જ એણે નિર્માણ કરવા ધારેલી નવરચનાનો પાયો હતી. મિ. હૉલ 'Building of Nation'માં એ જ આવશ્યક વસ્તુ જરાક જુદા શબ્દોમાં મૂકે છે કે: 'એ તો નિર્વિવાદ વસ્તુ છે કે

હિંમત સિવાય બીજો એકે એવો ગુણ નથી જેના પર રાષ્ટ્રની સફળતા આધાર રાખી શકે. કોઇ પણ રાષ્ટ્ર બહાદુર બન્યા વિના શિરસોન્નત કે સ્વતંત્ર ન બની શકે. કાયર રાષ્ટ્રોનું પતન થવું જ જોઇએ.' આ આત્મશ્રદ્ધાની માત્રા શિવાજીએ ભારતને પાઈ. શ્રી જદુનાથ સરકાર કહે છે, 'આધુનિક યુગની હિંદુ જાતિની એ છેલ્લી રચનાનિપુણ પ્રતિભા હતી.'

પરંતુ શિવાજી એના હરીફ ઔરંગઝેબ જેટલું દીર્ઘાયુષ ભોગવવા ભાગ્યશાળી નહોતો થયો. એ અકાળે અવસાન પામ્યો અને એની પાછળ એનું અધૂરૂં મૂકેલું કાર્ય પૂરૂં કરનાર તો શું પણ જેટલું એણે કરેલું એટલાને સંરક્ષી રહેનાર પણ ઉત્તરાધિકારી ન મળ્યો. ઔરંગઝેબ જેવી સદાજાગ્રત વ્યક્તિ એ તક કેમ જતી કરે? મરાઠાઓના નવનિર્મિત સ્વરાજ્ય પર એ સઘળા બળે તૂટી પડ્યો. બિજાપુર ને ગોવળકોંડાનાં મુસ્લિમ રાજ્યોનો ધ્વંસ કરી, શંભાજીને કેદ કર્યો અને તેનો કરુણ અંત આણ્યો.

અહીંથી જ મરાઠાઓનું પુનરુત્થાન આરંભાયું. શિવાજીની પ્રેરણા પુનઃ પ્રજ્વાલિત બની ઊઠી, ને મુગલ શહેનશાહ સામે સત્તર સત્તર વરસ સુધી તેમણે ટક્કર ઝીલી. આત્મભોગના એ બે દાયકા મરાઠા ઇતિહાસનો સુવર્ણકાળ છે. સ્થાયી લશ્કર, મહેસુલ કે બીજી આવક અને કિલ્લેબંદીઓના આશ્રય વિના મૂળ સ્થાનથી હજારો માઇલ દૂર જઇ એમણે આપેલાં યુદ્ધો ચકિત કરે તેવાં હતાં. રાનડે કહે છે તેમ, 'શંભાજીના ઘાત વડે ઔરંગઝેબે મરાઠાઓની સુષુપ્ત યુયુત્સા ઉશ્કેરી મૂકીને એક રાષ્ટ્રના સંગઠન માટે જેટલા મહાન ગુણો જોઈએ તે બધા તેમનામાં વિકસાવ્યા.'

તો પછી કઈ ખામીને લીધે મરાઠાઓનું પતન થયું? એનું મુખ્ય કારણ મને તો એમનો કજિયાળો, છિદ્રાન્વેષી અને અસહિષ્ણુ સ્વભાવ લાગે છે. જીવનની સફળતા હમેશાં સમાધાનની ઉચ્ચ વૃત્તિ પર અવલંબે છે. જીવનની દરેક પ્રવૃત્તિ, તેમાં યે ખાસ કરીને રાજકારણ તો સમાધાન અને સહિષ્ણુતા પર જ સમતોલ રહી શકે છે. પેશવાઓએ મોટામાં મોટી ભૂલ કરી હોય તો જાગીરદાર પદ્ધતિ અખત્યાર કરવામાં કરી હતી. આ અર્ધસ્વતંત્ર જાગીરદારોએ રાષ્ટ્રકારણમાં અંગત મતમતાંતરો ઊભા કર્યા. બીજું, માધવરાવ પહેલાના મરણ પછી કોઈ પ્રબળ પેશવા ન નીવડ્યો; એના ભાઇ નારાયણરાવનું ખૂન થયું ને ઘરના ઝગડા રાજકારણમાં પેઠા. અને ત્રીજું અને સૌથી મોટું કારણ સિંધીઆ અને હોળકર એ બે જબરી મરાઠા સત્તાઓ વચ્ચે ચાલેલી દુશ્મનાવટ ગણી શકાય.

જાગીરદારોમાં સત્તાની પદ્ધતિ પાછી વંશપરંપરાની હતી. અલબત્ત, જેમને એ જાગીરો એનાયત થએલી એ શક્તિશાળી પુરુષો હતા, પરંતુ એમના પછીના ઉછેરમાં એ શક્તિ કે એક જ ધ્યેયનું અવલંબન ન રહ્યું. સૌથી કાયર પેશવા છેલ્લા બાજીરાવના સમયમાં પતનનાં આ સર્વે બી એવાં તો ફાલી નીકળ્યાં કે એ દ્વારા ઇસ્ટ ઇંડીઆ કંપનીએ એના ત્રણ વેલેસ્લી બંધુઓ, લૉર્ડ લેક, માલ્કમ, ક્લોઝ, એલ્ફિન્સ્ટન, મેટકાફ, મનરો, જેન્કિન્સ વગેરેની જમાત વડે થોડા જ વખતમાં મરાઠાઓની આખી વાડી વેડી નાખી. ઈ. ૧૭૯૮થી ૧૮૧૮ સુધીનાં એ વીસ જ વર્ષોમાં શિવાજી અને પેશવાઓએ ખડી કરેલી આખી ઇમારત તૂટી પડી. આજે માત્ર શૂન્યપ્રાણ એનાં અવશેષો એ ગત મહાસિદ્ધિની મૂગી સાક્ષી પૂરતાં ઊભાં છે.

એકલા મરાઠાઓમાં જ નહિ આપણા સમસ્ત પૌર્વાત્યોમાં નિયોજના વૃત્તિ અને પદ્ધતિસરની કાર્યરીતિનો અભાવ રહ્યો છે. આપણો હજારો વર્ષોનો ઇતિહાસ સાબિત કરે છે તેમ બુદ્ધિમાં આપણે જગતની કોઇ પણ પ્રજાને મારી હઠાવીએ તેમ છીએ. પરંતુ આગમબુદ્ધિ (**forethought**), નિયોજના (**organisation**), નિયમિતતા ને વિગતોનું બારીક નિરીક્ષણ, સહકાર અને સંઘવૃત્તિ વગેરે જે ગુણો સફળતાના અનિવાર્ય અંગો છે તેની ઊણપ આપણામાં સદીઓથી રહી છે. સદ્ભાગ્યે એ ઊણપોનું ભાન આપણને હવે થઇ રહ્યું છે ને તેના નિવારણ માટે આપણે મથી રહ્યા છીએ.

(ભારતીય વિદ્યાભવનના અંગ્રેજી મુખપત્રમાંના
શ્રી જી. એસ. સરદેસાઈના લેખ પરથી ટૂંકાવીને)

મેંદીનાં પાન

જે પૂરૂં સાંભળ્યા પહેલાં જવાબ આપવા લાગે છે તે મૂર્ખ છે, અને બેશરમ પણ.

જે પોતાની જીભ કાબૂમાં રાખી શકે છે તે મુશ્કેલીઓને કાબૂમાં રાખી શકે છે.

વિસ્તાર વૈવિધ્ય અને વિપુલતામાં સૌથી સમૃદ્ધ ગુજરાતી કોષનો પ્રશસ્ય પ્રારંભ

ભગવદ્ગોમંડલ

આજથી દસ વર્ષ પર, 'કુમાર'ના ૯૬મા અંકમાં અમે જેની તૈયારીની નોંધ લીધી હતી તે 'ગોંડળ કોષ'નો પહેલો ગ્રંથ ગયા વર્ષની આખરે 'ભગવદ્ગોમંડલ'ના નામથી બહાર પડ્યો છે. અમારી એ નોંધમાં, એ વખતની એને માટેની તૈયારી જોઈને, એને 'ગુજરાતી ભાષાની શબ્દ–શુમારીના સમર્થ પ્રયત્ન' તરીકે અમે ઓળખાવ્યો હતો એ વિધાન, સંખ્યા તેમજ ગુણવત્તા બંનેની દૃષ્ટિએ, સાચું પડ્યું છે એમ આ ગ્રંથ જોતાં જણાય છે. ગુજરાતી ભાષાના સર્વ કોષોમાં વિસ્તાર, વિપુલતા અને વૈવિધ્યની દૃષ્ટિએ આ કોષ મોખરે આવતો લાગે છે.

હિંદની અન્ય ભાષાઓને મુકાબલે સંપૂર્ણ ભાષાકોષના ગુજરાતના દારિદ્ર્યે નર્મદનું પહેલું ધ્યાન ખેંચ્યું ને એણે એકલે હાથે ૨૫,૨૯૮ શબ્દનો 'નર્મકોષ' રચ્યા પછી, તેમાં ઉત્તરોત્તર વિકાસરૂપે છેલ્લો ગુજરાત વિદ્યાપીઠનો ૫૭,૦૦૦ શબ્દોવાળો 'સાર્થ જોડણીકોષ' પ્રકટ થયો ત્યાં સુધીમાં શ્રી લલ્લુભાઈ પટેલ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી વગેરેના થોડાઘણા કોષ બહાર પડી ગયા; પણ ઘરગથ્થુ, તળપદા, લોકભોગ્ય અને પ્રાંતિક શબ્દોએ એમાંના કોઈ કોષકારનું ગ્રાહ્ય ધ્યાન નહોતું ખેંચ્યું. ગોંડલના મહારાજાશ્રી ભગવતસિંહજીને એ ન્યૂનતા વર્ષો પહેલાંથી ખૂંચવા લાગી હતી ને ૧૯૨૮ થી તો એની પૂર્તિ માટે સ્વયં કામે લાગી ગએલા. એના પરિપાકનું પહેલું ફળ હમણાં આપણને મળ્યું છે.

તેના નામ 'ભગવદ્ગોમંડલ'થી પ્રતીત થાય છે તેમ, એ પ્રવૃત્તિના આદ્ય પ્રણેતા અને પ્રધાન સંપાદક મહારાજાશ્રી ભગવતસિંહજીના નામાર્ધ સાથે, 'ગો' એટલે વાણી એ શબ્દાર્થ ઘટાવીને 'ગો–મંડલ' શબ્દનો સમાસ કર્યો છે. ઉપરાંત, 'ગોમંડલ'માં ગોંડલના નામનો પણ ધ્વનિ રહેલો છે. એ રીતે અપાએલું આ નામ એ કેવળ દુન્યવી શિષ્ટાચાર ખાતર કે મહારાજાશ્રીએ આવા મહાભારત કાર્યને આપેલા રાજ્યાશ્રયનો ઋણભાર દર્શાવવા ખાતર નથી, પણ એની પાછળ એમની પોતાની અંગત જહેમત અને ખંત રહેલાં છે, અને તેની પ્રતીતિ એટલી જ હકીકત પરથી થશે કે 'ભગવદ્ગોમંડલ'ની શરૂઆત એમણે પોતે, કોઈપણ કોષમાં પ્રસિદ્ધ નહિ થએલા એવા ૧૫,૦૦૦ નવા શબ્દો આપીને કરી હતી. તેઓશ્રીએ પોતાની યાદદાસ્ત, ખેડૂતો અધિકારીઓ નોકરો આદિ સાથેની વાતચિત, દરબારી કામકાજ, તેમજ તુમારો તથા વર્તમાનપત્રો વગેરેના વાચનમાંથી અનેક નવા શબ્દો એકઠા કર્યા છે. ઉપરાંત, આજ વર્ષોથી કોષનું કાર્ય તેઓશ્રીએ નિત્યનિયમ તરીકે સ્વીકાર્યું છે, તેનાં પ્રુફ જાતે જુએ છે અને તેના શબ્દાર્થ તથા વિવરણ શિષ્ટ અને સાદાં રાખવાનો પોતાનો અંગત આગ્રહ હોવાથી એમાં ઝીણવટભર્યાં સુધારા જાતે કરે છે.

વેબ્સ્ટર, ઑક્સફર્ડ વગેરે જાણીતા મોટા કોષોના કદનાં ૮૩૯ પાનાંના આ દળદાર પહેલા ગ્રંથમાં 'અ' અને 'આ' એ બે જ અક્ષરોના કુલ ૨૪,૬૨૧ શબ્દો, ૪૮,૦૧૯ અર્થો અને ૧,૦૨૮ રૂઢિપ્રયોગો આપેલા છે. આપણી શબ્દસમૃદ્ધિનો એ એક કોષખંડ પરથી જ ખ્યાલ આવી જશે. વળી એટલી જ ઝેબ આપનારી એ જહેમત એ પણ બતાવી આપે છે કે આપણી ભાષાની પયોગ્રન્થીઓ તો લોકવાણીમાં જ રહેલી છે. તેનું જ્ઞાપનપત્ર કહે છે તે મુજબ તેને સર્વગ્રાહી બનાવવા તેમાં ભીલ, દુબળા, તળાવિયા, વાઘેર, આહીર, મિયાણા વગેરે તળપદી કોમોમાં વપરાતા શબ્દોનો પણ સંગ્રહ થયો છે. વેદાંત, વિજ્ઞાન, વૈદક, રસાયણ, પ્રાણિશાસ્ત્ર, જંતુશાસ્ત્ર, યષ્ટિશાસ્ત્ર, ખગોળ, ગણિત વગેરે શાસ્ત્રોની તેમજ ધર્મપુરાણોની પરિભાષા ઉપરાંત પ્રાંતિક, રૂઢ, ગ્રામ્ય, તથા ધંધા અને જાતિ વગેરેને લગતા શબ્દો તથા તેમના સંકેતશબ્દો પણ સંઘરાયા છે. દસ્તાવેજો, તુમારો, જૂના લેખો, ચોપડા, લોકગીત તથા નરસિંહ–ભાલણથી માંડી અર્વાચીન યુગના વિવિધ સાહિત્યમાં આવેલા શબ્દોનું સંકલન આ કોષમાં થયું છે. આમ, વ્યુત્પત્તિ વ્યાકરણ અને ઇતિહાસ સાથેના બે લાખ શબ્દો જેમાં એકત્રિત થયા છે એવા એ સંગ્રહના આટલા જ દળદાર બીજા ચારેક વિભાગો પ્રકટ થનાર છે. આટલી મહેનત અને દ્રવ્યના ભોગે તૈયાર થએલો આ સમૃદ્ધ કોષ જ્ઞાનપ્રચારના શુભ આશયથી પ્રેરાઈને માત્ર છપામણી અને કાગળની પડતર કીમતે આપવાનો આશય છે એ બીના આ યોજનાને વધુ સ્તુત્ય બનાવે છે.

પણ કોષમાં વિપુલતા લાવવાના આ મહાન અને સહૃદય પ્રયત્નની પાછળ જે કેટલાંક ભયસ્થાન અમને ડોકિયાં કરતાં દેખાયાં છે તે તરફ અંગુલિનિર્દેશ કરવો ઉચિત સમજીએ છીએ.

કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત ત્રણે પ્રાંતની શબ્દસમૃદ્ધિ વડે પૂરિત થએલા આ કોષમાં એ ત્રણેના જે તળપદા શબ્દો અને રૂઢ પ્રયોગોએ સ્થાન મેળવ્યું છે તેમાં કચ્છી શબ્દોની બાબતમાં અમને થોડાં સ્ખલનો જણાયાં છે. ઉદાહરણ તરીકે એકાદ બેનું ધ્યાન ખેંચતાં જણાવીએ કે 'અકરાંતિયા'

માટેનો કચ્છી શબ્દ 'અકેતુ' નહિ પણ 'અકેતો' છે. કેટલાક શબ્દોની વ્યુત્પત્તિ સંદિગ્ધ છે. પૃ. ૬૫૩ પર આપેલા 'અસી' શબ્દ પર અનુસ્વાર જોઈએ સાચો શબ્દ 'અસીં' અથવા 'અસાં' છે. અને પૃ. ૬૫૭ ઉપર 'અસાંકે'='અમને' માં 'કે' એ 'ત્રીજી' નહિ પણ બીજી વિભક્તિનો પ્રત્યય છે

આપણી વૈજ્ઞાનિક પરિભાષા જ્યાં સુધી શુદ્ધ સ્વરૂપે નિશ્ચિત નથી થઈ ત્યાં સુધી, પ્રાથમિક સમજથી અને મૂળ શબ્દનો અનર્થ કરતા જે પારિભાષિક શબ્દો યોજાઈ ગયા છે તે પણ બારીક ચાળણી માગી લે છે. દાખલા તરીકે આદિ જીવ માટે યોજાયેલો 'અકોષી' શબ્દ લેવાયો છે, પણ કોષ વિનાનો કોઈ જીવ સંભવે જ નહિ; આદિ જીવો એકકોષી Unicellular હતા. એ પછીના અનેકકોષી—Multicellular હતા.

'અશોક'નો એક પ્રચલિત અર્થ 'આસોપાલવનું ઝાડ' એવો આપ્યો છે તે વૈજ્ઞાનિક રીતે બરોબર નથી. અશોક અને આસોપાલવ બે જુદાં જ વૃક્ષો છે. અશોક Languminosæ Familyનું અને આસોપાલવ Anonaceæ Family (સીતાફળ, રામફળ વગેરે જાત)નું વૃક્ષ છે.

ક્યાંક ક્યાંક, મૂળ તત્સમ શબ્દો આપવામાં પણ સ્ખલનો થયાં છે. 'અખતરા' શબ્દનું મૂળ 'ઇખ્તિયાર' નથી, પણ 'ઇખ્તિરાઅ' છે. 'અદીલ'ના 'ન્યાયી' તરીકેના અર્થમાં તથા 'અદીલશાહી'માં મૂળ શબ્દ 'આદિલ' છે અને તે શુદ્ધ રૂપે 'આદિલ' અને 'આદિલશાહી' તરીકે જ ગુજરાતીમાં વપરાય છે; એટલે આવાં અપભ્રંશ રૂપોને ક્યાં સુધી વિકલ્પની મર્યાદામાં ગણીને સ્વતંત્ર શબ્દો તરીકે લેવાં તે પ્રશ્ન છે.

એ જ રીતે 'અમૃતભલ્લાતકાવલેહ' 'અંજનકેશરરસ' વગેરે જેવાં ઔષધીય નામો, 'અવિહિતગતયામા' જેવા શુદ્ધ સંસ્કૃત સમાસશબ્દો, અંગ્રેજી શબ્દોના પર્યાય તરીકે યોજેલા 'અલક્તાદ્યુતિપ્રદર્શનયંત્ર' જેવા દીર્ઘસૂત્રી શબ્દો, 'અપ્રમત્તસંજતિગુણસ્થાન' જેવા જૈન, કે બીજી, ફિલસૂફીના પારિભાષિક શબ્દો કે 'અંડરસેક્રેટરી' જેવા, 'ટીકાટ'ની જેડ ચલણી નહિ થએલા અંગ્રેજી શબ્દોને ગુજરાતી ભાષાના કોષમાં સ્થાન આપવાની મર્યાદા પણ ચર્ચાસ્પદ લાગે છે.

વળી 'અગરબત્તી' જેવા શબ્દોની બાબતમાં 'ધૂપ માટે સળગાવવા તૈયાર કરેલી સળી' તરીકેનો અર્થ આપવા ઉપરાંત તેની બનાવટનાં દ્રવ્યોનો આખો પાઠ તથા પદ્ધતિ વગેરેનો પણ સમાવેશ કરવો એ 'શબ્દકોષ' કરતાં 'જ્ઞાનકોષ'ની મર્યાદામાં ન જાય? 'અખો' જેવાં વિશેષનામો નીચે તેની ઓળખાણથી ન અટકતાં ટૂંક જીવન-પરિચય આપવાની બાબતમાં પણ એ જ પ્રશ્ન થાય છે.

આ મહાન પ્રયાસની પાછળ રહેલું પ્રધાન ધ્યેય અમારા લક્ષ બહાર નથી. અમે બરાબર સમજીએ છીએ કે ગુજરાતી ભાષા બોલનારા પ્રદેશને ખૂણેખાંચરે પણ બોલાતા તેમજ અજાણ્યા-અદ્દલા ગ્રંથો ઉપર ચડેલા એવા સઘળા જ શબ્દોને તળિયાઝાટકપણે શોધીશોધીને એક વખત તો સંઘરી લેવાનો સદુદ્દેશ આ ભગીરથ પ્રયાસ પાછળ રહેલો છે. વળી 'ગો-મંડલ'ના શબ્દાર્થમાં વાણીના અર્થ વિશાળ રૂપે લઈને, તેમજ અંગ્રેજી Dictionary of Facts and Eventsની ઢબે એ તત્ત્વનો પણ સમાવેશ કરીને, માત્ર શબ્દની જ નહિ પણ અર્થ અને માહિતીની દૃષ્ટિએ પણ બને તેટલો સમૃદ્ધ એ સંગ્રહને કરવાના ધ્યેયથી કેટલીક વસ્તુઓનો સમાવેશ આમાં કર્યો હશે એમ પણ અમે સમજીએ છીએ. એટલે ઉપર નિર્દેશેલા ચર્ચાસ્પદ મુદ્દાઓમાંના કેટલાક એ ઉદ્દેશની દૃષ્ટિએ ગ્રાહ્ય ગણાયા હશે. છતાં ચોકસાઈ અને શુદ્ધિની દૃષ્ટિએ અમને લાગ્યાં તે સ્ખલનો તથા મતભેદોની પ્રામાણિક રજૂઆત કરવાનું અમને કર્તવ્ય લાગ્યું છે. અમારી ખાતરી છે કે સદ્ભાવપૂર્વક નિર્દેશેલી એ વસ્તુઓ કોઈને પણ આ સુવર્ણપાત્રથી અસંતુષ્ટ બનાવી નહિ શકે; તેમજ અમને એ પણ ખાતરી છે કે એમાંનાં એ ઝીણાં કણો દૂર થતાં ગરવી ગુજરાતના વાઙ્મયકિરીટ બની રહેવાની યોગ્યતા તો, અલબત્ત, આ કોષમાં છે જ. અને ગુર્જરગિરાના એ ચિરંજીવ સેવા માટે અમે મહારાજશ્રી ભગવતસિંહજીનું અભિવાદન કરીએ છીએ.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ: 'સ્પર્ધા' ડી. ડી.—પટેલ, (નાઈરોબી); બીજું ઇનામ: 'જાળી પરથી વાનો'—ઘનશ્યામ દલાલ, (અમદાવાદ); ત્રીજું ઇનામ: 'ઝટકતાં'—હરિલાલ ભટ્ટ, (અમદાવાદ). નોંધપાત્ર: ૧ ડી. ડી. બારોટ (વડોદરા); ૨ નટવરલાલ આદરશી (અમદાવાદ); ૩ ઘનશ્યામ દલાલ (અમદાવાદ).

દુનીઆના એકાદ ઊંચા પર્વતની ટોચે ચડી, નિશાનબાજીની 'સ્પર્ધા' કરતા બે પાયદળ સિપાઈના આ ચિત્રમાં સ્થળની વિશાળતા ને આકાશની અગાધતા સાથે જોનારની દૃષ્ટિ સમક્ષ ઉત્તેજક દૃશ્ય ખડું થાય છે. સ્થળ અને કાળનું ઔચિત્ય એમાં બહુ સારી રીતે જળવાયું છે. પાત્રો, ચિત્રરચના અને ભાવ ચિત્રના નામને અનુરૂપ છે. સ્પર્ધાનાં તત્ત્વો ચિત્રમાં દેખાય છે. નિશાનબાજી માટેની આવશ્યક એકાગ્રતા સિપાઈઓના મુખ પર તરી આવી છે. ભાઈ પટેલને આ સફળતા માટે અભિનન્દન ઘટે છે. ટેકનીક પણ પ્રશંસનીય છે. ઘરના ઓટલાની જાળી પરથી આનંદમય ડોકિયું કરી રહેલાં ભાઈબહેનના ભાઈ દલાલના ફોટોચિત્રમાં

ગમ્મતથી આવેલી સજીવતા અને નવો દૃષ્ટિકોણ એ બે ગુણ છે. ઊંચાઈએ આવેલી વસ્તુ તરફ નીચેથી કૅમેરાને ધરીને લેવાયેલા આ ચિત્રનું અનોખું દૃષ્ટિબિંદુ ચિત્રના હેતુને અસરકારક રીતે પાર પાડે છે એ એની વિશિષ્ટતા છે. ટેક્નીક સાધારણ છે.

પાલિત જનાવરો તરફ ફોટોગ્રાફરો ભાગ્યે જ પોતાની નજર દોડાવતા જણાયા છે. નેગેટીવોના પોતાના સંગ્રહમાંથી ગાય, કૂતરાં, ગધેડાં કે ઘોડાંની બેચાર સારી નેગેટિવો કેટલાક ફોટોગ્રાફરો શોધી કાઢી શકશે? જીવનમાં હરઘડી સંપર્કમાં આવતા આ જીવોમાં પણ બહુબહુ જોવા જાણવા અને સંગ્રહવા જેવું ભરેલું છે. ફોટોગ્રાફરોએ આવા વિષયોને પણ વિસરવા ન જોઈએ. બાદ ભટ્ટના ચિત્રમાં કૂતરાનું એક કુટુમ્બ ભોજન લઈ રહ્યું જણાય છે. ખાસ આકર્ષકતત્ત્વ બચ્ચાંની માના જોઈ રહેવાના વલણમાં છે. આવા ચિત્રને 'ભટકતાં' નામ કેમ અપાયું તે સમજાતું નથી. અસલ પ્રિન્ટ ઉપર આંક દોરેલી રેખા જેટલા ભાગનું જ એન્લાર્જમેન્ટ કરવાથી સારું ચિત્ર બનશે.

બલવન્ત ભટ્ટ

ઉમાશંકર જોષી

(અનુસંધાન પૃ. ૧૭૫ થી) ત્યાં એક વરસ એમણે કામ કર્યું. તે દરમ્યાન, અને તેની પહેલાં પણ, એક વરસ વીલેપાર્લેની ગોકળીબાઈ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે તેઓ કામ કરતા હતા.

મુંબાઈના વાસ દરમ્યાન એમની સાહિત્યપ્રવૃત્તિએ બીજી દિશાઓમાં પણ ઠીક ખેડાણ કર્યું. કાવ્યો અને નાટકો ઉપરાંત વાર્તાઓ લખાવી શરૂ થઈ હતી (જેના બે સંગ્રહો આપણને મળ્યા છે: 'શ્રાવણી મેળો' અને 'ત્રણ અર્ધું બે') મિત્રોને લીધે યુરોપીય સાહિત્ય-પ્રવાહોના સંપર્કમાં આવવાનો પણ અહીં સારો પ્રસંગ મળ્યો. મુંબાઈમાં પ્રથમ ગુજરાતી પ્રગતિશીલ મંડળ સ્થાપવામાં એમનો અગ્રભાગ હતો.

સાહિત્યનો રંગ તો અંતરમાં જ હતો, બી. એ. માં ઑનર્સ સાથે અર્થશાસ્ત્ર-ઇતિહાસ લીધેલાં હોવાથી તેનો સારો સંપર્ક હતો, અને એમ. એ.માં ભાષાશાસ્ત્ર તથા પુરાતન સાહિત્યના વિષયોમાં ઠીક મેધા દાખવી હતી, એટલે ૧૯૩૯માં અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં મુંબાઈ સરકારની સહાય તથા ઉપક્રમે ઉચ્ચ અભ્યાસ અને સંશોધનનો જે નવો વિભાગ ઉઘડ્યો તેમાં એમની વરણી થઈ. એમના જેવી શક્તિ ધરાવતા માણસને આવું કાર્યક્ષેત્ર મળ્યું એ ઉભયને યશ અપાવે એવું છે. એ સંશોધનકાર્યમાં આજે 'પુરાણોમાં ગુજરાત' અને 'અખો—એક અધ્યયન' એ કાર્યો એમના હાથ પર છે. ઉપરાંત ગુજરાત સાહિત્યસભાએ 'કવિ બાલાશંકરનાં કાવ્યો'ના સંપાદનનું કાર્ય એમને સોંપ્યું છે. 'પારકાં જણ્યાં' નામની એક સળંગ કથા ઉપર પણ હાલમાં એ કામ કરે છે.

ગયે વરસે બહાર પડેલાં 'ગુલે પોલાંડ' અને 'નિશીથ' (મૌલિક કાવ્ય સંગ્રહ) એ એમની પ્રતિભાનાં છેલ્લાં બે કિરણો. મધ્ય યુરોપના શ્રેષ્ઠ કવિઓમાં સ્થાન પામેલા પોલાંડના જાણીતા કવિ મિત્સ્કિવિચની રચેલી ક્રીમિયન સૉનેટમાલા પશ્ચિમના સાહિત્યમાં એવું આદરભર્યું સ્થાન પામી છે કે યુરોપની એકેએક ભાષામાં તે ઊતરી છે. સૌંદર્ય અને સ્વાતંત્ર્યના તરસ્યા કવિહૃદયની જે આહ એમાં સંભળાય છે તે ઉમાશંકર જેવાને એ ગુજરાતીમાં ઉતારવા પ્રેરે એ સ્વાભાવિક છે. 'ગુલે પોલાંડ' એ એનું પરિણામ. મૂળનો બધો રાગોદ્રેક સાચવતા અને સૂક્ષ્મ સંવેદનોને પણ યથાવત્ રજૂ કરવા મથતા એટલા જ પાસાદાર સમશ્લોકી સૉનેટોનો આ અનુવાદ ઉમાશંકરના એ દિશાની શક્તિનો આંક બતાવે છે. અને એથી પણ પ્રશસ્ય તો છે એ પુસ્તક સાથે અપાયેલો 'સૉનેટ' ઉપરનો એમનો નિબંધ. અંગ્રેજીમાં તેમજ હિંદની પણ મરાઠી, બંગાળી, ગુજરાતી વગેરે ભાષાઓમાં થએલા સૉનેટનાં ખેડાણના ઇતિહાસ તથા તેની રચનાના બંધારણ વગેરે વિષે વિસ્તૃત, અભ્યાસપૂર્ણ અને પ્રમાણભૂત માહિતીઓથી ભરેલો આવો નિબંધ ગુજરાતી સાહિત્યના અભ્યાસીઓ માટે આ પહેલી જ વાર રજૂ થાય છે.

એમનો નવો કાવ્યસંગ્રહ 'નિશીથ' તો સ્વમુખે જ પોતાનાં મૂલ બોલી રહેશે. ગુજરાતે હૃદયભર આવકારેલા એમના પ્રથમ સંગ્રહ 'ગંગોત્રી'થી બે અદકાં અમી એમાં છે એટલું જ કહેવું અહીં બસ છે. એમની કવિતાનું છેલ્લું અને ખરું મૂલ્યાંકન તો કાળ કરશે; પણ એટલું તો નિર્વિવાદ છે કે આ સૈકાની બીજી પચ્ચીશીના ગુજરાતી સાહિત્યકારોમાં એમનું નામ આગલી હારમાં છે અને એમની શક્તિઓ એટલી પ્રતીતિ આપે જ છે કે આવતી કાલ એમની છે.

ક્ર.ત.

આ મહિનો (મે) ઇતિહાસમાં

તા. ૧ અંગ્રેજ કવિ અને નિબંધલેખક જોસેફ ઍડીસનનો જન્મ—ઇ.૧૬૭૨

તા. ૨ અફઘાન અમીર અમાનુલ્લાહના લશ્કરે હિંદની સરહદ ઓળંગી, પરંતુ એમાં સફળ ન થતાં ઑગસ્ટની ૮મીએ હિંદી સરકાર સાથે સંધિ કરવી પડી—ઇ. ૧૯૧૯

તા. ૬ રવીન્દ્રનાથ ઠાકોરની વિશ્વભારતીની સ્થાપના—ઈ. ૧૯૨૨ ● ● જર્મનીનું જબરું ઝેપ્લીન હિંડનબર્ગ સફળતાથી આટલાંટિક પાર કરી અમેરિકા પહોંચતાં લેકહર્સ્ટ મુકામે સળગી ઊઠ્યું ને અંદરનાં ૩૩ જણ બળી મર્યાં—ઈ. ૧૯૩૭

તા. ૯ સેન્ટ હેલીના મુકામે નેપોલિયનનું અવસાન—ઈ. ૧૮૨૧

તા. ૧૪ સીખોના ત્રીજા ગુરુ અમરદાસનું અવસાન—ઈ. ૧૫૭૪. એમના પછી એમની ગાદીએ અમૃતસર શહેર વસાવનાર એમના જમાઇ રામદાસ આવ્યા ● ● માઇક્રોફોનના શોધક ડેવિડ હ્યુગ્સનો જન્મ—ઈ. ૧૮૩૧

તા. ૧૫ હિંદી પ્રજાના છેલ્લા ધર્મયુદ્ધમાં સરકારતરફથી સોલાપુર મુકામે માર્શલ લૉ જાહેર થયો—ઇ. ૧૯૩૦

તા. ૧૮ આપણી પૃથ્વી હેલીના ધૂમકેતુની પૂછડીમાંથી પસાર થઇ—ઇ. ૧૯૧૦

તા. ૨૦ પોર્ટુગીઝ નાવિક વાસ્કો ડા ગામા હિંદના કાલિકટ બંદરે આવી પહોંચ્યા—ઇ. ૧૪૯૮

તા. ૨૨ ફ્રેન્ચ નવલસમ્રાટ્ વિક્ટર હ્યુગોનું અવસાન—ઇ. ૧૮૮૫

તા. ૨૩ અમેરિકન ધનકુબેર ને 'સ્ટૅન્ડર્ડ ઑઈલ કંપની'ના અધિપતિ જૉન ડી. રૉકફેલરનું અવસાન—ઈ. ૧૯૩૭

તા. ૨૭ ઇંગ્લંડમાં હેબિયસ કૉર્પસ કાયદો અમલમાં આવ્યો—ઇ. ૧૬૭૯

તા. ૩૦ અંગ્રેજોએ ફ્રાન્સની વીરકુમારી જ્યાં દાર્ક (જૉન ઑવ આર્ક)ને ડાકણ ઠરાવીને રૂઆં મુકામે જીવતી સળગાવી દીધી—ઈ. ૧૪૩૧



આ માસની વિભૂતિ
ડૉ. હરિલાલ હર્ષદરાય ધ્રુવ

ઇ. ૧૮૫૬ના મે મહિનાની દસમીએ દહેગામ પરગણાના બહિયેલ ગામમાં સાઠોદરા નાગર કુટુંબમાં જન્મ. ઇ.૧૮૬૭માં મણિલક્ષ્મી નામની કન્યા સાથે એમનાં લગ્ન થયાં. ૧૮૭૭માં બી.એ. અને ૧૮૮૦માં એલ.એલ.બી. થઇને ૧૮૮૧ થી ૮૪ સુધી તેમણે શિક્ષક તરીકે કામ કર્યું.

નાનપણથી જ લેખનવાચન પ્રવૃત્તિનો એમને ખૂબ શોખ હોઇ, ઈ. ૧૮૭૩માં મૅટ્રિક પાસ થવાના અરસામાં જ અંગ્રેજીમાં 'Patriot's Vision' લખેલું અને સાર્વજનિક પ્રવૃત્તિમાં ભાગ લેતા થયા હતા. ત્યાર બાદ થોડા અરસા બાદ 'આર્યોત્કર્ષ વ્યાયોગ' અને ૧૮૭૬માં 'કૌમુદીમાધવ' નામનું ખંડકાવ્ય બહાર પાડ્યું. એમના સંસ્કૃતના જ્ઞાન પર તો ડૉ. ભાંડારકર અને પીટર્સન જેવા પંડિતો પણ મુગ્ધ હતા. પ્રાચીન શોધખોળના તેઓ શોખીન હોઈ અનેક પુરાવસ્તુઓ શોધી તે વિષે વિલાયતનાં પત્રોમાં લેખો લખેલા. સાથે 'નાગરહૃદય' માસિક પણ ચલાવતા. ઈ. ૧૮૮૪ પછી સુરતમાં એમણે વકીલાતનો આરંભ કર્યો અને સાથે સાથે સુરત તથા અમદાવાદનાં તમામ પત્રો તથા માસિકોમાં લેખો આપી ગુજરાતને નવજીવન અર્થે કટીબદ્ધ કરવા માંડ્યું. 'બુદ્ધિપ્રકાશ'માં ગુજરાતના પ્રાચીન ઇતિહાસ પર પ્રકાશ પાડવા માંડ્યો અને 'એકચિત્રદર્શન' કાવ્યથી નવલરામના પણ મિત્ર થઇ પડ્યા. ઇ. ૧૮૮૨માં લૉર્ડ રિપનની કારકિર્દી દરમિયાન સુરતમાં 'પ્રજા હિતવર્ધક સભા'ની સ્થાપના કરી તેના સભાપતિપદેથી ગુજરાતમાં દેશાભિમાનનાં બી વાવવા મંડ્યા. સુરત મ્યુનિસિપાલિટીના કાઉન્સીલર પણ તે હતા.

વકીલ તરીકેના એમના કીર્તિવિસ્તારથી મોહ પામી ગાયકવાડ સરકારે તેમને ન્યાયાધીશ બનાવ્યા અને સરકારે પણ 'રાવબહાદુર'ના લકબથી નવાજ્યા. ઈ. ૧૮૮૯માં સ્ટૉકહોમમાં ભરાએલી પૌર્વાત્ય પરિષદમાં પોતાના પ્રતિનિધિ તરીકે ગાયકવાડે એમને જ મોકલ્યા હતા. ત્યાં પોતાના વિદ્વત્તાભર્યા નિબંધોથી બધા વિદ્વાનો પર એવી સરસ છાપ પાડેલી કે ખુદ સ્વીડનના રાજાએ પોતાના મહેલમાં એમને ખાણું આપી સોનાનો ચાંદ ને પોતાની છબી બક્ષિસ આપ્યાં અને ડૉક્ટરની ઉપાધિ આપી. બુદ્ધ ધર્મના પાશ્ચાત્ય વિદ્વાન ડૉ. હ્રીસ ડેવિસે તેમને 'પાલી ટેક્સ્ટ સોસાયટી'ના સભ્ય બનાવ્યા. બર્લિન યુનિવર્સિટીએ પીએચ.ડી.ની ઉપાધિ આપી અને 'રૉયલ એશિયાટિક સોસાએટી'એ પણ સભ્ય બનાવ્યા. ઈ. ૧૮૯૩માં મુંબાઇ યુનિવર્સિટીએ તેમને 'વિલસન ફીલોલૉજિકલ લેક્ચરર' નીમેલા. રૉયલ એશીઆટિક સોસાએટી સમક્ષ પણ એમણે કેટલાક નિબંધો વાંચેલા. સંસ્કૃત પંડિત જગન્નાથના ભમિનિ પર રચેલા શ્લોકો એમણે શોધી કાઢેલા જે આજથી આઠેક વર્ષ પર પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. વળી 'ચન્દ્ર' નામના સાહિત્યિક માસિકના તંત્રી તરીકે ગુજરાતની તત્કાલીન શક્તિ ખીલવી, જે અનેક સાહિત્યકુસુમોને એમણે પમરતાં કર્યાં તે માટે ગુજરાત એમનું સદાનું ઋણી રહેશે. ઇ. ૧૮૯૬ના જૂનની ૨૯મીએ પાઠાના દરદથી સુરત મુકામે અવસાન પામ્યા.

ઉત્તર ગુજરાતનાં લોકદર્શન

કોઈ ગગનચુમ્બી ગિરિશિખર, કોઇ અમૃત જેવા મીઠા જળના શીતળ કે આરોગ્યદાયી ગરમ ઝરાઓ, કોઇ વનસ્પતિ વડે લચકી રહેલી મહા અટવી, કે કોઇ નદીઓનું ભવ્ય સંગમ-સ્થાન એવાં રમ્ય અને મહિમાશાળી કુદરતનાં સ્થળો પર ઇશ્વરનો નિવાસ કલ્પીને આર્ય પ્રજાએ હમેશાં મંદિરો ચણી, તીર્થ ધામોની ધર્મધજાઓ ઊભી કરી છે. એવાં ધામો ઉપર આપણાં કરોડો કંગાલ અને અજ્ઞાન છતાં ભક્ત માનવીઓ યાત્રાના સંઘો લઇ જાય છે, અને પ્રકૃતિને શીતળ ખોળે બેચાર દિવસ સમાન ભાવે લોટે છે.

થોડા વખત પર એક એવા જ મેળાની મુલાકાતે જવાનું બન્યું. દિલ્લીશ્વરોના સુબાઓને ગુજરાતમાં પ્રવેશવાનું જે સિંહદ્વાર કહેવાય છે એ સિદ્ધપુર એક વખતે સારા યે હિંદુસ્તાનમાં મહાન પવિત્ર નગર તરીકે લેખાતું હતું. એના રૂદ્રમહાલયની અખંડ કીર્તિએ અનેક મુસલમાન મૂર્તિભંજકોને આકર્ષ્યા હતા. એની ઋદ્ધિ-સિદ્ધિ જો કે આજે ધૂળમાં રગદોળાઈ ગઈ છે, પણ એની પવિત્રતા હજી યે હિંદભરમાં પ્રસરી રહી છે. પ્રત્યેક શ્રદ્ધાળુ હિન્દુ પોતાની માતાના આત્માની શાન્તિઅર્થે અહીં જ બિન્દુસરોવર અને માત સરસ્વતીમાં પિંડદાન કરવા વાંછે છે. ત્યાં હજારો વર્ષોથી દર વર્ષની કાર્તિકી પૂર્ણિમાએ નજીક અને દૂરનો લોકસમુદાય ઉલટે છે. સરસ્વતીના તટપર જુદા જુદા પ્રાંતની પ્રજાનો સંગમ રચાય છે. એ લોકસમુદાયની સંખ્યા લાખોની લગભગ અંકાય છે. ગુજરાતનાં ગામડાંના પ્રજાવર્ગનાં ત્યાં સાચાં અને નિખાલસ દર્શન થશે એવી આશાએ અમે ખભે બગલથેલી નાખી.

ચૌદસની ચાંદનીમાં તરબોળ ભીંજાતી રાત્રિએ ગુજરાતનાં લાંબાં લાંબાં ગાડાંમાં સૂતાં સૂતાં મુસાફરી કરવાની બાદશાહી હજુ સુધી આપણા બાદશાહોને નથી સૂઝી, એ આપણા જેવા ગરીબોનું સદ્ભાગ્ય છે. પાટણથી સિદ્ધપુર સુધી યાત્રાળુઓની અખંડિત ધારા વહેતી હતી. ભીમસેની બાંધાનાં પચીસ પચીસ સ્ત્રીપુરૂષોને ખડકીને ગુજરાતના ધોળા, ઊંચા, મહા-દેવના નંદી જેવા બળદો મોટા તોરથી પોતાના ગળાની ઘુઘરમાળ રણકાવતા, દોડતા હતા. કંઇક જુવાનો કડીઆળી લાકડીઓ, ધારીઆં ને તલવારો લટકાવી હાસ્ય વિનોદથી પંથ કાપતા હતા. ગાડામાં બેઠેલાઓ ટોળે વળીને, લાંબા સ્વરોનાં આરોહ-અવરોહવાળી પંક્તિઓના મીઠા 'હડીલા' લલકારતા હતા. રસ્તામાં શ્વેતવર્ણી ઝીણી રજના ડમ્મર ચઢતા અને ગાડાં ઊંચે ચઢી નીચે પટકાતાં હતાં.

પેલો ઢાટચો અને આખું દૃશ્ય નજરમાં સમેટાવા લાગ્યું. સરસ્વતીના સામા કિનારા પર ઝાડી ઊભી છે. અને આ કિનારે સિદ્ધપુર શહેર વસેલું છે. એ બંનેની વચ્ચે એક ગાઉના પંથમાં મનુષ્યોનું વન વિસ્તરેલું છે. નદીના અરધા પટમાં યાત્રાળુઓની જંગી ભીડ જામી છે. ધૂળમાં અને રેતીમાં નાનાં મોટાં પચાસ હજાર નરનારીઓની પથારી પડી છે. આ વરસે તો કુદરતની કૃપાને લીધે બહુ ઠંડી ન હતી, પણ દર વર્ષે હિમ વરસતા કાર્તિક મહિનામાં નદીની કડકડતી ઠંડી વચ્ચે અક્કેક લાખ હિંદુઓ શી રીતે ઉઘાડા પડ્યા રહેતા હશે! શ્રદ્ધાની ગરમી કેટલી બળવાન'

'સંગમ' એ આજે તો કેવળ શબ્દ જ રહ્યો છે. ત્યાં સંગમ જેવું કશું નથી. ગંગા, યમુના ને સરસ્વતીનો ગુપ્તરીતે ત્યાં સંગમ થાય છે એ પૌરાણિક ભાવના સિવાય બીજું કંઇ જ નથી. વિશાળ સરસ્વતી પોતાની દુર્બળ કાયા લઇને અબોલ ઉદાસિની જેવી અહીં વહે છે. અને સાપના લીસોટા જેવું એનું વહેન સિદ્ધપુરના ચરણનો સ્પર્શ કરતું હોય તેમ માધુપાવડીયાને અડીને વહ્યા કરે છે. આ સાલ તો વગર વરસાદે કુદરતની ફુલ-વાડી જેવી ગુજરાત પર કાળો કોપ વરસી રહ્યો છે.

પરોઢીએ ચાર વાગ્યે હજારો લોકો સ્નાન કરતાં હતાં અને પાંદડાંના પડિયામાં ઘીના દીવા પેટાવી પ્રવાહમાં તરતા મૂકતાં હતા. શાંત નીર ઉપર દીવાની જ્યોતો નાની અપ્સરા શી રમતી જતી હતી. મથુરામાં યમુનાની અંદર કાચબાની પીઠ પર દીવા મૂકાય, ગંગા-મૈયામાં બંગાળીઓ દીવા તરાવે, અને આપણે ત્યાં

અસંખ્ય છિદ્રોદ્વારા કિરણો છોડતા ગુર્જર ગરબાઓ નદીમાં વહેતા મૂકાય, એ પ્રથાના ગર્ભમાં કેટલી કળા ભરેલી છે! હિન્દીઓએ પોતાના ધાર્મિક જીવનમાં કળાનાં કેવાં કોતરકામ કરી લીધાં છે!

સિદ્ધપુરમાં બે હજાર ઘર બ્રાહ્મણોનાં છે. દરેક ઘર દીઠ એક એક, બે બે ગામના પડાવ પડ્યા છે. કાઠિયાવાડ, ધાન્ધાર, વઢીયાર અને ઠેઠ કચ્છ-રાપર સુધીના લોકો મેળો મહાલવા અને બ્રાહ્મણ જમાડવા અહીં આવે છે. નદીમાં ગાડાંની તો હારોની હારો લાગેલી જણાય છે. ગાડાંની અંદર અને ગાડાંની નીચે પચીસ જણાઓ પડાવ કરી રહ્યાં છે. ગાડાં ઉપર ખેંચાએલી સાદી પછેડીની રાવટીઓ આ વિશાલ માનવ સાગર પર તરતી શ્વેત શઢવાળી નૌકાઓ જેવી શોભે છે. બળદોની ઘંટડીઓ જાણે પ્રભાતિયાં બોલે છે.

પહોર દિવસ ચઢતાં તો લોકો સરસ્વતી બિન્દુસરોવર અને અલ્પામાં સ્નાન કરી મેળામાં ફરવા માંડે છે. અહીંથી તહીં આંટા મારતાં શહેરના નાના-મોટા રસ્તા તથા નદી તટપર લાંબા માણસો દુકાનોમાંથી ભાત ભાતની ચીજો ખરીદે છે. છેક દિલ્હીથી મુંબાઈ સુધીના દરેક માલના વેપારીઓ આ મેળામાં આવે છે.

દંત વૈદ્યોનો આ

ઇંગ્લંડના પ્રખ્યાત દંતવૈદ્યોએ આશરે નવ વર્ષ ઉપર એક ઢંઢેરો બહાર પાડ્યો હતો તે કંઈક ફેરફાર સાથે નીચે આપ્યો છે. ઢંઢેરામાં ઇંગ્લંડના રાજાના માનદ દંતવૈદ્ય સર હૅરી બૉલ્ડવિન, બ્રિટિશ

દાંતના રોગથી પીડા તથા અનરવાઈ ઘણું થાય છે એવી અમારા મન ઉપર છાપ પડી છે. આ પીડા તથા અનરવાઈ ઘણીખરી રોકી શકાય અને રોકવી જોઈએ એમ અમે માનતા હોવાને લીધે, એ ઉપાયની રૂપરેખા જનસમાજના હિતાર્થે દોરી આપવી એ ઇષ્ટ લાગે છે.

આહારશુદ્ધિ

પૌષ્ટિક ખોરાક જન્મ પહેલાં શરૂ કરવો જોઈએ, એટલે બાળક નવ માસ માતાના ઉદરમાં હોય ત્યારે તેમ જ માતાને ધાવતું હોય ત્યારે માએ પૌષ્ટિક ખોરાક ખાવો જોઈએ. જડબાંનો સંકોચ અને એ સંકોચજન્ય દાંતની અનિયમિતતા તથા શરીરની બીજી કુરચનાઓ તેમજ સંસ્કૃતિ (સિવિલાઇઝેશન)ના ઘણાખરા રોગો પણ ખોરાકમાં પ્રજીવક એ, બી, સી અને ડી પૂરા ન હોવાને લીધે થાય છે. ખોરાક સરસ લેવાય તો મોઢાની સ્થિતિ સુધરે અને દાંતના રોગ થાતા અટકે.

પૌષ્ટિક ખોરાક એટલે દૂધ (જૉન હૉપકિન્સ વિદ્યાપીઠની સ્કૂલ ઑફ હાઇજીન ઍંડ પબ્લિક હેલ્થના પ્રાણરસાયણના પ્રખ્યાત પ્રોફેસર ઈ. વી. મૅકકોલમના કહેવા પ્રમાણે માણસે દિવસનું એક ક્વાર્ટ, એટલે પાકો સવાશેર દૂધ લેવું જોઈએ) તથા દહિંમાખણછાશ; ખૂલાસાના ઘઉંબાજરીના લોટમાંથી ઘડેલો કડકડિયો ચાવવો પડે એવો ખાખરો; મેથી, તાંદળજો, પાલક, કોબીચ, કૉલીફ્લાવર, ડુંગળી, સ્પીનાજ, લેટિસ, સેલરી તથા એવી બીજી લીલાં પાનવાળી ભાજી+ ટમેટાં જેવાં કાચાં શાક તથા નારંગી મુસંબી વગેરે ફળ.

ખોરાક પૌષ્ટિક જોઈએ એટલું જ નહિ પણ તે ખૂબ ચાવીને તથા મોઢાના અમી હારે મેળવીને ખાવો જોઈએ. ચોખામાં મોટે ભાગે મંડ (સ્ટાર્ચ) છે, એટલે એ સારૂં ધાન નથી, છતાં એને પોચા નહિ કરતાં ધાણી કરીને ખાધા હોય તો અવગુણ ન કરે. ઈંગ્લંડનો પ્રધાન ગ્લૅડસ્ટન એકએક કોળિયો દાંત દીઠ એકએક વાર એટલે બત્રીશ વાર ચાવતો, ને નેવાશી વર્ષ જીવ્યો હતો.

દાંત સડવાનું પ્રત્યક્ષ કારણ એક અમ્લ (અસિડ) હોય છે, તે મોટે ભાગે મેંદાની રોટી, ગોળસાકરખાંડ * તથા મીઠાઈમાંથી આવતી

*બ્રિજપોર્ટ (કોનેક્ટિકટ)ની શાળાઓમાં ડા. આલ્ફ્રેડ ફોન્સ છોકરાઓને આ કડી શીખવે છે:

Children, you should learn this truth,
Nothing but sugar decays a tooth.

પહેલું સુખ

પૂર્ણિમાની તેજ વરસાવતી રાત્રિએ નદીના પટમાં સ્ત્રીપુરુષોના રાસની ધમાલ ચાલતી હતી. ઠાકરડાઓના હડીલા અને રબારીઓની સરજુના ઘેરા સ્વરો એકધારા ગુંજતા હતા. આ સ્વરોમાં માધુર્ય ઝરતું હતું અને લહરિયો ઊઠતી હતી, નારીહૃદયના પ્રાણનાં ડોલન તેમાં દેખાતાં હતાં. ભજન મંડળીઓની રમઝટ ચાલતી હતી. પ્રચંડ મેદની ગીચોગીચ છતાં સુલેહશાન્તિથી પડી રહી હતી.

નદીના પટમાં સ્કાઉટનો ઝંડો ફરફરાટ કરતો રહ્યો હતો અને તેને ચોમેર ફરતી નાનકડી રાવટીઓ અને ખાખી પોશાકવાળા સ્કાઉટ ચોકીદારો દેખાતા હતા. દિવસ ઊગ્યો ત્યારથી તે આથમ્યો ત્યાં સુધી આ સ્કાઉટોની છાવણીમાં દિલ પીગળાવનારી એક ઘટના ચાલુજ હતી. બે વરસથી આઠ વરસ સુધીનાં બાળકો 'મા, મા,' શબ્દે વિલાપ કરતાં હોય અને 'જો હો, તારી માને હમણાં તેડી લાવીશ' એવાં મૃદુ વચને એ નિરાધાર બચ્ચાંને સ્વયંસેવકો સાચી જનેતાની પેઠે પંપાળી શાન્ત કરી રહ્યા હોય. થોડીવાર થાય ત્યાં પોતાના ગુમ થએલા બાળકને શોધતાં માવતરો આવી પહોંચે અને બાળક માબાપને સોંપાય. આજ છ છ વર્ષ થયાં સ્કાઉટો એ પુણ્ય પ્રાપ્ત કરી રહ્યા છે. તે પૂર્વે શું બનતું?

સાદ સાંભળજો

ડેન્ટલ ઍસોસિએશનના પ્રમુખ સર નૉર્મન બેનેટ, એના જ માજી પ્રમુખ જે. એઈચ. બૅડકૉક, ઈંટરનૅશનલ ડેન્ટલ ફેડરેશનના હાઈજ કમિશનના સભ્ય જે. મેન્ઝીઝ કૅમ્બેલ વગેરેએ મતું કર્યું હતું. દે. વા.

અને મોઢામાં રહી જતી મંડ તથા ગળપણની કણી સડવાથી પેદા થાય છે.

ફળ, કાચાં શાક અને કાચલીફળ (નટ) ચાવવાં પડે છે, એ વિશેષ મહત્ત્વનાં છે, કેમકે સડનારી કણી એને લીધે નિકળી જાય છે, અને એના પોતામાંથી સડનારો શેષ રહેતો નથી. ભોજનને અન્તે ફળ, એટલે સફરજન, નાસપાતી, નારંગી, મુસંબી ખાસ કામનાં છે, કારણ એને ચાવવાથી બીજા ખોરાકની કણી ખસી જાય છે એટલું જ નહિ, પણ એને લીધે પ્રતિઅમ્લવાળું થૂંક વધારે વહે છે. અને પરિણામે અમ્લની ક્રિયા નિષ્ફળ થઈ જાય છે.

મુખશુદ્ધિ

(૧) પુષ્ટિકારી અન્ન લેવું અને (૨) તે ચાવીને ખાવું તે ઉપરાંત ([illegible]) સવારે જ નહિ, પણ એકેએક ટંકના ભોજન પછી અને ખાસ કરીને છેલ્લા ભોજન પછી અને સૂતાં પહેલાં દાતણ કરવું જોઈએ; વધારે ન બને તો એક ગ્લાસ પાણીમાં એક ચાની ચમચી જેટલું મીઠું ઓગાળીને એનાથી દાંત તથા પેઢાં ઘસાવાં જોઈએ. પેઢાંનો આગલો તેમજ પાછલો એકેએક ભાગ રૂડી રીતે ઘસવો, એટલે તે વાદળી જેવાં ન થાય ને તેમાંથી પરૂ ન વહે. એ જ પ્રમાણે દાંત પણ બધા આડા તેમજ ઊભા સારી પેઠે ઘસવા.

વળી દાંત તથા પેઢાં કુશળ અને સર્જન દંતવૈદ્યને નિયમિત બતાવતા રહેવું, અને આવશ્યક લાગે તો ઉપચાર કરવા. દાંત દુઃખતો હોય પણ એના ઉપચાર ન કરિએ તો ઠીક ચવાય નહિ, મોઢામાં ખોરાકની કણી પડીપાથરી રહે અને દાંત વધારે બગડે.

સારાંશ

દાંતસડો તથા પરૂપ્રવાહ રોકવા સારુ (૧) થૂલાસોતા પત્થરઘંટીએ દળેલા લોટના ખાખરા ખાઓ. (૨) બધા પ્રજીવકવાળા ખોરાક ખાઓ. (૩) પોચા તથા ચીકણા ખોરાક કરતાં ચાવવો પડે એવો કઠણ ખોરાક ખાઓ. શાક રાંધવાં પડે તે બને તેટલી ઓછીવાર ચૂલે રાખવાં. (૪) કાચાં શાક, ફળ ને કાચલીફળ ખાઓ,—વિશેષ કરીને ભોજનને અન્તે. (૫) વાળુ પછી અથવા સૂતા પહેલાં ખાસ તથા બને તો બીજે વખતે પણ દાતણ કરો. (૬) વર્ષે બે વાર દંતવૈદ્ય આગળ દાંતની તપાસ અને જરૂર પડે તો ઉપચાર કરવો.

તે [illegible] તે [illegible]ન ચાં

એ વિખુટાં પડેલા બચ્ચાં કાંતો ચગદાઈ મરતાં ને કાં સરકારી પોલીસને સ્વાધીન થતાં. પોલીસના કબજામાંથી પોતાનું બાળક છોડાવવા જતાં માબાપને પોલીસને નૈવેદ્ય ધરવાં પડતાં. સુરાજ્યની ભાવના લોકોની નસોમાં રેડવા માટે આવા સ્વયંસેવક દળોની જ જરૂર રહેશે.

પૂર્ણિમાની મધરાત થતાં તો એઓ વેરાણા. મહાન સેના જાણે રણે ચઢી. ધૂળના ડમ્મર ઊડયા. બાકાંઓની અને મનુષ્યોની ઘટાટોપ ગીરદી પૂર્ણિમાના સાગરની ભરતી જેવી, એકમની સાંજ પડતાં તો દિશાઓની ગુફામાં સમાઈ ગઈ ને સિદ્ધપુરના વતનીને ચાર દિવસ સુધી તો ચેન ન પડે એવાં સંસ્મરણો ને ગંદકી મૂકતી ગઈ.

દયાશંકર મ. જોષી

સંસારનાં શહેરો

૧૧—ઑસલો


આંટલાટિક મહાસાગર, ઉત્તર સમુદ્ર અને ઉત્તરધ્રુવ મહાસાગર વચ્ચે આવેલો નૉર્વે દેશ જર્મનીના આક્રમણથી હમણાં ખૂબ છાપે ચડયો છે. જર્મનોએ એની રાજધાની ઑસલો કબજે કરી છે ને તેનો રાજા હાકોન એલવેરમ મુકામે આશ્રય લઈ રહ્યો છે. ઈ. ૧૯૦૫માં નૉર્વે સ્વીડનથી સ્વતંત્ર થયું ત્યારે ડૅનિશ પ્રિન્સ ચાર્લ્સને પોતાના રાજા તરીકે તેમણે પસંદ કર્યો, અને એ જ આજનો હાકોન સાતમો. સ્વ. શહેનશાહ પાંચમા જ્યૉર્જનો તે બનેવી થાય. આમ તો નૉર્વે, સ્વીડન અને ડેનમાર્ક ત્રણે ભાંડુ રાષ્ટ્રો જ ગણી શકાય, કારણ ત્રણે એક તોખમનાં છે.

નૉર્વેજિયનો જેવી બીજી ખડતલ પ્રજા ભાગ્યે મળશે. ઉત્તરધ્રુવસફરી નાનસેન નૉર્વેજિયન હતો અને દક્ષિણ ધ્રુવ પર પહેલો પગ મૂકનાર રોઆલ્ડ આમુનસેન પણ નૉર્વેજિયન હતો. પુરાણા સાગરખેડુ વાઈકિંગ લોકો ત્યાંના જ વતની હતા. યુરોપનો કાંઠેકાંઠો તો શું પણ ઠેઠ અમેરિકા સુધી તેઓ પહોંચી ગએલા હતા, એમ કહેવાય છે. ત્યાંના દરેક બાળકને નાનપણથી જ બરફગાડી ચલાવતાં, બરફ પર ચાલતાં અને તે પર લપસતાં (sking =શીઇંગ) શીખવું પડે છે.

મધ્યમાં સાંકડા અને ઉત્તર દક્ષિણ પહોળા આ દેશની રાજધાની ઑસલો તેના અગ્નિકોણમાં ઑસલો ફિયર્ડ (પર્વતો વચ્ચે ઘુસેલી દરિયાની પટ્ટી) ના નાકે આકર નદીના કાંઠે આવેલું છે. અઢીલાખની તેની વસતિ છે અને સરકારી ખાતાં તથા પાર્લામેન્ટ (Storthing) ઉપરાંત ઇ. ૧૮૧૧માં સ્થપાએલી ફ્રેડ્રીકિયાના યુનિવર્સિટી અને એક રાષ્ટ્રીય નાટ્યગૃહ ધરાવે છે. કાર્લયોહાન્સગેડ નામના રાજમાર્ગ પર આવેલા આ નાટ્યગૃહની સામે જ ઇબસેન અને બ્યૉર્નસેન એ પ્રખ્યાત નાટકકારોનાં જબરાં પૂતળાં ઊભાં કરવામાં આવ્યાં છે. એ સિવાય એક કલાનું અને ઇતિહાસનું એમ બે મ્યૂઝિયમો પણ ત્યાં આવેલાં છે, જ્યારે ટૉરેન નામના તેના પરામાં વિજ્ઞાનનું મ્યૂઝિયમ ઇ. ૧૯૦૮ થી ઊભું કરેલું છે.

મૂળ આ શહેર હેરાલ્ડ સિગુર્ડસને ઈ. ૧૦૪૮માં વસાવેલું, ને ચૌદમી સદીના આખર ભાગમાં તે રાજધાનીનું પદ પામ્યું. પરંતુ બીજાં નૉર્વેજિયન શહેરો પેઠે એ પણ મોટે ભાગે લાકડાનું બંધાએલું હોવાથી વારંવાર આગનો ભોગ બનતું. આને લઇને રાજા ક્રિશ્ચિયન ચોથાએ ઈ. ૧૬૨૪માં તેનું નવનિર્માણ કરી પોતાના નામ પરથી તેનું નામ ક્રિશ્ચિયાના રાખ્યું. પરંતુ સ્વતંત્ર થયા પછી નૉર્વેએ એ નામ કાઢી નાખી ઇ. ૧૯૨૫થી મૂળ નામ ઑસલો ચાલુ કર્યું છે.

ઑસલોની સાચી રંગત શહેર કરતાં એની પછવાડે આવેલી પાઈનનાં વૃક્ષોથી છવાએલી ગિરિમાળાઓને લીધે છે. એ ગિરિમાળાઓમાં જ એનું મુખ્ય વિહારધામ હૉલમેનકોલેન આવેલું છે, જ્યાં શિયાળામાં વાંસડા ને શી (ski) સાથે યુવાનો ને યુવતીઓ ખેલ માટે ઊતરી પડે છે.



જીવી જાણનારા

જે માનવજીવનનું સાચું મૂલ્ય શીખવી ગયા

[૫]

વીરકુમારિકા આન્તિગોની

થીબ્સના અન્ધ રાજા ઈદિપસને બે દિકરા હતા, મોટો પોલુનિકીસ ને નાનો એતિઓકલીસ; પણ બેય કુપાત્ર નિકળ્યા. પોલુનિકીસે ઈદિપસને પદભ્રષ્ટ કરીને દેશવટો દીધો, એટલે આંધળો રાજા આથેન્સ ગયો, અને દીકરાના પાડની દિકરી આન્તિગોની આંધળાની લાકડી બનીને ઈદિપસ ભેળી ચાલી નિકળી. આન્તિગોનીને નાયિકાપદે સ્થાપીને ગ્રીસના મહાકવિ સોફોકલીસે કરુણાન્ત નાટક લખ્યું છે. આન્તિગોની ગ્રીક નાટકનો ચૂડામણિ તો છે જ, પણ જગતની કોઈ નાટકનાયિકા એને લગે એમ નથી, તે આપણે આ ઘડીએ જોશું.

પોલુનિકીસ બાપને ઠેકાણે રાજા થયો તો ખરો; પણ નાનાભાઈ એતિઓકલીસે એને પદભ્રષ્ટ કર્યો, એટલે છ સાથી ભેળા સાતમા પોલુનિકીસે થીબ્સ ઉપર ચડાઈ કરી. ઈદિપસ જેના ભેળો હોય તે વિજયી થાય એવી ભવિષ્યવાણી સાંભળીને પોલુનિકીસ ઈદિપસને તેડવા આથેન્સ ગયો પણ ઇદિપસે એનો તિરસ્કાર કરીને કહ્યું કે, 'તું તારા ભાઈને હાથે મરવાનો છે.' આ સાંભળીને પોલુનિકીસે આન્તિગોનીને કહ્યું, 'જો, બહેન. જો કદાચિત્ પિતાજીનો શાપ ખરો પડે અને જો તમારું થીબ્સ આવવું થાય, તો દેવની આણ દઈને હું તમને વીનવું છું, કે તમે તો મારો અનાદર ન કરતાં, પણ મારા મૃતદેહને સમાધિ દેજો, ને મારી ઉત્તરક્રિયા કરજો.'

પોલુનિકીસ ગયા પછી ઈદિપસ અચાનક મરી ગયો, એટલે આન્તિગોની પોતાના ભાઈઓ વચ્ચે સમાધાન કરાવવાની આશાએ થીબ્સ આવી. પણ એ થીબ્સ પહોંચ્યા પહેલાં પિતૃદ્રોહી ભાઈઓ દ્વન્દ્વયુદ્ધમાં એક બીજાને હાથે માર્યા ગયા હતા, અને એને ઠેકાણે એનો મામો ક્રીઓન રાજા થયો હતો, તેણે દાંડી પીટાવી હતી, કે 'પોતાની જન્મભૂમિ થીબ્સ ઉપર ચડી આવનાર પોલુનિકીસના શબને કોઈએ દાટવું નહિ, પણ ગીધ તથા કૂતરાને ખાવા દેવું, અને કોઈએ એનો શોક કરવો નહિ; છતાં કોઈ એની ઉત્તરક્રિયા કરશે તો એને દેહાન્તદંડ ભોગવવો પડશે.'

હવે કરવું કેમ? આન્તિગોની ભેગી એની બહેન ઇસ્મેની હતી તેને પૂછ્યું, કે 'ભાઈનું શબ ઉપડાવવા લાગીશ કે?'

ઇસ્મેની કહે, 'રાજાની ના છે, છતાં તારે એનો નિખનનસંસ્કાર કરવો છે?'

આન્તિગોની કહે, 'હા. ગમે તેમ તોયે એ મારો ભાઈ છે, અને તારો પણ ભાઈ છે. ભલે પછી તું એનો ત્યાગ કરે, પણ હું એની વિશ્વાસહત્યા નહિ કરું.'

ઇસ્મેની: 'હે સાહસિક બાઈ, ક્રીઓને મના કરી છે તોય?'

આન્તિગોની: 'મારી તથા મારાંની વચ્ચે અંતરાય નાખનારો ક્રીઓન કોણ?'

ઇસ્મેની: 'હું તો મારે સત્તાધારીની આજ્ઞા માનીશ, કારણ આપણા ગજા ઉપરવટની વાત કરવા જવું એમાં ડહાપણ નથી.'

આન્તિગોની: 'તે હું તને કાંઈ કરવા કહેતી નથી. હવે તો તું ઇચ્છે તો પણ તને મારે પડખે ચડવા દેવી નથી. પણ હું તો એને દાટીશ જ, અને એમ કરતાં મરીશ તો એવું રૂડું મરણ ક્યાં રેઢું પડ્યું છે? શુભ કામ કરતાં હું પાછું વાળી જોનાર નથી, અને ભાઈની પથારીને પડખે જ મારી મરણપથારી કરવાની છું. મારે ઇહલોકના રાજાને નહિ, પણ પરલોકના રાજરાજેશ્વરને પ્રસન્ન કરવો છે. રાજા હારે તો ચાર દિવસ કામ પડે છે, પણ રાજરાજેશ્વરનો દંડ અનન્તકાળ ભોગવવો પડે છે.'

એમ કરીને આન્તિગોની ચાલી નિકળી, ભાઈનું શબ દાટ્યું, એના ઉપર સૂકી માટી વાળી, અને એની ક્રિયા કરી.

આ વાતની જાણ ક્રીઓનને એના માણસે કરી એટલે એ બોલ્યો, 'એને સમાધિ દેનારને ગોતી કાઢો, નકર તમારું આજ મોત છે.'

એટલે ચોકિયાતે એ શબ ઉપરથી માટી ખસેડી નાખી અને થોડે દૂર ટેકરી ઉપર જઈને બેઠા. થોડી વાર થઈ, ત્યાં તો શિશુવિરહિત માળો જોઈને પક્ષિણી આક્રન્દ કરે તેમ વલવલતી આન્તિગોની આવી. માટી ખસેડી નાખનારને શાપ દીધા, વળી સૂકી માટી લઈ આવી. અને પિત્તળના સુઘટિત પાત્રથી પાણી રેડીને ભાઈનો અભિષેક કર્યો તથા દેવોને અંજલિ આપી. આ જોઈને ચોકિયાત દોડતા આવ્યા અને ભાઈની બહેનને ઝાલીને ક્રીઓન આગળ લઈ ગયા.

ક્રીઓનઃ 'તમે અપરાધ કર્યો છે કે?'

આન્તિગોનીઃ 'હા.'

ક્રીઓનઃ 'પડો વગડાવીને ઘોષણા કરાવી હતી તે તમે જાણતાં હતાં?'

આન્તિગોનીઃ 'હા.'

ક્રીઓનઃ 'અને આ કાયદા તોડવાની તમે ધૃષ્ટતા કરી છે એમ ને?'

આન્તિગોનીઃ 'પણ એ કાંઈ ઔલિમ્પિયનની આજ્ઞા નહોતી. તેમજ ધર્મરાજની પણ આજ્ઞા નહોતી. તમે ગમે તેમ તોય મરણાધીન માનવ છો; એટલે દેવોના અલિખિત તથા અચળ શાસનનો ભંગ કરી શકે એટલી સત્તા તમારા જાહેરનામામાં હોઈ શકે એમ મને લાગ્યું નહિ. દેવો તો અનાદિ છે. એનો દંડ માણસથી ડરીજઈને હું કેમ મારે માથે વહોરી લઉં? તમે આ ઢંઢેરો બહાર ન પાડ્યો હોત તોય ક્યાં હું અમરપટો લખાવીને આવી હતી! અને વિના મૃત્યુએ હું મરીશ તો મને દુઃખણીને તો એમાં કાંઈ ખોટ નથી પણ લાભ જ છે. મારા મરણનો મને કાંઈ શોક નથી, પણ મારા વીરને છેલ્લા કરિયાવર ન થયા હોત તો એનો મને ભવભવનો ઓરતો રહી જાત.'

આ ભવ્ય સંવાદ પછી જેની સગાઈ આન્તિગોનીની સાથે થઈ હતી તે ક્રીઓનના દિકરા હીમોને પોતાના બાપને સમજાવ્યો, પણ ક્રીઓન એકનો બે ન થયો, અને એક ગુફામાં પશ્ચાત્તાપ કરવા ખપ લાગે એટલું જ અન્ન મૂકાવીને આન્તિગોનીને જીવતી ચણાવી દીધી.

હે. વા.



ચાલુ એ.બી.સી.ડી.ના અક્ષરોની નવી ઢંગદાર ઢબનો જે એક નમૂનો ૧૯૫મા અંકમાં આપ્યો હતો તેનો અનુસંગી એક બીજો નમૂનો. નવીનતા અને દેખાવને માટે આવા અક્ષરોનો રોજિંદા અનેક કામોમાં ઉપયોગ કરી શકાય. ફૂટપટ્ટી અને કંપાસની મદદથી કોઈ પણ હુશિયાર વિદ્યાર્થી એ આલેખી શકશે. જોઈતા કદ પ્રમાણે તેનાં નાનાંમોટાં પ્રમાણ કરી શકાશે.

બા ળ વિ ભા ગ

પંચતંત્રની વાર્તાઓ

કથા ૨૬

ઉત્તરાપથવર્તી ગૃધ્રકૂટ પર્વત ઉપર એક પીપળાનું ઝાડ હતું. તેમાં બગલોબગલી રહેતાં હતાં. એનાં બચ્ચાંને પાંખ ન આવી હોય ત્યાં પીપળા તળે બોણમાં રહેતો કાળો નાગ ખાઈ જતો. આથી ઉદાસ થઈને બગલો સરસ્વતીતીરે ઊભો હતો એને જોઈને કરચલો બોલ્યો: 'મામા, આજ કેમ આમ કોચવાઓ છો?' તે બોલ્યો, 'ભદ્ર, મારા મન્દભાગ્યનાં બાળકોને સર્પ ખાઈ ગયો, એનો નાશ કરવાનો કાંઈ ઉપાય હોય તો કહે.' આ સાંભળીને કરચલે વિચાર્યું, 'આ અમારી જાતનો સહજવેરી છે. એટલે એવો ઉપદેશ દઉં કે જેથી બીજા બગલાનો યે સાથ વળી જાય. કહ્યું છે, કે

નવનીતસમી વાણી કરીને ચિત્ત નિર્દય।
શત્રુને બોધ દે એવો વંશ સોતો મરી રહે ॥૪૪૦॥

એટલે તે બોલ્યો. 'મામા. એમ હોય તો નોળિયાના બોણથી સર્પના બોણ લગી માછલાંના માંસની અવિચ્છિન્નપરંપરા કરો. એટલે નોળિયો એ માર્ગે જઈને દુષ્ટ સર્પને મારી નાખશે.' બગલાએ આમ કર્યું એટલે મત્સ્યમાંસાનુસારી નોળિયાએ નાગને માર્યો, ને પછી ધીરે ધીરે તે ઝાડના આશ્રિત બગલાઓને પણ મારી નાખ્યા."

પણ લોભાન્ધ પાપબુદ્ધિએ બાપની વાત ગણકારી નહિ. અને તે એને પરાણે રાતે વનમાં તેડી ગયો ને તરુકોટરમાં બેસાડ્યો. સવારે અધિકારી સમક્ષ વનસ્પતિને ધર્મશાસ્ત્રનાં વચન સંભળાવ્યાં એટલે વનસ્પતિમાંથી આવી વાણી નીકળી: 'ધર્મબુદ્ધિએ આ ધન લીધું છે.'

આ સાંભળીને વિસ્મિત થયેલા રાજપુરુષો ધર્મ-



ઝાડને આગ લાગી એવો જ પાપબુદ્ધિનો પિતા અર્ધદગ્ધ શરીરે ને ફૂટી ગયેલી આંખે આક્રંદ કરતો બહાર નીકળ્યો.

બુદ્ધિને શું દંડ દેવો એનો વિચાર કરતા હતા ત્યાં તેણે શમીને ફરતાં અગ્નિજ્વાળા દઈ ખડકીને સળગાવ્યાં. આથી ઝાડને આગ લાગી એવો જ અર્ધદગ્ધ શરીરે તથા ફૂટી ગયેલી આંખે પાપબુદ્ધિપિતા કરુણ આક્રન્દ કરતો નિકળ્યો. ને 'આ દુષ્ટપુત્રે મારી આ દશા કરી.' એમ કહેતાક તે મરી ગયો. પછી રાજપુરુષોએ ધર્મબુદ્ધિનું ધન પાપબુદ્ધિ આગળથી એને અપાવ્યું, અને પાપબુદ્ધિને શૂળીએ ચડાવ્યો.

એટલે હું કહું છું: 'ધર્મબુદ્ધિપાપબુદ્ધિ' ઇતિ. દમનક તું યે પાપિયો છે, સજ્જન નથી: નહિ તો સ્વામીની આવી અવસ્થા તું ન કરત. અને જેણે સ્વામીનું આટલું બગાડ્યું એ અમારા જેવા માથે શું ન કરે? અને કહ્યું છે:

સહસ્રલોહનુ' તોલું જ્યાં ખાઇ જાય ઊંદરો।
હાથીને યે હરે બાજ છોકરામાં ન વિસ્મય ॥૪૪૨॥

દમનક કહે, 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૨૭

એક ઠેકાણે જીર્ણવિભવ નામે વણિકપુત્ર હતો. તે કમાવા સારુ પરદેશ જવા નિકળ્યો. એના ઘરમાં હજાર પલ* લોઢાથી ઘડેલી પૂર્વપુરુષોપાર્જિત તુલા હતી, તે એણે કોઈ શેઠને ઘેર થાપણ દાખલ મૂકી. દેશાંતરમાં એને દુર્ભાગ્યે કમાણી ન થઈ એટલે ગયો હતો એવો જ પાછો આવ્યો, અને થાપણ પાછી માગી. તે બોલ્યો, 'તોલું તો ઊંદરડા ખાઈ ગયા.' જીર્ણવિભવ મનમાં હસીને કહે, 'તો તેમાં તારો શું દોષ? આ સંસાર જ એવો અસાર છે. પણ હું નદીએ સ્નાન કરવા જાઉં છું, એટલે આ તારા પુત્ર ધનદેવને સ્નાનોપકરણ લઈને મારી હારે મોકલ.' ચોરી માથે પડવાની બીકે શેઠે છોકરાને કહ્યું, 'વત્સ, આમળાં ને લઈને કાકા ભેગો જા.' છોકરો તો હરખાતો હરખાતો અભ્યાગતભેગો ગયો. ન્હાઈને પાછા આવતાં છોકરાને એક મિત્રના ઘરમાં સંતાડીને જીર્ણવિભવ શેઠ આગળ આવ્યો. શેઠે પૂછ્યું, 'છોકરો ક્યાં?' તે બોલ્યો, 'એને તો સરિતાતટથી બાજ ઉપાડી ગયો.' શેઠ કહે, 'મિથ્યાવાદી, બાજ તે કદી બાળકને ઉપાડી શકે કે?' તે બોલ્યો, 'સત્યવાદી, બાજ બાળકને ન ઉપાડે તો ઊંદર પણ લોઢાનું તોલું ન ખાય, એટલે છોકરાનું પ્રયોજન હોય તો તોલું સોંપી દે.' આમ વિવાદ કરતા બેય રાજકુળમાં ગયા. શેઠ તાણીને બોલ્યા, 'અબ્રહ્મણ્યમ્, અબ્રહ્મણ્યમ્, આ દુરાત્માએ મારા છોકરાને ક્યાંક ગુમ રાખ્યો છે.' ધર્માધિકારીએ પૂછ્યું તો જીર્ણવિભવ બોલ્યો, 'હું શું કરું! મારા દેખતાં શિશુને નદીકાંઠેથી બાજ ઉપાડી ગયો.' અધિકારી કહે, 'એ તો અલૌકિક વાત થઈ. બાજ છોકરાને ઉપાડવા કેમ સમર્થ થાય!' તે બોલ્યો:

સહસ્રલોહનુ' તોલું જ્યાં ખાઇ જાય ઊંદરો।
હાથીને યે હરે બાજ છોકરામાં ન વિસ્મય ॥

એમ કહીને એણે સભ્યો આગળ બધો વૃત્તાન્ત કહ્યો. એટલે સભ્યોએ એકને તોલું ને બીજાને છોકરો અપાવીને સંતોષ્યા.

એટલે હું કહું છું: 'સહસ્રલોહનું તોલું' ઇતિ.

(ચાલુ) **વાલજી ગો. દેસાઇ**

---
* પારોર કાચો

અથાણું

ભેજાંગેપ તંત્રીઓ

'સૅટર્ડે ઇવનિંગ પોસ્ટ' એ અમેરિકાના ઘરઘરમાં ફેલાવો પામેલું સુપ્રસિદ્ધ અઠવાડિક છે. તેના ચિત્રકાર જોન ગેનાને એક ચિત્રનો અસલ લેખ તારથી મંગાવ્યો. લખાણ આવ્યું, આર્ટિસ્ટે વાંચ્યું અને ચિત્ર બનાવી મોકલી આપ્યું. બે દિવસ રહીને તેને ખબર પડી કે લેખ તો પોતાની પાસે રહ્યો છે, એટલે તુરત પોસ્ટ કર્યો. થોડા દિવસ પછી 'નામંજૂર'ની પટ્ટી સાથે લેખ તેના ઉપર જ પાછો આવ્યો!

'સ્પ્રિંગફિલ્ડ રીપબ્લિકન' પત્રમાં એક શહેરીના અવસાનના ખબર છપાઇ ગયા. માણસ તો જીવતો હતો, તે ફરિયાદ લઇને આવ્યો તંત્રીની ઑફિસમાં. તંત્રી કહે, 'એમાં હવે કંઈ બને નહિ; રીપબ્લિકનમાં છપાયું કે તમે મરી ગયા એટલે બસ મરી જ ગયા!' છેવટે પેલાએ બહુ ગાળાફોડ કરી ત્યારે બીજે દિવસે નવા જન્મેલાનાં નામોની ટીપમાં તેનું નામ ઉમેર્યું!

'આ ટાલ ઉપર વાળ ઉગાડવાની દવા ખૂબ જ અકસીર છે એમ તમે કહો છો?'

'બરેબર! હાલ એક માણસે તેનું સખત બંધ દાંતે વડે ખેંચી કાઢ્યું તેટલામાં તો તેને મૂછો ઊગી ગઇ!'



માધુકરી

ગુલામ છે મોક્ષ પણ.

જરા ન પરવા લગીર કરવી કદી કોઇની,
સદા દૃઢ રહેવું આત્મ નિજ ઓળખી, સ્વત્વની
અશેષ જગને લહાણ દઇ બંધુભાવે રહી
હમેશ મથવું જ અન્ય કંઇ આત્મ ઉદ્ધારવા:
મહા જીવનસાર એ જ ગણવો, નહીં રાખવી
પછી ફિકર; દોસ્ત! ચોક્કસ ગુલામ છે મોક્ષ પણ. —અશોક હર્ષ

સંસ્કારમૂર્તિ વિનાયકભાઇ

ગયા જાન્યુઆરીની ૨૬ મી તારીખે ગુજરાતની એક ગૌરવમૂર્તિ શ્રી વિનાયક નંદશંકર મહેતાનું ૫૫ વર્ષની ઉમરે અલ્લાહાબાદ ખાતે અકાળ અવસાન થયું. ગત વિનાયકભાઈ તે 'કરણઘેલો' ના કર્તા સાક્ષરવર્ય નંદશંકર તુલજાશંકરના પુત્ર તથા દેશી રાજ્યના રાજકારણમાં પ્રતિષ્ઠિત મનુભાઇ નંદશંકર મહેતાના નાના ભાઇ. તેમનો જન્મ ઇ. સ. ૧૮૮૩માં થએલો. સંસ્કાર, સત્તા, અને સમૃદ્ધિના વાતાવરણમાં તેઓ ઉછરેલા. તેમનું વિદ્યાર્થી-જીવન ખૂબ ઉજ્જ્વલ અને આશાદાયી હતું. યુનિવર્સિટીની પરીક્ષાનાં પરિણામોમાં તેમનું નામ પ્રથમ પંક્તિએ જ હોય. ૧૯૩૦ માં તેઓ બી. એ. ની પરીક્ષામાં પહેલા નંબરે ઉત્તીર્ણ થયા અને કેટલાંય ઇનામો અને શિષ્યવૃત્તિઓ મેળવ્યાં. બી. એ. થઇને તેઓ યુરોપ ગયા. આઈ. સી. એસ. ની પહેલી જ હરીફાઇમાં તેઓ પસાર થયા અને ૧૯૦૬ થી તેમની સરકારી નોકરીનો પ્રારંભ થયો. ગુજરાતી હિન્દુઓમાં તેઓ સૌથી પહેલા સિવિલિયન હતા.

તેમના મોટા ભાઇ શ્રી મનુભાઇ જેટલા તેઓ ગુજરાતને પરિચિત નહોતા; પણ તેમની જીવનકારકીર્દિ કાંઇ ઓછી ઉજ્જ્વલ નહોતી. વિલાયતથી આવ્યા કે તરત તેમની નિમણુક સંયુક્ત પ્રાંતમાં થઈ અને લગભગ જીવનભર એ ત્યાં જ રહ્યા. સિવિલ સર્વિસમાં તેમનો ઉત્તરોત્તર ઉત્કર્ષ થતો ગયો. યુ. પી. ના અલ્લાહાબાદ, લખનૌ, કાશી વગેરે મોટાં મોટાં મથકોની કમિશનરશીપ તેમણે કરેલી. સૌથી પહેલા હિન્દી ડિરેક્ટર ઑવ ઇન્ડસ્ટ્રીઝ તેઓ થયા. યુ. પી. સરકારના કેળવણી ખાતાના સેક્રેટરી તરીકે તેમણે કેટલોક વખત કામ કરેલું. વચગાળે કાશ્મીરમાં ૧૯૩૨ થી ૧૯૩૫ સુધી તેમણે મહેસુલી પ્રધાન તરીકે કામ કર્યું અને ૧૯૩૭-૩૮ માં બિકાનેરના મુખ્ય પ્રધાન તરીકે તેમણે એક વર્ષ સેવા બજાવી. છેલ્લા છેલ્લા કેટલાક સમયથી તેઓ બોર્ડ ઑફ રેવન્યુના સિનિયર મેમ્બર હતા. મહેસુલ ખાતામાં આ મોટામાં મોટો અધિકાર ગણાય છે. કૉંગ્રેસ સરકારના અમલ દરમિયાન તેમણે તે વખતના પ્રધાનમંડળની ખૂબ પ્રીતિ અને વિશ્વાસ સંપાદન કરેલાં. મુખ્ય પ્રધાન શ્રી૦ ગોવિંદ વલ્લભ પન્તના તેઓ એક મોટા સલાહકાર હતા. સરકારી નોકરીએ તેમના રાષ્ટ્રપ્રેમને કદિ પણ શિથિલ થવા દીધો ન હતો. આને લીધે કૉંગ્રેસ સરકારના જવા



સદ્દગત
વિનાયક
નંદશંકર
મહેતા

બાદ જે નવી તંત્રરચના કરવામાં આવી તેમાં તેમની સર્વ પ્રકારની લાયકાત હોવા છતાં તેમને લેવામાં ન આવ્યા. તેઓ યુ. પી. સરકારના સૌથી લાંબી નોકરીવાળા રાજ્યાધિકારી હતા. એકબે વર્ષમાં એ નિવૃત્ત થવાના હતા. સરકારી નોકરીમાંથી નિવૃત્તિ લઇને મુંબઈ આવવું અને પ્રજાહિતકારી પ્રવૃત્તિઓમાં જીવનનો અવશેષ ભાગ પૂરો કરવો તેવાં સ્વપ્નાં તેઓ સેવી રહ્યા હતા પણ વિધિને એ સંમત નહોતું. કામ કરતાં કરતાં હૃદય બંધ પડવા સાથે તેમણે પંચાવન વરસની વયે ઐહિક જીવનની મજલ પૂરી કરી.

જેટલી ઉજ્જ્વલ તેમની સરકારી કારકીર્દિ હતી તેટલી ઉજ્જ્વલ તેમનાં જીવનની બીજી બાજુઓ હતી. ગુજરાતી સંસ્કૃતિની તે વખતની સૂત્રધાર નાગર કોમમાં તેમનો જન્મ થયેલો અને વિદ્વાન પિતાના તેઓ પુત્ર, એટલે જન્મકાલથી જ સંસ્કારપ્રચુર વાતાવરણમાં ઉછરેલા. સાહિત્યરસ તેમણે બાળપણથી પીધેલો. સંસ્કૃત સાહિત્યના તેઓ બહુ મોટા અભ્યાસી હતા. જર્મન ભાષા તેમજ સાહિત્ય ઉપર તેમને ખૂબ પક્ષપાત હતો. ઉર્દૂ તેઓ બહુજ સરસ બોલી-લખી જાણતા. ગુજરાતી ભાષા તો તેમની પોતાની જ હતી. તેમની શક્તિના પ્રમાણમાં ગુજરાતી સાહિત્યને તેઓ બહુ આપી શક્યા નહિ, પણ એમણે લખેલું એમના પિતાનું જીવન 'નંદશંકર જીવનચિત્ર' આજે ગુજરાતી ચરિત્રગ્રંથોમાં અજોડ સ્થાન ધરાવે છે. તેમાં અનુભવગોચર થતું ભાષાસ્વામિત્વ અને સર્વાંગ વહેતું મર્મવિનોદનું ઝરણું આજે બહુ જ વિરલ લેખકો રજૂ કરી શકે તેમ છે. 'કો નગરી' નામનું તેમનું લખેલું એક નાનું ગુજરાતી નાટક પણ ઉત્તમ પ્રતિભા ધરાવે છે. કાશી બાજુએ તો એમની એક પંડિત તરીકે જ ખ્યાતિ હતી. હમણાં થોડા સમય પહેલાં હું કાશી–સારનાથ ગયેલો, ત્યાંના ક્યૂરેટર પણ વિનાયકભાઇને સારનાથના પુનરુદ્ધારમાં કેટલો તીવ્ર રસ હતો તે વિષે તેમની ખૂબ પ્રશંસા કરતા હતા. અંગ્રેજી દૈનિક તેમજ અન્ય સામયિક પત્રોમાં સાહિત્ય, પુરાતન ઇતિહાસ, રાજકારણ કે સમાજોદ્ધાર જેવા વિવિધ વિષયો ઉપર તેમના અનેક વિચારપૂર્ણ લેખો પ્રગટ થયા જ કરતા. હજુ હમણાં જ તેમના અવસાન સમાચાર સાથે સાથે 'લીડર' ના અંકમાં ગ્રામપુનરચના ઉપર તેમનો એક લેખ નજરે પડે છે.

કોઈ પૂછે કે ભારતીય સંસ્કૃતિનો અમારે એક સાચો પ્રતિનિધિ લેવો છે તો આપણી નજર તુરત વિનાયકભાઇ તરફ જ ઢળે. નિર્મળ અરીસા જેવું તેમનું ચારિત્ર્ય હતું. એમનો સમાગમ એટલે સહૃદય આવકાર અને આનંદ પ્રસન્નતા. સુવાસ આપવા અને સેવા માટે જ તેમણે જન્મ લીધેલો. એક સરખા સુખમાં તેમણે જીવન ગાળ્યું અને એવું જ સુખરૂપ તેમને મૃત્યુ સાંપડ્યું.

અને આ પ્રશસ્તિ ખરેખર અધુરી લેખાય જો વિનાયક-ભાઇના જીવનસહચરી શ્રી. ઈશ્વરીબહેનનો અહીં ઉલ્લેખ ન કરું તો. સાધારણ રીતે આપણા દેશના મોટા માણસોની સ્ત્રીઓ તેમના જીવનગ્રંથના એક પરિશિષ્ઠ પ્રકરણ સમી જોવામાં આવે છે; પણ ઈશ્વરીબ્હેન વિનાના વિનાયકભાઈ કદિ કોઈ કલ્પી જ ન શકે. એમના જેવું પરસ્પર વિશ્વસ્ત અને એકમેકમાં ઓતપ્રોત દંપતીયુગલ આપણા સમાજમાં ભાગ્યે જ નજરે પડે તેમ છે.

જે અલ્લાહાબાદમાં તેમણે સરકારી નોકરીનો પ્રારંભ કરેલો ત્યાંજ તેમના જીવનનો પ્રદીપ ઓલવાયો. એક ધર્મપરાયણ હિંદુ તરીકે એ પણ પરમ સદ્ભાગ્ય ગણાય. ત્રિવેણી ઉપર તેમના અવશેષનો અગ્નિસંસ્કાર થયો.

કેટલાક સમય ઉપર તેમણે **अत्र लुप्ता सरस्वती** એ મથાળા નીચે ત્રિવેણીસંગમ વિષે કાવ્યપૂર્ણ લેખ લખેલો. આજે આપણને પણ એજ ત્રિવેણીસંગમ ઉપર ઊભાં ઊભાં એ પુણ્યાત્માનું શોકભર્યા હૈયે સ્મરણ કરતાં કરતાં એમજ ઉચ્ચરવાનું રહ્યું કે **अत्र लुप्ता सरस्वती।**


—પરમાનંદ કાપડીઆ

સ્કૅન્ડિનેવિયા

મોહક ગૌર વર્ણના, પડછંદ બાંધાના ને ડેનમાર્કમાં વસતા લોકોના સગોત્રીય લોકોથી વસાએલા, સ્વીડન અને નૉર્વે એ બે દેશો મળીને બનેલા, યુરોપના ઉત્તરભાગે આવેલા આ દ્વીપકલ્પે છેલ્લાં સો વરસથી લડાઇ જેવી ચીજ નહોતી જાણી, પરંતુ આજે જર્મન આક્રમણના ભોગ તેને બનવું પડ્યું છે. પ્રાચીન કાળમાં એ દ્વીપકલ્પવાસી લોકોને વાઇ-કિંગ્સ, નૉર્સમેન કે નૉર્થમેન તરીકે ઓળખવામાં આવતા, આજે એમને 'નૉર્ડિક્સ' કહેવામાં આવે છે.

ઇસવી સનના આરંભ પહેલાં એમના ટ્યુટન (જર્મન) પૂર્વજો આગ્નેય પ્રદેશોમાંથી આવી યુરોપમાં વિસ્તર્યા ત્યારથી એમનો ઇતિહાસ શરૂ થાય છે. ફિન તથા લાપ લોકોને હાંકી કાઢી એ લોકો સ્કૅન્ડિનેવિયા તથા જટલાંડ (ડેનમાર્ક)માં વસ્યા—પણ એક પ્રજા તરીકે નહિ. એમના જાતીય ઝગડા હજારો વર્ષ ચાલ્યા. પછી ઈ. ૮૦૦ થી ૧૦૦૦ વચમાં 'વાઇકિંગ યુગ' શરૂ થયો. એ કાળ સુધીમાં તેઓ નૌકળામાં પ્રવીણ થઈ ચૂક્યા હતા. લાંબી સફરે નીકળી પડી આઈસલૅન્ડ, ગ્રીનલૅન્ડ, ને અમેરિકા શોધવા ઉપરાંત ભૂમધ્યવર્તી પ્રદેશો સુધી હુમલા લઈ જઈ તેમણે ગુલામો પણ પકડવાનું શરૂ કરેલું. ધીમે ધીમે રાષ્ટ્રીય સંગઠન થવા માંડ્યું ને ઈ. ૧૫૨૧ સુધી ડેનમાર્કના પ્રભુત્વ તળે ત્રણે પ્રજા સંગઠિત રહી.

એ સંગઠનમાંથી પહેલવહેલું સ્વીડન ઈ. ૧૫૨૧માં સ્વતંત્ર ગયું ને થોડા વખતમાં યુરોપની પ્રમુખ સત્તાઓમાંનું એક બની ગયું. નેપોલિયનનાં યુદ્ધોમાં તે સંડોવાએલું. ઇ.૧૮૦૯માં તેને ફિનલૅન્ડ ને આલાંડ ટાપુઓ રશિયાને આપી દેવા





ઉપર : સ્કૅન્ડીનેવીઆ અને બીજા પડોશી દેશો
જમણી બાજુ : નૉર્વેમાં લગ્નોત્સવનું એક દૃશ્ય

પડ્યા પણ તેના બદલા ૧૮૧૪માં ડેનમાર્ક પાસેથી નૉર્વે લઇ તેમને આપી દીધો.

આવા બદલાથી નૉર્વેજિયનો નારાજ થયા ને લગભગ એકાદ સૈકા સુધી સ્વતંત્રતા મેળવવાના પ્રયાસ આદરતા રહ્યા. આખરે ઇ. ૧૯૦૫માં શાંતિપૂર્વક એ જોડાણ રદ કરવામાં આવ્યું, ને નૉર્વેની સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે સ્થાપના થઇ. સાતમા એડવર્ડની પુત્રીને પરણેલા અને ડેનમાર્કના રાજાના ભાઇને 'રાજા હાકોન સાતમા' તરીકે ગાદી અપાઇ.

આજે આ બંને પ્રજા લોકપ્રતિનિધિત્વની શાસનપદ્ધતિ તળે શાંતિમય જીવન ગુજારે છે. બંનેનું બંધારણીય રાજતંત્ર છે. બંનેમાં કેળવણી ફરજિયાત છે ને આછી વસતિવાળા પ્રદેશોમાં શિક્ષણ આપવા માટે શિક્ષકો એક ગામથી બીજે ગામ ફરે છે. કોઈ ઠેકાણે એક જ ઘર વસેલું હોય તો એ એક જ ઘરનાં બાળકોને શિક્ષણ આપવા અઠવાડિયાંઓ સુધી રોકાઇ, બીજી મુલાકાત સારુ હોમવર્ક આપી જાય છે.

સ્કૅન્ડિનેવિયાનો આ દ્વીપકલ્પ ૧૦૦૦ માઈલ ઉપરાંત લાંબો છે. છ થી આઠ હજાર ફૂટ ઊંચી પર્વતમાળાઓ તેની કરોડની ગરજ સારે છે. પૂર્વે બોથ્નિયાના અખાત બાજુ ઢોળાણ પડતી તેની ભૂમિ પર અનેક સરોવરો ને નદીઓ આવેલ છે. પશ્ચિમમાં પણ આટલાંટિક બાજુ થોડું ઢોળાણ છે. આ પર્વતમાળાઓથી જ નૉર્વે ને સ્વીડન જુદાં પડે છે.

સ્વીડનની વધુમાં વધુ લંબાઇ ૯૯૦ માઇલની ને વધુમાં વધુ પહોળાઈ ૨૫૦ માઈલની છે. એની આઠ ટકા જેટલી સપાટી સરોવરોએ રોકેલી છે. એ સરોવરો સાથેનું એનું કુલ ક્ષેત્રફળ ૧,૭૩,૦૦૦ ચોરસ માઇલ જેટલું છે. દર ચોરસ માઇલે સરેરાશ વસતિ ૩૧ જણની છે. નૉર્વેની જેમ તેની કિનાર બહુ ખંડિત નથી પણ મુખ્ય ભૂમિ સામે નાના નાના ટાપુઓથી ખચિત છે. બોથ્નિયા અખાતમાંના એનાં આલાંડ ટાપુઓ તો ઠેઠ ફિનલૅંડ સુધી પહોંચે છે. એની ૬૦ ટકા ભૂમિ જંગલોથી છવાએલી છે, ૨ ટકા બીડોથી, જ્યારે આશરે ૯.૩ ટકા ખેડાણ યોગ્ય છે. એ સિવાયની ડુંગરાળ છે અથવા તો ઉજ્જડ.

નૉર્વેની વધુમાં વધુ લંબાઇ ૧૦૮૦ માઇલની ને વધુમાં વધુ પહોળાઈ ૨૬૦ માઇલની છે. સરેરાશ પહોળાઈ માત્ર ૬૦ માઇલની. એનું કુલ ક્ષેત્રફળ ૧,૨૫,૦૦૦ ચોરસ માઇલનું છે ને દર ચોરસ માઇલે ૨૨ જણની વસતિ ધરાવે છે. એ સ્વિટ્ઝરલૅંડથી પણ વધુ ડુંગરાળ મુલક છે ને તેનો કિનારો પણ ખડકાળ છે. પરંતુ એ મોટા મોટા ખડકો ભેદીને પણ સમુદ્રની નાની ચિરાડો જમીનમાં કેટલેક ઠેકાણે ઘુસેલી છે જે 'ફિયર્ડ' કહેવાય છે. આને લીધે એનો દરિયાકિનારો ૧૨ હજાર માઈલની લંબાઇએ પહોંચે છે. કિનારની સામે જ નાના નાના દોઢ લાખ જેટલા ટાપુઓની



ઊંચા ખડકો વચ્ચે આવેલું એક નૉર્વેજિયન ફિયર્ડ

સખ્ત હાર વડે બનેલો એનો કુદરતી ધક્કો (breakwater) આવેલો છે. એની કુલ વસ્તી ૩૦ લાખની છે અને મોટો ભાગ દક્ષિણે તરફ વસે છે. અમેરિકા અને જાપાન પછી વ્યાપારી નૌકાદળમાં તેનો નંબર ચોથો છે. તેની પાસે બે લાખ ખલાસીઓ છે. પ્રજાનો ત્રીજો ભાગ વહાણવટા ઉપર જીવે છે.

આખા સ્કૅન્ડિનેવિયાનો અરધા ઉપરાંતનો ભાગ જંગલોથી છવાએલો છે. એનાં પાણીમાં માછલીઓ પણ પુષ્કળ–લગભગ ૧૪૦ જાતની થાય છે. એને લઇને દર ૧૨ માણસે ૧ માણસ માછીમારનો ધંધો કરે છે. ઈમારતી લાકડાંની પણ સારી નિકાસ થાય છે ને વહાણો બાંધવાનો ઉદ્યોગ પણ ધમધોકાર ચાલે છે. પાકમાં જવ, રાઈ નામનું અનાજ, ઘાસ ને બટાટા મુખ્ય છે. ઢોર, ઘેટાં, બકરાં, ઘોડા વગેરે ઉછેરવામાં આવે છે. ક્યાંક ક્યાંક થોડુંક પેટ્રોલિયમ જમીનમાંથી નીકળી આવે છે. એ સિવાય લોઢું, તાંબું, રૂપું, કોબાલ્ટ ને નિકલની ખાણો છે. ત્યાંનું ઘાસ કાગળ બનાવવાના ખાસ ઉપયોગમાં આવતું હોઈ કાગળની બનાવટ આ દેશોના મુખ્ય ઉદ્યોગોમાં સ્થાન પામે છે. વ્હેલ માછલીનું તેલ અને ચરબી પણ અહીં પુષ્કળ મેળવવામાં આવે છે.

સ્કૅન્ડિનેવિયાનો ચોથા જેટલો ભાગ ધ્રુવવર્તુલની ઉત્તરે આવેલો હોવાથી ઠંડી ત્યાં સખત રહે છે. બોથ્નિયાનો આખો અખાત નવેંબરથી માર્ચ સુધી બરફથી જામેલો રહે છે. વળી આ ઉપસ્થિતિને લઇને ઉનાળામાં એના દિવસો તથા શિયાળામાં રાત્રિઓ ખૂબ લાંબી હોય છે. ત્યાંનું હવામાન ખૂબ તંદુરસ્ત હોઈ ત્યાંના વતનીઓ સરેરાશ આપણા કરતાં બમણી લાંબી—૫૨·૩ વર્ષની જિંદગી ગુજારે છે


શાહમુર્ગ

અતિ પુરાણા કાળમાં ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલૅન્ડમાં મોઆ નામનું એક જબરૂં પંખી વસતું હતું. ચૌદથી સોળ ફૂટ ઊંચું એ પંખી જિરાફના કદ જેવડું લગભગ થવા જાય. આજે એની હસ્તી નાબૂદ થઇ છે, છતાં હજી ય આપણને આશ્ચર્યમાં ગરકાવ કરી દે એવડું જબરૂં એક પંખી દુનિયામાં હયાત રહ્યું છે, અને તે શાહમુર્ગ (મુર્ગ=પંખી; આપણે મૃગ કહીએ છીએ તે ખોટું છે).

ત્રણથી ચાર હંડ્રવેટ (આશરે ૧૧ મણ) વજનનું શાહમુર્ગ લગભગ ૮ ફૂટની ઊંચાઇ ધરાવે છે. એ બહુ શક્તિશાળી છે ને લાતથી પોતાનો બચાવ કરે છે. એની લાત એટલી તો જોરાવર હોય છે કે માણસનો તો શું પણ ઘોડાનો જીવ પણ એ વડે એણે લીધાના દાખલા છે. મોટે ભાગે તો ભય આવી પડતાં તે નાસવાનું જ પસંદ કરે છે. એ ઊડી નથી શકતું, પણ પાંખો પસારી એટલી તો ઝડપે દોડે છે કે હરણ કે ઘોડાને યે આંટી જાય. ઘણી વખત એની ઝડપ કલાકના ૨૬ માઈલ જેટલી હોય છે, પરંતુ તેને ચક્રાકારે દોડવાની ટેવ હોવાથી તે શિકારીના હાથમાંથી છટકી શકતું નથી.

એ લાંબો કાળ પાણી વગર રહી શકે છે, પણ સ્નાનનું બહુ શૉખીન હોય છે. કોઈ તળાવ કે પછી દરિયો પણ નજરે પડે કે તરત તેમાં નહાવા માટે ઝંપલાવવાનું. એને બેથી સાત માદા રહે છે. માદા કેટલાં ઈંડાં મૂકે છે એ ચોક્સ નથી. ઈંડાં બહુ જબરાં અને સરેરાશ લગભગ ચાર રતલ જેટલા વજનનાં હોય છે. સંખ્યા ચોક્કસ ન થવાનું કારણ એ છે કે રેતીના પોલાણમાં માળો બનાવી, એક જ માળામાં બધી માદાઓ ઇંડાં મૂકે છે.

શાહમુર્ગનો અવાજ સિંહની ગર્જનાને મળતો આવે



છે પણ મોટે ભાગે તે સિસકાર જ કરે છે. એની સૌથી જબરી વિચિત્રતા એની ભૂખ છે. એ ભૂખમાં આંધળો બની કાંકરા સુદ્ધાં ગળી જાય છે. કેટલાક કહે છે કે એ કાંકરા એણે લીધેલા ખોરાકને પીસવાને કામ આવે છે.

અભંગ કાચ

ઈ. ૧૯૦૩ની સાલ હતી. ફ્રેન્ચ રસાયણશાસ્ત્રી એડવર્ડ બેનેડિક્ટસ પોતાની પ્રયોગશાળામાં કામ કરી રહ્યા હતા. કામ કરતાં કરતાં એના હાથમાંથી બૂચ દીધા વગરની પ્રવાહી સેલ્યુલૉઈડની એક શીશી છટકી જમીન પર પડી, પણ નવાઈ એ હતી કે એ ભાંગી ન પડી. એમાંના સેલ્યુલૉઈડે કાચના બધા ટુકડાને ભેગા જકડી રાખ્યા. બેનેડિક્ટસની આ ગફલતે જ જગતને ન ભાંગે એવા 'અભંગ કાચ'ની ભેટ આપી.

આ અભંગ કાચ (laminated safety glass) સામાન્ય કાચ–પ્લેટગ્લાસ–નાં બે પડોનો બનેલો હોય છે અને તેની વચ્ચે પારદર્શક પૂરક પૂરવામાં આવે છે. પહેલાં એ પૂરક પડ સેલ્યુલૉસ નાઇટ્રેટનું બનાવવામાં આવતું, પણ હવે એ સ્થાન 'પોલીવિનીલ ઍસીટલ રેઝિન' વડે પૂરવામાં આવે છે, જે ઍસીટીલિનમાંથી જ ઊપજાવેલું એક પ્લાસ્ટિક છે.

સેલ્યુલોઝ નાઇટ્રેટનું પડ એક રીતે સંતોષકારક નહોતું નીવડ્યું, કારણ કે બારીબારણાં કે મોટરના કાચ પર સૂર્યનો પ્રકાશ પડતો રહેતાં તેમાંના ઍક્ટીનિક કિરણોની અસરને લઇને એ પડનો રંગ કાદવ જેવો બની, તેની પારદર્શકતાને હાનિ પહોંચતી. હવે આ નવી પ્રક્રિયા વડે બનાવેલો કાચ અભંગ ને કશા વિક્ષોભરહિત છે એટલું જ નહિ પણ વાળી પણ શકાય તેવો છે. જુદી જુદી પાંચ કંપનીઓ તેની શોધ પાછળ એક સાથે કામ કરી રહેલી ને એ પરિપૂર્ણ થતાં બાર લાખ પોંડ ખર્ચ થએલો.

ભયની ઘાતકતા

તમને માનવામાં નહિ આવે, બાકી જગતના ચાર ભયંકરમાં ભયંકર રોગો કરતાં પણ ભય વધુ જિંદગીઓનો ભોગ લે છે. તમે અકસ્માતોનો જ દાખલો લો. એમાંનો મોટો ભાગ કચડાઈ જવાના ભયથી બીધેલા રાહદારીઓનો જ હોય છે. એ લોકો પોતાનું મગજ સહેજ ઠેકાણે રાખત તો એવા અકસ્માતોમાંથી સહેજે બચી જાત. એવી જ રીતે ડૂબતો માણસ પણ ભયથી પોતાની હત્યા વહેલી વહોરે છે.

તમે કોઇ દાક્તરને પૂછી જોશો તો એની પાસે એવી આખી સૂચિ તૈયાર હશે, જેમાં પોતે જે રોગના ભોગ બનેલા હોવાના ભ્રમે દર્દીઓએ તેની મુલાકાત લીધી હશે એ રોગ તેમના નખમાં યે નહિ હોય. બીજી બાજુ વળી એવા યે લોકો હોય છે કે અમુક રોગ લાગુ પડ્યાની આશંકા એમને થઇ હોય છતાં એ આશંકા સાચી ન ઠરે માટે કાંઈ નિષ્ણાતની સલાહ નથી લેતા ને ધીમે ધીમે એ રોગના પંજામાં વધુ ને વધુ સપડાતા જાય છે. આવા 'hypochondriacs'ને સમજાવવા માટે તો ગમે તેવી નિષ્ણાત સમજણ પણ લાચાર નીવડે.

સરેરાશ માણસ તેના રોજિંદા જીવનવ્યવહારમાં અનેક પ્રકારના ભયનો બોજો માથે લઇને જ ફરતો હોય છે. કોઇને નોકરી જવાનો ભય હોય છે, કોઇને દેવાનો ભય હોય છે, કોઇને સૌન્દર્યનાશનો કે ઘડપણનો ભય હોય છે તો કોઇને પાછલી જિંદગીમાં જીવન શાના આધારે ગાળવું એ ભય કોરી રહ્યા હોય છે. અને આવા આવા અનેક પ્રકારના ભયને એ પોતાના મગજમાં એટલી છૂટથી શિકાર ખેલવા દે છે કે આખરે જખમાઇને એને વૈદ, દાક્તર કે માનસોપચારશાસ્ત્રીની સહાય જાચવી પડે છે. સાચું છું કે એવા ભયથી કોઈ મરી જતું નથી; માત્ર એ મોતને વધુ નજીક આણે છે એટલું જ!

પ્રજ્ઞાચક્ષુ કુમાર વ્રજલાલ



શીતળાદેવીનો કારમો પંજો ફક્ત ચાર વર્ષની કિશોર-વયમાં જ ભાઇ વ્રજલાલ પર ફરી વળી આંખો ફૂટવી ગયો છે. આજે એની વય ચૌદ વર્ષની છે. છતાં એ અપંગતામાં એટલી કુમાર વયે જ એમણે સંગીતકળા તથા જુદાં જુદાં વાજિંત્રો ઉપર વિસ્મયજનક કાબૂ મેળવી લીધો છે. મધુર કંઠની કુદરતી બક્ષિસ પણ તેને વરી છે. અને તેનાં તાન આલાપ તથા વાજિંત્રોની તેની આરાધના ભલભલા સંગીતવિશારદોને પણ મુગ્ધ કરે છે.

ઉજ્જ્વલ ભાવિ સૂચવતા આ કુમારની પ્રતિભા ભાવનગરની શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગશાળાને આભારી છે. લખવું, વાંચવું, હિસાબ,–આંક, ગંજીફાની રમતો ઉપરાંત શીવણકામ પણ તે શીખે છે. એ શાળાના ચાર વર્ષના શિક્ષણક્રમમાં એ પૂર્ણ સફળ વિદ્યાર્થી છે. આંધળાઓ માટેની કાઠીઆવાડમાં એ એક જ સંસ્થા છે જે વિના મૂલ્યે ચક્ષુહીનોને તાલીમ આપે છે. શ્રી કાન્તિલાલ વિમળશી શાહ નામના એક નિષ્ણાત અંધ સંગીતકાર શાસ્ત્રીય રીતે ત્યાં જુદાં જુદાં વાદ્યો પર સંગીત શીખવે છે. આંધળાઓની ખાસ બ્રેઇલ લિપિમાં વાંચવા લખવા ઉપરાંત શીવણ, ભરત, ગૂંથણ, નેતરકામ, બીડીઓ વાળવાનું વગેરે શીખવવામાં આવે છે. આ ઉપયોગી ને કલ્યાણકારી સંસ્થામાં હાલ ૩૩ કુમારો શિક્ષણ લઇ રહ્યા છે.

—મથુરાદાસ આણંદજી

ભારતીય સંવતો . . . [૭] વિક્રમ સંવત

વિક્રમ સંવતને માલવ સંવત (માલવકાલ) પણ કહે છે. માલવાના રાજા વિક્રમ અથવા વિક્રમાદિત્યે શકોનો પરાજય કરી પોતાના નામનો સંવત ચલાવ્યો હોવાની એની પ્રસિદ્ધિ છે. એ સંવત સાથે વિક્રમનું પહેલવહેલું જોડાએલું નામ સંવત ૮૯૫ (ઇ. ૮૪૧)ના ચાહમાન (ચૌહાણ) ચંડમહાસેનના ધૌલપુરના લેખમાંથી મળે છે. એ પહેલાંના શિલાલેખોમાંથી એનું નામ નથી મળતું; પણ મંદસોર, નગરી, કણાસ્વા વગેરેના શિલાલેખો પરથી એમ જણાય છે કે,

૧ માલવ ગણ (જાતિ) અથવા માલવ (માલવા)ના રાજ્ય યા રાજાની સ્વતંત્ર સ્થાપનાના સમયથી આ સંવતનો પ્રારંભ થતો હતો.

૨ એ વખતે વર્ષની સંજ્ઞા 'કૃત' પણ હતી.

૩ એની માસપક્ષયુત તિથિગણના પણ 'માલવપૂર્વા' અર્થાત માલવાની ગણના અનુસાર હતી.

જયપુર રાજ્યના નગર (કર્કોટક નગર)માંથી કેટલાક સિક્કા મળેલા છે. જે પર 'मालवान (नां) जय (यः)' લખેલું છે. એની લિપિ ઈ.પૂ. ૨૪૦થી ૨૫૦ વચ્ચેની એટલે કે વિક્રમ સંવતના પ્રારંભની માનવામાં આવે છે. એ સિક્કા પરથી અનુમાન થાય છે કે માલવ જાતિના લોકોએ જય પ્રાપ્ત કરી એની યાદગારમાં આ સિક્કા ચલાવ્યા હશે. સમુદ્રગુપ્તે માલવજાતિને પોતાને અધીન કરી હતી, એ પરથી અનુમાન થાય છે કે માલવોનો ઉપરોક્ત વિજય ગુપ્તોની પૂર્વેનો હશે. એ પણ સંભવ છે કે માલવજાતિના લોકોએ અવંતિ દેશને જીતી પોતાનું રાજ્ય ત્યાં જમાવ્યું હોય અને ત્યાં માલવજાતિનું રાજ્ય સ્થિર હોવાના સમયથી પ્રચલિત હોવાને કારણે આ સંવત 'માલવકાલ' યા 'માલવ સંવત' કહેવાયો હોય.

કેટલાક વિદ્વાનોનો મત એ છે કે આ સંવતનું નામ વાસ્તવમાં 'માલવ સંવત' જ હતું, પરંતુ પાછળથી ગુપ્ત વંશના રાજા ચંદ્રગુપ્ત (બીજા)ના વિક્રમ અને 'વિક્રમાદિત્ય' આદિ બિરદોને લઇ એનું નામ આ સંવત સાથે જોડવામાં આવ્યુ હોય. પરંતુ એ કલ્પના ત્યારે જ વાજબી ગણાય, જ્યારે ચંદ્રગુપ્ત પહેલાં વિક્રમ નામનો કોઇ રાજા પ્રસિદ્ધ થયો ન હોય. પરંતુ 'ગાથા સપ્તશતિ' પરથી જણાય છે કે એ પુસ્તક સંગૃહિત હોવા પૂર્વે વિક્રમ નામનો રાજા થએલો (ગાથા ૪૬૪, વેબરનું સંસ્કરણ). આ પરિસ્થિતિમાં એમ માનવું પડે છે કે કાં તો આ સંવત સાથે જોડાએલા નામવાળો વિક્રમ માલવ જાતિનો મુખી યા રાજા હશે, અથવા ચંદ્રગુપ્ત (બીજા)ની પહેલાંનો એથી કોઈ ભિન્ન રાજા હશે.

વિક્રમ સંવતનો પ્રારંભ કલિયુગ સંવતથી (૫૦૧૯–૧૯૭૫=) ૩૦૪૪ વર્ષ વીતતાં મનાય છે. એમાંથી ૫૭ કે ૫૬ બાદ કરતાં ઈસવીસન અને ૧૩૫ બાદ કરતાં શક સંવત આવે છે. એનો પ્રારંભ ઉત્તર હિંદુસ્તાનમાં ચૈત્ર શુદ ૧થી ને દક્ષિણમાં કાર્તિક શુદ ૧થી થાય છે. જેથી ઉત્તરી (ચૈત્રાદિ) સંવતનો દક્ષિણી (કાર્તિકાદિ) સંવત કરતાં ૭ મહિના પહેલાં પ્રારંભ થાય છે. ઉત્તર હિંદુસ્તાનમાં મહિનાનો પ્રારંભ વદ ૧થી ને અંત શુદ ૧૫ના થાય છે, જ્યારે દક્ષિણમાં પ્રારંભ શુદ ૧થી ને અંત વદ અમાવાસ્યાથી થાય છે. આથી ઉત્તરી વિક્રમ સંવતના મહિના પૂર્ણિમાંત અને દક્ષિણના અમાંત (દર્શાંત) કહેવાય છે. કાઠિયાવાડ, ગુજરાત તથા રજપુતાનાના કેટલાક ભાગમાં વિક્રમ સંવતનો પ્રારંભ આષાઢ શુદ ૧થી પણ થાય છે, જેથી તે 'આષાઢાદિ સંવત' કહેવાયો છે. અમદાવાદથી ૧૨ માઇલ પર આવેલ અડાલજની વાવના અને ડુંગરપુરના શિલાલેખોમાં તથા 'પ્રભાસક્ષેત્ર તીર્થ યાત્રાક્રમ' આદિ પુસ્તકોમાં 'આષાઢાદિ વિક્રમ સંવત' મળી આવે છે. (ભારતીય પ્રાચીન લિપિમાળા)

વિકાસનું વિજ્ઞાન

'ઉષ્ણતામાન'માં થનારા ફેરફારોનું આગળથી અનુમાન કરી શકાય એવા યંત્રોની શોધો અમેરિકામાં ચાલુ છે. કેરોલીના સ્ટેટ યુનિવર્સિટી (અમેરિકા)ના પ્રો. હેકનો ફાળો આ ક્ષેત્રમાં મહત્ત્વનો છે. તેમણે એક એવું થર્મોમીટર તૈયાર કર્યું છે કે જેથી આવતી કાલના 'ઉષ્ણતામાન'નું અનુમાન આજે કરી શકાય. પ્રો. હેક જણાવે છે કે પૃથ્વીની સપાટી ઉપર પડેલી ગરમીનું જ્યારે પરાવર્તન થાય છે ત્યારે તેનો હવામાંનો ભેજ ચૂસી લે છે અને તેનું ફરીથી પરાવર્તન થાય છે. આમ હવામાંથી પૃથ્વી ઉપર પુનઃપરાવર્તન થતું હોય ત્યારે થર્મોમીટર ઉષ્ણતામાન નોંધે છે. આજની તારીખના ઉષ્ણતામાનમાં અને આવતી કાલના ઉષ્ણતામાનમાં શો ફેર થશે તે આ ઉપરથી જાણી શકાય છે. યંત્રમાં જેમ જેમ સુધારો થતો જશે તેમ તેમ બીજા દિવસનું મૅક્સીમમ અને મીનીમમ-વધુમાં વધુ અને ઓછામાં ઓછું ઉષ્ણતામાન નક્કી કરી શકશે. (રા. ન. દેસાઈ)

જાપાનના રેશમના ઉત્પાદન સામે એક નવો હરીફ જાગ્યો છે. રેશમ જેવી જ ચમક અને એવી જ બારીકી ધરાવતા એ પદાર્થનું નામ 'પોલીવીનીલ ઍસેટલ રેઝિન'. કુદરતી રેશમ જેટલા જ મજબૂત એના તાંતણા હોવા ઉપરાંત તે અગ્નિથી અને પાણીથી અભેદ્ય છે. અને એ શામાંથી બનાવવામાં આવ્યો છે, જાણો છો? મીઠું, કોલસો, ચૂનો અને હવામાંથી. એ એના જેવા જ રેશમના બીજા હરીફ પદાર્થ 'નીલોન'ને મળતું આવે છે ને એને 'વિન્યોન'નું નામ આપવામાં આવ્યું છે. ઉપરાંત, પરદા, માછલાં પકડવાની જાળો તથા વીજળીક ઈન્સ્યુલેટર્સમાં પણ તે ખપ લાગશે.


અમેરિકાની જનરલ ઈલેક્ટ્રીક કંપનીની ઈમારત પરના સર્ચલાઈટમાં એક નવા જ પ્રકારનો ખૂબ પ્રબળ દીવો મૂકવામાં આવનાર છે. એ દીવાનું કદ માત્ર સિગારેટ જેવડું હોવા છતાં તે અઢી કરોડ કૅન્ડલપાવર જેટલો પ્રકાશ આપશે.



રામકૃષ્ણ પરમહંસનું મંદિર · બેલૂડ


જ્યારેજ્યારે કલકત્તા જાઉં છું, ત્યારેત્યારે રામકૃષ્ણ મિશનવાળો બેલૂડ મઠ જોયા વગર રહેતો નથી. ત્યાં કોઇ અમેરિકન બાઈના પૈસામાં થોડાક દેશી પૈસા ઉમેરી, મિશનવાળાઓએ રામકૃષ્ણ પરમહંસનું આ મંદિર બાંધ્યું છે. આઠ નવ લાખ રૂપિયા ખરચાયા હશે. પૂર્વ હિંદુસ્તાનમાં આટલું મોટું અને ભવ્ય મંદિર બીજું નથી મારી કલાની દૃષ્ટિએ આ મંદિર અપ્રતિમ છે. એમાં જે નવ ગ્રહની મૂર્તિઓ છે તે શાન્તિનિકેતનવાળા નંદબાબૂએ દોરેલાં ચિત્રો પ્રમાણે બનાવેલી છે. બદામી રંગના પથ્થરનું આ મંદિર સૌન્દર્ય સાથે સાદગી અને પ્રસન્નતા સાથે તપસ્વિતા વ્યક્ત કરે છે. મંદિરોમાં જે જે સુધારા કરવા જેવા છે. તે આમાં કરેલા છે. કયાંય અંધારૂં ન મળે. સર્વ ધર્મ અને સર્વ પંથના માનવીઓને આમાં પ્રવેશ છે. મંદિર નવું જ હોવાથી એમાં હજી બદીઓ પેઠી નથી; અને નવું છતાં હજારો યાત્રીઓ અહીં દર્શને આવી અને એના ઉત્સવમાં ભાગ લઈ પ્રાચીન મંદિરોની પવિત્રતા એને અર્પણ કરે છે.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર



શ્રી ઉમાશંકર જેઠાલાલ જોષી

જેમને અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાએ ૧૯૩૯નો 'રણજીતરામ સુવર્ણચન્દ્રક' આપવાનું ઠરાવ્યું છે.



ડાબી બાજુ: આ અંકના પૃ. ૧૭૧ ઉપર જેનો નિર્દેશ કરેલો છે તે પ્રસંગવાળી કવિતા –'ઊગી ઉષા'-મૂળ જે સ્વરૂપે લખાઇ તે દર્શાવતું શ્રી ઉમાશંકરની કાવ્યપોથીમાંનું આ પાનું, તેમના હસ્તાક્ષર તથા કવિતા કઈ રીતે લખાય છે તે પણ દર્શાવે છે. કેટલીકવાર લીટીઓની લીટીઓ કવિચિત્તમાં સળંગ સ્ફુરતી આવે છે ને લખાતી જાય છે; કેટલીકવાર એક અથવા ઘણા ફેરફારો, ભાવ અને શબ્દના, થયા કરે છે.